# સંકલ્પસિધ્ધિના સોપાન

ડૉ. કનુભાઈ શેઠ
ગુણવંત બરવાળિયા

# કથાનુયોગ

વિશ્વભરના ધર્મે અને સાહિત્યે દૃષ્ટાંત કથાનો સહારો લીધો છે. બાલદશાના શ્રોતાઓ અને વાંચકોને ધર્મ અને તત્ત્વના ગહન રહસ્યો સરળતાથી રસમય રીતે સમજાય એ તેનો મુખ્ય ઉદ્દેશ છે. કથાઓ દ્વારા પરિચિતતાની માધુરી અને અપરિચિતતાનો આનંદ આપી શકાય છે. દ્રવ્યાનુયોગ, કથાનુ યોગ પર સવાર થઈ વાચકના હૃદય સુધીની યાત્રા કરે છે.

જૈન કથાનકોની વિરાટ સૃષ્ટિ આપણી અમૂલ્ય સંપદા છે. જૈન દર્શનને જગત સુધી પહોંચાડવા માટે કથાનુયોગ સૌથી વધુ ઉપકારક બની શકે છે. પ્રત્યેક આગમમાં કથાનુયોગ અભિપ્રેત છે.

કાદમ્બરીનો ભાવાનુવાદ કરનાર કવિ ભાલણની ઉક્તિ અમારા હૃદયભાવને વાચા આપે છે.

"મુગ્ધ રસિક સાંભલવા ઇચ્છી પણ પ્રીચ્છીનવ જાય
તેહને પ્રીચ્છવા કારણે કીધું ભાલણે ભાષાબંધ"

મુગ્ધ રસિક શ્રોતા સાંભળવા અને સમજવા ઇચ્છે છે, પરંતુ સમજી શકતા નથી એને સરળરીતે સમજાવવા આ આસ્વાદ-ભાવાનુવાદનો પુરુષાર્થ કર્યો છે.

શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ એન્ડ
ચેરીટીઝ મુંબઈ-૮૦ પ્રેરિત પ્રકાશન

કથાશ્રેણી પુષ્પ - ૨

ઉત્તમકુમારની કથા

# સંકલ્પસિધ્ધિના સોપાન

સંશોધન અને સંપાદન
**ડૉ. કનુભાઈ શેઠ**

સહસંપાદન
**ગુણવંત બરવાળિયા**

-: પ્રકાશક :-
**સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ
લિટરરી રીસર્ચ સેન્ટર**
SPRJ કન્યા શાળા ટ્રસ્ટ, શ્રી જગદીશ બોડા વિદ્યા સંકુલ,
કામાગલી, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.
ફોન : ૫૧૬ ૩૪૩૪, ૫૧૫ ૫૪૭૬

SANKALPSIDDHINA SOPAN
Edited by : Dr. K. V. Sheth &
Gunvant Barvalia

June - 2001

© પ્રકાશક

મૂલ્ય : રૂા.૫૦/-

પ્રકાશન સૌજન્ય :
શ્રી મુલુન્ડ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ એન્ડ
ચેરિટિઝ, મુંબઈ - ૮૦.

પ્રકાશક :
**સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર**
પી. એન. દોશી વિમેન્સ કોલેજ ઓફ આર્ટસ્
SPRJ કન્યા શાળા ટ્રસ્ટ, શ્રી જગધીર બોડા વિદ્યા સંકુલ,
કામાગલી, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.

પ્રાપ્તિ સ્થાન :
- નવભારત સાહિત્ય મંદિર
  ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.
  ગાંધી રોડ, દેરાસર પાસે, અમદાવાદ-૧.
- પ્રવિણ પ્રકાશન, ઢેબર ચોક,
  લાભ ચેમ્બર્સ, પહેલે માળે, રાજકોટ-૧.

મુદ્રક :
નિતીન બદાણી - અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ
પંતનગર, ઘાટકોપર. ફોન : ૫૧૧ ૪૩૪૧, ૫૧૧ ૯૧૫૨

# સંપાદકીય

માનવહૃદયમાં જિજ્ઞાસા અને કુતૂહલની લહેરોને એકઠી કરી ક્રમે-ક્રમે સંતોષવાની અદ્‌ભૂત શક્તિ કથામાં રહેલી છે અને તેથી જ શ્રોતાજનો કથા સાંભળતી વખતે તેમાં લગભગ એકાકાર થઈ જાય છે. કથાએ માનવજાત માટેનો અણમોલ વારસો છે. આબાલ-વૃદ્ધ દરેક માનવીને કથા-વાર્તામાં અખૂટ રસ પડે છે. આવી જ ધર્માચાર્યોએ કથાઓ-વાર્તાઓ દ્વારા ધર્મોપદેશ આપ્યો છે. કથા સાહિત્યને પોતાની આગવી એક વિશિષ્ટતા છે. કથા જેટલી સહજતા-સરળતાથી વાંચી કે સાંભળી શકાય છે, તેટલી જ સરળતા-સહજતાથી યાદ પણ રહી જાય છે અને આથી જ તેની લોકપ્રિયતા વિશેષ સ્થાપિત થાય છે.

પ્રસ્તુતકથા 'સંકલ્પસિદ્ધિના સોપાનો' ઉત્તમકુમાર ચરિત્રરૂપે જૈન કથાકોશ સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. મુનિ સોમસુંદરના પટ્ટશિષ્ય સહસ્ત્રાવધાની મુનિસુંદરગણિના શિષ્ય શુભશીલગણિએ વિ.સં. ૧૫૦૯ (ઈ.સ: ૧૪૫૨)માં ભરતેશ્વરબાહુબલવૃત્તિ (સંસ્કૃત)ની રચના કરી. તેમાં 'ઉત્તમકુમારચરિત્ર' ના શીર્ષક હેઠળ પ્રસ્તુત કથા મળી આવે છે. આ પછી અનેક જૈનાચાર્યો અને વિદ્વાનોએ પ્રસ્તુત કથાની મહત્તા અને વિશેષતાને લક્ષમાં લઈ વિવિધ ચરિત્રો, આખ્યાનો સુંદર રીતે આલેખ્યાં છે. જે નીચે મુજબ છે.

જિનકીર્તિસૂરિ કૃત 'ઉત્તમકુમારચરિત' (સંસ્કૃત) ૧૫મી સદી

સોમમંડનગણિ કૃત 'ઉત્તમકુમારચરિત' (સંસ્કૃત) ૧૬મી સદી

ચારુદત્ત કૃત 'ઉત્તમકુમારચરિત' (સંસ્કૃત) ૧૫મી સદી

જિનહર્ષ કૃત 'ઉત્તમકુમારચરિત' (સંસ્કૃત-ગદ્ય) ૧૭મી સદી

સુમતિવર્ધન કૃત 'ઉત્તમકુમારચરિત' (સંસ્કૃત) ૧૯મી સદી

જિનહર્ષ કૃત 'ઉત્તમકુમારચરિત'નું જર્મન વિદ્વાન વેબરે જર્મન ભાષામાં અનુવાદ ઇ.સ. ૧૮૮૪માં કર્યો છે.

આ ઉપરાંત ગુજરાતમાં ચારેક કર્તાઓની રાસ રચના મળે છે.

(૧) લબ્ધવિજયકૃત ઉત્તમકુમારનો રાસ (ઈ.સ. ૧૬૪૪)

(૨) જિનહર્ષ કૃત ઉત્તમકુમારનો રાસ (ઈ.સ. ૧૬૮૮)

(૩) વિનયચંદ્ર કૃત ઉત્તમકુમાર રાસ (ઈ.સ. ૧૬૯૫)

(૪) રાજરત્ન કૃત ઉત્તમકુમાર રાસ (ઈ.સ. ૧૭૯૫)

પ્રસ્તુત કથાનો કથાનાયક ઉત્તમકુમાર એક રાજકુમાર છે, જે અનેક વિવિધ વિદ્યાના કુબેર ભંડાર સમાન છે. સાથોસાથ જેણે ધર્મગુરુઓ પાસેથી ધર્મતત્ત્વ, સમ્યકૃત્વ ગ્રહણ કર્યુ છે. માતા-પિતાના રોજિંદા ક્રમમાંથી પ્રતિક્રમણ, સામયિક જેવી રોજિંદી ધાર્મિકક્રિયાઓ પણ અપનાવી છે આથી તે સાહસ અને શૌર્યની દિશામાં પ્રયાણ કરે છે, ત્યાં તે સફળતા-સિદ્ધિ પ્રાપ્ત કરે છે. સંકલ્પશક્તિ, મનોબળ અને આત્મવિશ્વાસને અક્ષુણ્ણ રાખી જીવનરણ પર આવતી વિપત્તિ, સંકટ, મુશ્કેલી સામે ઝઝુમતા અંતે કેટકેટલી ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે સુંદર રીતે દર્શાવવામાં આવ્યું છે.

'સંકલ્પસિદ્ધનાં સોપાન' દ્વારા પ્રેરણા આપવામાં આવે છે- માનવીને પોતાની આવશ્યકતા-જરૂરિયાતોને મર્યાદિત કરી, ક્રમશઃ ઘટાડીને દાન, પરોપકાર જેવી ઉત્તમ ક્રિયા કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. પૂર્વભવમાં અજ્ઞાનવશ બેભાનપણે જે અસત્કાર્યો, ભૂલ થઈ જાય છે. તેનું ફળ એના પછીના પ્રાપ્તભવમાં મળે છે. જ્યારે તે દુઃખ, વિપત્તિથી ગભરાયા, અકળાયા વિના ધર્માચરણ, સદ્પ્રવૃત્તિ, પરોપકાર જેવી ક્રિયાઓ દ્વારા અને સંકલ્પશક્તિ, આત્મવિશ્વાસ દ્વારા તેમાંથી માર્ગ પ્રાપ્ત થઈ શકે છે તે પણ રોચક રીતે દર્શાવવામાં આવ્યું છે.

આ પુસ્તિકા તૈયાર કરવામાં અમને ડૉ. કલ્પના કે. શેઠનો સહકાર સાંપડ્યો છે. જેમનો અમે ખાસ આભાર માનીએ છીએ. આશા છે કે અમારો આ પ્રયાસ વિશાળ વાચક સમુદાયને ગમશે.

કનુભાઈ શેઠ

ગુણવંત બરવાળિયા

# સંકલ્પસિદ્ધિના સોપાન

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અનેક નગરીઓ. તેમાં કાશી, બનારસ અને વારાણસી એવી ત્રિનામધારી નગરી. તેની ત્રિવિધ વિશિષ્ટતાઓ બાહ્ય શોભા, વિદ્વતા, અને ધાર્મિકતાથી જગતભરમાં વિશિષ્ટ સ્થાન ધરાવતી હતી. ભાગીરથી નદીને કિનારે વસેલી તે નગરીની શોભા અનુપમ, અદ્વિતીય હતી. ત્યાંના મહેલ, ભવન, પ્રાકાર, તોરણ, ઈન્દ્રપુરીની શોભા સાથે હરીફાઈ કરતા હોય તેવા દેદીપ્યમાન, શોભતા હતા. વારાણસી નગરી પરમ અલંકારયુક્ત, પરમ ઐશ્વર્યયુક્ત ઉત્તમગુણોના જન્મ સ્થાનરૂપ, દરેક પ્રકારના વિજ્ઞાન, કૌતૂક, સાહસરૂપી ઈન્દ્રજાળયુક્ત અને ન્યાયમાં નિપુણ એવા પરમ ઐશ્વર્ય ગુણ માટે જગતભરમાં વિખ્યાત હતી.

તે વારાણસી નગરીમાં રાજા મકરધ્વજ રાજ્ય કરતાં હતાં. તેમની કારકીર્દિ પણ રત્ન સમાન ઉજ્જ્વળ હતી. તેણે ચંદ્રમા જેવા શ્વેત કિરણોરૂપી નિર્મળ યશ વડે દશે દિશાઓના વિસ્તારને શ્વેત બનાવ્યો હતો અર્થાત્ તેની નિર્મળ કીર્તિ દશે દિશામાં ફેલાયેલી હતી. તેને આશ્રય રહેલ યાચકવર્ગને તે નાના-મોટા દાન, ઉપભોગની સામગ્રીથી સુખી-સંતુષ્ટ કરતો. પ્રચંડ ગાડાની ધૂસરી જેવા ભુજદંડની ચંડતાથી તેણે પૃથ્વીમંડળને ધારણ કર્યું હતું. ત્યાંના શ્રેષ્ઠીઓ, શાહુકારો, મહાજનો પણ દીન દુઃખી, નિરાધાર-અનાથ, વિધવા, ત્યક્તા, અબળાની સેવાર્થે, સહાયાર્થે સદાય તત્પર રહેતા. 'યથા રાજા તથા પ્રજા'' એ ઉક્તિ અનુસાર ત્યાંની પ્રજા પણ રાજાની જેમ ધાર્મિક અને દેશભક્ત હતી. ત્યાં નીતિ-ન્યાયનું વાતાવરણ ચોમેર જળવાઈ રહેતું. જેથી સર્વત્ર સંપ-સ્નેહ, શાંતિ પ્રવર્તતી. પ્રજા પણ સુખી, સમૃદ્ધ અને સંતોષી હતી. આપત્તિ, દુઃખ, સંકટ, લૂંટફાટ, ઝગડા, ચોરી, અન્યાય, અંધાધૂંધી જેવા અગ્રાહ્ય શબ્દો માત્ર તેમના શબ્દકોશમાં જ જોવા મળતાં, રાજા પોતે જ વિધ્વાન, વિદ્યાપ્રેમી, કલારસિક હોઈ ત્યાં અનેક વિદ્વાનો, કવિઓ, શાસ્ત્રકારોને આશ્રય મળતો. તેવા કલારસિકો, વિદ્વાનોથી રાજસભા શોભતી હતી. વિવિધ પ્રકારના ઉદ્યોગો, વ્યવસાયો પણ ત્યાં વિકસ્યાં હતાં, ખીલ્યા

હતાં.

મહારાજા મકરધ્વજને સાક્ષાત્ લક્ષ્મી જેવી લક્ષ્મીવતી રાણી હતી. નિર્મળ દેહપ્રભાયુક્ત, બીજની ચંન્દ્રરેખા જેવી ઉન્નત, ઉચ્ચ ચારિત્ર્યયુક્ત, ઉચ્ચકુળવાળી, કુલીન ઘરાનાની, ઉત્તમગુણયુક્ત પત્ની લોકોમાં પ્રશંસનીય અને પ્રિય હતી. જેથી નૃપ મકરધ્વજ અને રાણી લક્ષ્મીવતી આદર્શ દંપતિ તરીકે સુવિખ્યાત હતા.

કોઈ એકવાર રાણી પોતાના મહેલના શયનકક્ષમાં સૂતી હતી ત્યારે તેણે એક મંદગતિ, મલપતી, વિજયીચાલે ચાલી આવતા નરકેસરીને પોતાના મુખકમળમાં પ્રવેશતો જોયો. આવા અનેરા અદ્‌ભુત સ્વપ્નથી તે જાગી ગઈ. કોણ જાણે કેમ કેસરીસિંહને જોયા છતાં મન ડરવાને બદલે પ્રસન્નતા, અવર્ણનીય આનંદ, સુખ-સંતોષની તૃપ્તિ સમ લાગણીઓ એકાએક કેમ ? શું આ સ્વપ્નનો ચમત્કાર ? મંદ-મંથર ગતિએ પતિને જગાડી સ્વપ્નથી વાકેફ કર્યા. રાજાએ સ્વપ્નપાઠકને બોલાવી રાણીના સ્વપ્નફળ વિષે પૂછ્યું. સ્વપ્ન પાઠકે ગણત્રી કરી જણાવ્યું "હે રાજન ! આપના ઘરે ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તિ થશે જે સાક્ષાત્-નરકેસરી સમ હશે". સ્વપ્નપાઠકની વાતથી દંપતિ ખુશ થયા. રાણી ખૂબ જતનપૂર્વક ગર્ભનું પાલન કરતી. નિયમિત રીતે ધાર્મિક ક્રિયામાં વ્યસ્ત રહેતી.

યથાસમયે રાણીએ કેસરીસિંહ સમાન ઉત્તમ ગુણયુક્ત, સુવર્ણ દેહક્રાંતિયુક્ત પુત્ર રત્નને જન્મ આપ્યો. નગરમાં ઉત્સવ, મહોત્સવો યોજાયા. ચોતરફ આનંદ, હર્ષ, કિલ્લોલની છોળો ઊડવા માંડી. રાજાએ દીન-દુઃખી, ગરીબ, અનાથમાં યથેચ્છ દાન પ્રવાહ વહેવડાવ્યો. નોકર-ચાકર, દાસ-દાસીને ઉત્તમ બક્ષિસો આપી. કારાગારમાંથી બંદીજનોને મુક્તિ આપી. ચોમેર હર્ષ, ઉલ્લાસનું વાતાવરણ સર્જાયું. બારમે દિવસે કુમારનો નામકરણ વિધિ કરી, 'ઉત્તમકુમાર' નામ આપવામાં આવ્યું.

પાંચ વરસનો થતાં તેને વિદ્યાશાળામાં મૂકવામાં આવ્યો, ધર્નુવિદ્યા, ગજવિદ્યા, અશ્વવિદ્યા, અસિવિદ્યા, વેપાર-વાણિજ્ય, રાજ-નીતિ, સંગીત-વિજ્ઞાન જેવી બોતેર કળામાં આઠ વર્ષનો થતાં તે પારંગત થઈ ગયો.

સદાચારી, યોગ્ય અને વિદ્યાના કલાગુરૂઓ દ્વારા તેણે ઉત્તમ વિદ્યા-કલા ગ્રહણ કરી. સત્ય, અહિંસા નીતિ-ન્યાય, પરોપકાર, પરદુ:ખભંજન જેવા ઉત્તમોત્તમ ગુણો તેનામાં બાલપણથી જ વિકસ્યા હતા. સામાયિક, પ્રતિક્રમણ, ચોવિહાર, એકાસણા, ઉપવાસ જેવી ધાર્મિક ક્રિયાઓ તેના રોજીંદા જીવનનો ક્રમ બની ગઈ હતી.

તેનું મિત્ર વર્તુળ પણ તેના જેવું જ વિદ્વાન, ન્યાય-નીતિપરાયણ, ધાર્મિકવૃત્તિ-યુક્ત હતું. તેઓ ભેગા થતાં ત્યારે અનેક વિષયો પર જ્ઞાનગોષ્ઠી, ચર્ચા કરતાં. નગરમાં સાધુ-મુનિ પધારે ત્યારે તેમના દર્શનાર્થે જતાં અને વ્યાખ્યાન, ધર્મોપદેશનો લાભ લેતાં. મિત્રો ભેગા થતાં ત્યારે ત્યારે પાપ-પુણ્ય, કર્મબંધ, સ્વર્ગ, નર્ક, જેવા ગહન અને ગુઢ વિષયો પર ચર્ચા કરતા. કુમારના નાનકડા મનપ્રદેશ પર એક પ્રશ્ન છવાતો, સ્વર્ગમાં સુખ અને નરકમાં દુ:ખ પ્રાપ્ત થાય છે તે સામાન્ય માણસ પણ જાણે છે. પાપ પ્રકૃતિથી નરકબંધ અને પુણ્યપ્રકૃતિથી સ્વર્ગબંધ થાય છે એ પણ સર્વવિદિત છે. લોકો પરનિંદા, પરપીડનવૃત્તિ, હિંસા, અસત્ય, વેર-ઝેર, ક્રોધ, માયા જેવા કષાયો વિષય લાલસા, ભોગ-વિલાસ જેવી પાપપ્રવૃત્તિમાં જેટલો સમય વીતાવે છે તેના કરતાં દશમા ભાગનો સમય પણ જો તે સદ્કાર્ય, દાન, પરોપકાર, સત્ય, નીતિ, ન્યાય જેવા કાર્યમાં વિતાવે તો તે જરૂરથી સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે. તો માનવ શા માટે નરક તરફ દોડતો હશે ? આવી તાત્ત્વિક-ગૂઢ ચર્ચાઓ દ્વારા તે મિત્રોને પણ મંત્ર-મુગ્ધ કરી દેતો.

એકવાર મિત્રો ઉદ્યાનમાં એકઠા થયેલા. વિવિધ વિષયો પર ચર્ચા ચાલતી હતી. કોઈ એકે કહ્યું "આપણે કેવા નસીબદાર, પુણ્યાત્મા હશું કે આપણને દુર્લભ, અલભ્ય મનાતો માનવભવ મળ્યો. તેમાં પણ આવું ઉત્તમ કુલીન કુળ, આવા સંસ્કારો અને આવી ઉચ્ચ મૈત્રી".. બીજાએકે કહ્યું "આવી ઉત્તમ સામગ્રીઓ મળી તો ગઈ પરંતુ સામગ્રીઓનો યોગ્ય સદ્ઉપયોગ કરવાની આપણી પાસે કોઈ કળા છે ખરી".

સુકુળમાં જન્મ કે ઉત્તમ વસ્તુઓની પ્રાપ્તિ થવાથી જ કાંઈ આત્મકલ્યાણ શક્ય નથી. કારણકે ત્યાં પણ ધર્મસામગ્રીઓનો યોગ અપેક્ષિત

છે. એ થયા પછી પણ શરીરની સુખાકારી જોઈએ. ત્યારે કુમારે કહ્યું, "અધિકાર વિના, પાત્રતા વિનાં ઉત્તમ વસ્તુઓની પ્રાપ્તિ થઈ જાય તોય તેનાથી કોઈ અર્થ સરતો નથી. જેવી રીતે મત્સ્યલોભી બગલો મુક્તાફળ પામે તોય શું કરે ! તેને તો માત્ર માછલામાં જ રસ હોય છે. એક અપેક્ષાએ એમ કહી શકાય કે વસ્તુ-સામગ્રી કરતા તો તે સામગ્રી કોની પાસે આવે છે તેને આધારે લાભ-નુકશાનનો નિર્ણય થાય છે... જેવી રીતે ગાય ઘાસ ખાય છે છતાં દૂધ બનાવે છે. અને સર્પ દૂધ પીવે છે છતાં તેમાંથી ઝેર બનાવે છે. આમ લાયક અને નાલાયકનો તફાવત સાપ અને ગાય જેવો છે. આ ઉપરાંત માનવી પાસે પુરૂષાર્થ બળ હોવું જરૂરી છે. તે પુરૂષાર્થબળ શારીરિકબળ નહીં પરંતુ આત્મિકબળ, જે કાંઈ પ્રાપ્ત થયું છે તે ઈશ્વર તરફથી ભેટ સ્વરૂપે છે તેમ માની તેમાંજ તૃપ્તિ, સંતોષ અનુભવે. કામ, ક્રોધ, માયા, મદ જેવા કષાયોપરનો વિજય, અને તો જ પુરૂષાર્થ બળ મળે. અને તો જ ભવસાગર પાર કરી શકાય, મધદરિયે ન ડૂબી જવાય.

તિર્યંચોના અવતારોમાંથી ભૂલો પડેલો આ જીવ માનવજન્મમાં પણ જો ભૂલો પડ્યે રાખે તો પછી તેને સંસારની રખડપટ્ટી, ચોરાસીલાખ યોનિના ફેરા સિવાય બીજું કાંઈ હાથમાં જ ન આવે. આમ સઘળી સામગ્રીઓની પ્રાપ્તિ સાથેના માનવજન્મને શાસ્ત્રકારો પ્રકાશનો જન્મ કહે છે.

અને આ પ્રકાશ સાથેનો જન્મ થવા છતાં પણ જે પ્રાપ્ય સામગ્રીઓનો સદ્ઉપયોગ કરવાની આવડત, કળા છે તેને માટે એક સુંદર હજામ અને પારસમણીનું ઉદાહરણ છે.!

અઘોર જંગલમાં અઘોર તપ કરતાં સાધુના માથામાં પૂષ્કળ જૂ થઈ ગઈ, ચટકા તો ભરેજ, સાધુ માથામાં હાથ નાખે કે પાંચ-સાત જૂ મરી જાય. તેણે એક હજામને બોલાવી સૂચના આપી કે તેણે જૂ ની હિંસા થતી અટકાવવા માટે વાળને એક-એક કરી કાપવો. હજામે સાધુની વિનંતીને અનુરૂપ એમ જ કર્યું અને તમામ જૂ બચી ગઈ.

હજામની આવી આવડત અને કળાથી સાધુ પ્રસન્ન થયા. તેઓ હજામને પોતાની ઝુંપડીમાં લઈ ગયા. વરસોથી તેમની પાસે એક પારસમણિ

હતો અને તે કોને આપવો તે પ્રશ્ન હતો. આ હજામ તેમને યોગ્ય લાગ્યો. તેમણે હજામને કહ્યું : 'ભાઈ આ પારસમણિ મારા માટે ઉપયોગી નથી. પણ તારે માટે કામનો છે. આ પારસમણિ તું લોખંડને અડાડીશ ત્યાંજ તે લોખંડ સોનામાં રૂપાંતર થઈ જશે. તું સુખી થા એવા મારા શુભાશિષ છે.'

હજામ તો ખુશ ખુશ થઈ ગયો. તે સાધુના પગમાં ઢળી પડ્યો અને તેની આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડ્યાં. તે વિચારતો, કેટલી મામૂલી સેવાનું કેટલું મોટું ફળ, મારો તો ભવ સુધરી ગયો. તેના આનંદને અવધિ નથી.

દુકાને જઈ પોતાના સલૂનમાં રહેલા અસ્રા, સાધનો, ખુરશી વગેરે જે લોખંડનું હતું તે બધુ જ તેણે સુવર્ણમાં રૂપાંતરિત કરી નાખ્યું, અને બહાર બોર્ડ લટકાવ્યું કે 'સોનાની ખુરશી પર બેસી સોનાના અસ્રા, કાતરથી વાળ કપાવવા અહીંયા પધારો'. આવો સુંદર પારસમણિ મળવા છતાં તેનો હજામનો ધંધો ન જ બદલાયો. જે પારસમણિ ટનબંધ લોખંડને સુવર્ણમાં રૂપાંતર કરવાની પ્રચંડ તાકાત ધરાવે છે. તેનો ઉપયોગ પણ તેણે કેવો મામૂલી રીતે કર્યો. માત્ર પોતાની દુકાન જ સુધારી.

આપણી પણ આવી જ દશા છે. પારસમણિ કરતાં પણ વધારે સામગ્રી મેળવનારી કૂચીઓ આપણી પાસે છે. પારસમણિ માત્ર સંપત્તિ જ આપી શકે. તે એક ભવ પૂરતું જ કામ આપી શકે. પરંતુ આપણને જે ધર્મસામગ્રીઓ ઉપલબ્ધ છે તેની તાકાત એ પારસમણિ કરતાં અનેકગણી વિશેષ છે, અનંતકાલિન છે. અને તે તાકાત આપણા અનંતાનંત ચાલતા આત્માના પરિભ્રમણને સ્થગિત કરી શકે છે. મોતને મહોત્સવમય બનાવી શકે છે. તેની તાકાત તો આલોક, પરલોક અને ભવોભવને સુવર્ણમય બનાવવાની છે. છતાં આપણે તે પ્રચંડ તાકાતવાળા આ જન્મનો ઉપયોગ શેમાં કરીએ છીએ. તે શાંત ચિત્તે વિચારવા જેવું છે.

ઉત્તમકુમારના આવા સુંદર કથોપદેશથી બધા જ ખુશ થઈ ગયા. કોઈ એકે કુમારને માનવ ઇન્દ્રિયોની તાકાત વિષે પ્રશ્ન કર્યો !

કુમારે કહ્યું. 'માનવના દરેક અંગો પાસે વિશિષ્ટ શક્તિ છે. પરંતુ આપણી મોટામાં મોટી કરુણતાએ છે કે આપણે આપણાં જીવન વ્યવહારને

તપાસી શકતા નથી કે તપાસવા ઇચ્છતા નથી. જીવનમાં નજર સમક્ષ બનતાં અનેકવિધ વિચિત્ર પ્રસંગોને જોવા છતાં પણ આપણે તેમાંથી કોઈ બોધપાઠ લેતા નથી. અને એમજ વ્યર્થ જીવન પસાર થાય છે. એને માટે આપણે જાગૃત થવાનું છે. અને જે સત્ય છે તે સત્યની સાથે દોસ્તી કરવાની છે.

આમ વાત-ચીત કરતાં ફરતાં ફરતાં ઘણો લાંબો સમય પસાર થયો અને સહુ પોત-પોતાના ઘેર પાછા ફર્યાં.

= X = X =

ઉત્તમકુમાર મનમાં નિયતિ, કર્મકૌતુક વિષે વિચારતાં રહેતો. તેને થતું, 'મનુષ્યે પોતાની કર્મપરીક્ષા કરવી જોઈએ. આજે મારી પાસે જે કાંઈ પણ છે તે બધું મારા પિતા તરફથી પ્રાપ્ત થયેલ છે. તેમાં મારું શું ? આ બધુ પિતાશ્રીની કર્મદશાનું પરિણામ છે. હવે તો હું મોટો થયો. મારે જાતે મહેનત કરી મારો ખર્ચ કરવો જોઈએ. અહીંયા પિતાજી પાસે રહીશ તો આવો અવસર મને મળશે નહી. જો હું પિતાની નજરથી દુર, અળગો થઈશ તો જ હું જીવનમાં કાંઈક કરી શકીશ. આમ કર્મ-કૌતૂક' પ્રારબ્ધની અજમાઈશના વિચાર સાથે તેણે દેશાટન, પરદેશગમન કરવાનું વિચાર્યું. પરાક્રમ, સાહસવૃત્તિ, બહાદુરતા તો તેનામાં હતી જ. આથી કોઈ એક દિવસે તે પોતાના કર્મ, પ્રારબ્ધ અને ગુણગ્રાહી સ્વભાવ-ત્રણ વસ્તુઓ સાથે લઈને અને રાજયસુખ, માતા-પિતાની શીળી છત્રછાયા અને આપ્તજન જેવી વારાણસી નગરી છોડીને ચાલી નીકળ્યો.

રાજયસુખથી ટેવાયેલો કુમાર વન-ઝાડી, જંગલના કાંટાળા, પત્થરીલા રસ્તા પર ચાલ્યો જાય છે. માર્ગમાં અનેક વિઘ્નો, પ્રતિકૂળતાઓ આવવા છતાં પણ તેના મનમાં પ્રસન્નતા, સ્વસ્થતા અને શાંતિ સ્થાપાયેલી છે. કારણ તે કૃતનિશ્ચયી છે. ક્રમશઃ ચાલતો તે મેવાડની રાજધાની ચિત્રકૂટગિરિ નગરમાં પહોચ્યો. થાકેલો નગર બહારના ઉદ્યાનમાં આરામ કરવા બેઠો છે.

ચિત્રકૂટ મેવાડનું મોટું શહેર છે. તે રમણીય છે અને કુદરતી પર્વતોથી સુશોભિત છે. ત્યાં મહીસેન નામે રાજા રાજ્ય કરે છે. પોતાના અસાધારણ સાહસ અને પવિત્ર પ્રભાવથી તેણે ત્રણે પ્રકારના ભૂત-પ્રાણી, મનુષ્ય અને દેવને વશીકૃત કર્યા છે. તે જેટલો પરાક્રમી, શૌર્યવાન અને શક્તિશાળી છે, તેટલો જ ગંભીર, ધીર, વીર અને ધર્મનિષ્ઠ છે. પોતાના બાહુબળથી રાજયનો સુપેરે વિકાસ કર્યો છે આથી તે વિશાળ સંપત્તિનો સ્વામી છે. બધુ જ સુખ હોવા છતાં એક વસ્તુની તેને ઊણપ છે અને તે પણ પહાડ જેવી વિશાળ, અને ઊંચી (મહત્ત્વની). તેને શેરમાટીની ખોટ છે. તે નિ:સંતાન છે, છતાં સંતાન સુખ-દુઃખ કર્મને આધીન છે, માની તેણે મન સાથે સમાધાન સાધી

લીધું છે. પ્રૌઢાવસ્થા પ્રાપ્ત થતાં તેનામાં વિરક્તિ ભાવ જાગ્રત થયાં છે. પરંતુ પુત્ર અભાવે રાજ્ય કોના હાથમાં સોંપવું ? પુત્ર-સંતતિ સમાન આ પ્રજાની તેને મન ખૂબ ચિંતા છે. પ્રજાને યોગ્ય રાજા મળે તેવી રાહ જોતો સમય પસાર કરે છે અને તેને વિશ્વાસ છે કે જરૂર તેને આવો કોઈ ઉત્તમપુરુષ મળી જ જશે.

સુજ્ઞ વિદ્વાન મનુષ્ય નિજના અભાવને કળવા દેતા નથી. તે અભાવની પૂર્તિમાં તેઓ કોઈક શોખ વિકસાવે છે. જેને સહારે તે પોતાના અભાવને વિસરી શકે. રાજા મહીસેને પણ અશ્વસવારીની પૂર્તિ વડે પોતાના અભાવને ભૂલ્યો હતો, ઢાંક્યો હતો. તેણે પોતાની અશ્વશાળામાં એક-એકથી ચઢિયાતા અશ્વો રાખ્યાં હતાં. વિવિધ પ્રકારના કુળના, જાતના, જૂથના, દેશોના અશ્વોથી તેની અશ્વશાળા શોભંતી.

રાજા નિયમિત રીતે પોતાના અશ્વરોહકની ટુકડીઓ સાથે સવારી કરવા નીકળી પડતો. જે ઉદ્યાનમાં ઉત્તમકુમાર છે ત્યાં રાજા મહીસેન અને તેના અશ્વરોહકોની ટુકડી આવી રહી હતી. ઉત્તમકુમારે અશ્વરોહીઓનો કાફલો જોયો. તેના નાયક કોઈ રાજ-રાજવી જણાતા હતા. તે પોતાના ઘોડાને એડી લગાવી દોડાવવાનો પ્રયત્ન કરતાં હતાં, પરંતુ ઘોડો ગતિ પકડતો નહીં. દેખાવે તો ઘોડો યુવાન, હૃષ્ટપૃષ્ટ અને તેજીલો હતો.

રાજાએ મંત્રીને કહ્યું, ‘મંત્રીવર ! દેખીતી રીતે આ અશ્વમાં કોઈ પણ પ્રકારની ઊણપ જણાતી નથી. તે ઉત્તમ જાતનો હૃષ્ટપુષ્ટ યુવાન અને તેજદાર લાગે છે. છતાં પણ તે ઝડપ-ગતિ પ્રાપ્ત કરી શકતો નથી. કેમ’

મંત્રીએ કહ્યું, ‘મહારાજ આ ઘોડાપર તમે હજી થોડા દિવસથી જ સવારી કરો છો. એટલે કદાચ ઘોડો તમને ઓળખી શક્યો નથી. કદાચ તમે ટૂંક સમયમાં તેની ખાસિયત જાણી શક્યા નથી.’

રાજાએ કહ્યું, ‘મંત્રીવર ! હું વારંવાર નિતનવા ઘોડા પર સવારી કરું છું. કદી આવું બન્યું નથી. આ ઘોડો તો મેં ઘણીવાર અજમાવ્યો છે. પરંતુ તેની ગતિ આમ આવી મંદ એકધારી જ રહે છે. આથી મને નવો

હોય કે તાલીમ વગરનો હોય તેમ જણાતું નથી. આ સિવાય બીજું કોઈ કારણ હોઈ શકે'.

મંત્રીએ કહ્યું, 'મહારાજ એમ જ હોય તો આપણે કોઈ અશ્વવિદ્યાના જાણકારનો સંપર્ક કરવો જોઈએ'.

આમ વાતચીત ચાલતી હતી ત્યાંજ રાજાએ કોઈ એક નવયુવકને પોતાની તરફ આવતો જોયો. યુવકે આવીને મુખ્ય માણસ જણાંતા રાજાને પ્રણામ કર્યા.

રાજા મહીસેન જાણી ગયા કે આ કોઈ પરદેશી યુવાન છે. જે કોઈ ઉત્તમ કુળનો, સંસ્કારી, વિનયી, વિવેકી, હોય તેમ જણાય છે. કુમારના પ્રણામ, અભિવાદનનો પ્રત્યુત્તર આપતાં રાજાએ કુમારને કહ્યું, 'યુવાન બાહ્ય દેખાવે તમે કોઈ ઉત્તમકુળના વિનયી, વિવેકી, સંસ્કારી ખાનદાન જણાઓ છો. ચિત્રકૂટનૃપ મહીસેન તેમના અશ્વરોહી દળ સાથે આપનું સ્વાગત્ત કરે છે. અને આપની ઓળખ જાણવા ઉત્સુક છે.'

ઉત્તમકુમારે પ્રત્યુત્તર આપતાં કહ્યું. 'ચિત્રકૂટનૃપ મહીસેનરાજ ! હું વારાણસીના રાજા મકરધ્વજનો પુત્ર ઉત્તમકુમાર છું. હું પરદેશ ભ્રમણાર્થે, કર્મકૌતૂક નિહાળવાર્થે અને પ્રારબ્ધને અજમાવવાર્થે નીકળ્યો છું.'

કુમારના પ્રત્યુત્તરથી હર્ષિત થયેલા મહીસેન રાજાએ કહ્યું, 'તમે રાજકુમાર છો તે આપના મુખારવિંદ પર જે સજ્જનતા-વિનય, વિવેકની આભા છે તે પરથી જણાતું જ હતું. પરંતુ આપ ઉત્તમોત્તમ નગરીના શ્રેષ્ઠ નૃપ મકરધ્વજના ઉત્તમ 'ઉત્તમકુમાર' છો જાણી આનંદ. હું હૃદયના સર્વ મંગલમય ભાવ અને આનંદ સાથે આપનું સ્વાગત કરું છું. આપના ચહેરા પરથી આપ અનેક વિદ્યાના જાણકાર છો તે પરખાઈ જાય છે. માટે હું આપને મારો પ્રશ્ન રજુ કરું છું. મને વિશ્વાસ છે કે આપ તેને હલ કરી શકશો. મારો આ યુવાન ઘોડો ઉત્તમ કુળ જાતિનો હોવા છતાં ગતિ પકડી શકતો નથી કેમ ?''

કુમાર તો અશ્વવિદ્યામાં પ્રવીણ હતો. પોતે પણ અશ્વોનો શોખીન

હતો. તે વછેરા પાસે ગયો. તેને બરાબર નિહાળ્યો, તેના અંગોપાંગનું પરીક્ષણ-નિરીક્ષણ કર્યું અને પછી કહ્યું, 'હે રાજન્ ! મેં અશ્વવિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત તો કર્યું જ છે. મારી માન્યતા પ્રમાણે આ વછેરાએ તેની બાલ્યાવસ્થામાં ભેસનું દૂધ પીધું હશે. જેથી તેની ગતિ મંદ છે.'

કુમારના પ્રત્યુત્તરથી રાજા મહીસેન અવાક્ થઈ ગયા. પ્રસન્ન થઈ તેઓ કુમાર સામે તાકી જ રહ્યા અને પુછ્યું, 'કુમાર શું તમે અંતર્યામી છો ? આ તમે કેવી રીતે જાણ્યું ? આ વછેરાને જન્મ આપતાંવેંત જ તેની માતા મરણ પામી હતી. તેથી અમે તેને ભેંસનું દૂધ પાઈ ઉછેર્યો છે. ખરેખર તમારી પારખુ નજરને ધન્યવાદં.'

કુમારે કહ્યું, 'રાજન્ ! ભેંસનું દૂધ પચવામાં ભારે હોય છે. તેનાથી વાયુ ઉત્પન્ન થાય છે અને વાયુની અસરને લીધે ગતિ મંદ થાય છે. અશ્વવિદ્યાના જ્ઞાનથી આ રહસ્ય સહજ રીતે જાણી શકાય છે.'

નૃપમહીસેન ઉત્તમકુમારના જ્ઞાન-વિજ્ઞાન, સજ્જનતાથી પ્રભાવિત થયા તો હતાં જ. તેમણે મનોમન વિચાર્યું, 'હું જેની શોધમાં છું તે મને ઘેર બેઠાંજ આપમેળે પ્રાપ્ત થઈ ગયું છે. ભગવાને મને આવો સુવર્ણ અવસર આપ્યો છે તો હવે હું ચરિત્રમાર્ગ ગ્રહણ કરવા તત્પર થઈ જાઉં અને આ ઉત્તમકુમારનો રાજ્યાભિષેક કરી આ ચિત્રકુટગિરિનો સમસ્તભાર તેને સોંપી હું ચિંતામુક્ત બનું'.

રાજા મહીસેન એને પોતાના મહેલમાં લઈ ગયા. તેને ખૂબ પ્રેમપૂર્વક સત્કાર્યો, આવકાર્યો. પોતાના પુત્ર જેમ તેની સાથે વર્તન કરવા માંડ્યું. એકવાર કુમારને પોતાની પાસે બેસાડી પ્રેમ-મમતાપૂર્વક કહ્યું, 'નરશ્રેષ્ઠ ઉત્તમકુમાર ! મારે તમને એક વિનંતી કરવાની છે. તમને કાંઈક આપી મારે મુક્ત થાવું છે. અને મને વિશ્વાસ શ્રદ્ધા છે કે તમે મને નિરાશ નહીંજ કરો. તમે કર્મકૌતૂક નિહાળવા, ભાગ્યની પરીક્ષાર્થે' ભ્રમણાર્થે નીકળ્યા છો. આપનું સદનસીબ અને સુકૃત્યો માત્ર તમારા જ નહી આપણાં બંને માટે આશીર્વાદરૂપ છે. હું આપને આ ચિત્રકૂટનગરનું રાજ્યગ્રહણ કરવા વિનંતી કરું છું. મારે તમારા જેવો કોઈ કુમાર-પુત્ર નથી. હું પ્રૌઢાવસ્થા પામી

ચૂક્યો છું. હવે મારે ચારિત્રમાર્ગ સ્વીકારવાનો છે, દીક્ષા અંગીકાર કરવી છે. તો આ રાજ્ય અંગીકાર કરી મને ચારિત્રગ્રહણ કરવાનો શુભ-ધન્ય અવસર પ્રાપ્ત કરાવો. મારા સદ્‌ભાગ્યે જ આપણું મિલન શક્ય બન્યું છે. આપનો રાજ્યાભિષેક કરી હું નિશ્ચિત બનીશ અને મને સંપૂર્ણ વિશ્વાસ છે કે તમે ચિત્રકુટગિરિની પ્રજાને મારા કરતાં પણ સવાઈ સાચવશો'.

કુમારે કહ્યું, 'પિતાતુલ્ય મહારાજ, પ્રથમ તો આપે આપના રાજ્યના ઉત્તરાધિકારી તરીકે મને લાયક માન્યો, મારી સજ્જનતાનો સ્વીકાર કર્યો તે માટે ધન્યવાદ. મનુષ્ય માત્રનું કર્તવ્ય છે કે કોઈના પણ ધર્મ-કાર્યમાં અંતરાયરૂપ ન થવું જોઈએ. શક્ય તેટલી બધી જ સાનુકૂળતાઓ તેને પ્રાપ્ત કરાવવી જોઈએ. અન્યને ધર્મક્રિયા માટે, ધર્માભિમુખ બનવા માટે જે જીવ રસ્તો મોકળો કરી આપે છે, સાનુકૂળતા આપે છે, તે એના પોતાના જ આત્મહિતની વાત છે. અને પોતાનું આત્મહિત કોણ ન ઈચ્છે ? અન્યાત્માને ધર્મપ્રવૃત્ત કરવાથી પ્રવૃત્ત કરાવનાર આત્મા પોતે પણ પરોક્ષરીતે ધર્મપ્રવૃત્ત થવામાં અને પાપનિવૃત્ત બનવામાં સહાયક થાય છે પરંતુ આપ જાણો છો કે હું કર્મકૌતૂક નિહાળવાર્થે નીકળ્યો છું. આખા જગતને ટચલી આંગળી પર રમાડનાર એ કર્મકૌતૂક મારે જોવું છે. આ જગતના સર્વ જીવોને તેણે બહુ સિફતપૂર્વક પોતાને તાબે રાખ્યા છે. એ કર્મે એવી વ્યવસ્થિત જાળ બિછાવેલી છે કે સર્વજ્ઞના શાસનને પામેલા જ એ જાળની ભયંકરતા જાણી શકે, તોડી શકે. આપણા જેવા પામરનું શું ગજુ કે તેને જાણી કે પિછાણી પણ શકીએ.'

પરંતુ હું આપને વિશ્વાસ આપુ છું કે મારું લક્ષ્ય, ધ્યેય અને ભ્રમણ તો પ્રારબ્ધ અને કર્મકૌતૂક નિહાળવાનું છે. તે પૂર્ણ થતાં જરૂર હું આપની સેવામાં હાજર થઈશ. મારા કથનમાં અવશ્ય વિશ્વાસ રાખી આપ ધીરજ ધરો એવી પ્રાર્થના છે.

રાજા મહીસેને કહ્યું, 'હું અવશ્ય પ્રતીક્ષા કરીશ.

કુમારે પોતાની વાત દોહરાવતાં કહ્યું, 'આપનો વિશ્વાસઘાત નહીં કરું. અને હું જરૂર આવીશ જ' કહી કુમાર આગળ ચાલવા માંડ્યો.

= X = X =

ગુજરાત રાજ્યમાં ભરૂચ એક સુંદર બંદર હતું. ગુજરાતમાં વેપાર-ધંધો ખૂબ ફુલ્યોફાલ્યો, વિકસ્યો હતો. ગુજરાતની પ્રજા વેપારી-વણિક. વેપારમાં નિષ્ણાત આ વેપારીઓ દુર-સૂદુર વેપારાર્થે ભ્રમણ કરતાં આથી ગુજરાતમાં બંદરો પણ વિકસેલાં. ભરૂચ તેમાંનું એક. ગુજરાત પવિત્ર-તીર્થભૂમિ મનાય છે કારણ કે ગુજરાતમાં અનેક સંતો-મહાત્મા, સાધુ, તીર્થંકરો થઈ ગયેલાં છે. તીર્થંકર શ્રીમુનિસુવ્રતસ્વામીએ આ ભૂમિ પર અનેક ચાતુર્માસ કરીને ભૂમિને પવિત્ર, પાવનકારી, મંગળકારી બનાવેલી છે.

ક્રમશઃ પ્રવાસ કરતો કુમાર ભરૂચ બંદરના કિનારે આવી પહોંચ્યો. એક તો કુદરતી બંદર, તેમાં અનેક મોટા વહાણો, વેપારીઓનો કાફલો, આ તેની શોભામાં વૃદ્ધિ કરતું. ક્યાંક વહાણમાંથી સામાન ઉતરતો હતો તો ક્યાંક વહાણમાં સામાન ચઢતો હતો. વેપારીની ચહલપહલ હતી. અનેકવિધ પ્રવૃત્તિઓથી બંદર ધમધમતું હતું. કુમાર માટે આવા દશ્યો અલભ્ય હતાં. તે કુતુહલથી બંદર પરની ગતિ વિધિ નિહાળી રહ્યો હતો. ફરતો ફરતો જે વહાણ ઉપડવાની તૈયારીમાં હતું ત્યાં આવી પહોંચ્યો. વહાણમાં કેટલાક માણસો સામાન લઈ જતા, પાછો લાવતા. સઢ ખેંચીને કિનારા તરફ લાવતા. ત્યાં એક શ્રેષ્ઠી વહાણના નાયક અને માણસોને સલાહ-સૂચન આપતો હતો. શેઠની નજર નવા આગંતૂક પર પડી. તેણે કુમાર પાસે આવી કહ્યું, 'હે ભદ્ર ! આજે આ બંદરગાહ પર આપને પ્રથમવાર જ જોતો હોઉં તેમ લાગે છે. આપના વહાણ આવવાના છે કે આપના વહાણ ભરાય છે ? તમે ક્યાં બંદરેથી વેપાર કરો છો ?

કુમારે કહ્યું, 'પુરૂષોત્તમ શ્રેષ્ઠી ! હું કોઈ વેપારી નથી. મારે વહાણ સાથે કોઈ ધંધો કે સંબંધ નથી. હું પરદેશ ભ્રમણાર્થે નીકળ્યો છું. ફરતાં ફરતાં ક્રમશઃ અહીં આવી પહોંચ્યો એટલે આ બંદરની કાર્ય-ગતિ નિહાળી રહ્યો છું. સ્વેચ્છાપૂર્વક વિચરું છું.

કુમારની વિનય, વિવેક અને આત્મીય રણકાયુક્ત વાણીથી શ્રેષ્ઠી પ્રભાવિત થઈ ગયા હતા. કુમાર કોઈ ઉચ્ચ કુલીન ઘરનો હોય તેમ લાગ્યું. તેનો સાથ માણવાની તેને ઈચ્છા થઈ. તેણે કહ્યું, 'હે કુમાર ! તમે જો

ખરેખર ભ્રમણાર્થે જ નીકળ્યા હોય તો અમારી સાથે દૂરદૂર દેશ ભ્રમણ કરવા આવો. આપણે સાથે હશું તો પરસ્પર મૈત્રી કેળવાશે. પરસ્પર વાતો કરતાં સમય પણ સારી રીતે પસાર થશે. મારું વહાણ હમણાં જ પ્રસ્થાન કરશે. આપની હાજરીથી મને વિશેષ આનંદ થશે, અને આપની દેશાટનની ઈચ્છા પણ પૂર્ણ થશે.'

કુમારે કહ્યું, 'આપના આમંત્રણ માટે આભાર. આપ ક્યું નામ ધારણ કરો છો ? આપ ક્યા નગર તરફ પ્રસ્થાન કરો છો. તે મને જણાવશો તો અનુગ્રહિત થઈશ.'

શ્રેષ્ઠીએ કહ્યું, 'ભદ્રે ! મારું નામ કુબેરદત્ત છે. હું આ ભરૂચ શહેરનો જ વેપારી છું. મારે દુરદુરના દેશો સાથે વેપાર છે. અત્યારે અમે શૂન્યદ્રીપથી આગળ વેપાર અર્થે જઈ રહ્યા છીએ માટે હું આપને આમંત્રણ આપુ છું.

કુમારે વિચાર્યું, 'સદ્નસીબે અણધારી સમુદ્ર યાત્રાની તક સામે ચાલી આવી રહી છે. સામે ચાલી આવેલી લક્ષ્મીને ન ઠુકરાવાય.' સમજી કુમાર પણ શ્રેષ્ઠી સાથે નાવમાં બેસી સમુદ્રયાત્રા માટે નીકળી પડ્યો. ખલાસીએ વહાણ હંકારવાનું શરૂ કર્યું.

વહાણે પોતાની જલયાત્રા આરંભી. સમુદ્રના વક્ષને ચીરતું વહાણ આગળ વધી રહ્યું હતું. ચોતરફ પાણી-પાણી જ. ઉપર આકાશ અને નીચે પાણી. બે તત્ત્વોનું અસ્તિત્વ દેખાતું. પાણીના અફાટ મોજા વહાણ સાથે અથડાતાં, સાથોસાથ પવનના સુસવાટા પણ તેમની પરોક્ષ હાજરીની ઝાંખી કરાવતા. વહાણમાં બેઠેલા શ્રેષ્ઠી કુબેરદત્ત અને ઉત્તમકુમાર વચ્ચે સારી મૈત્રી બંધાઈ ચૂકી હતી. નાવિક સિવાયના બધા પોતપોતાની આગવી ક્રિયામાં મશગૂલ હતાં. એકાએક વહાણ અટકી ગયું. કુમાર ચમક્યો ત્યાં જ મુખ્ય નાયકે આવી શ્રેષ્ઠીને જાણ કરી, 'શેઠશ્રી શૂન્યદ્વીપ આવી ગયો છે. નાવમાં પીવાનું પાણી ખૂટી રહ્યું છે. આગળ હવે બધું ખારું પાણી જ મળશે તો અહીંથી મીઠુ પાણી ભરી લઈએ.'

શ્રેષ્ઠીએ મંજુરી આપતાં બધાજ વહાણમાંથી નીચે ઉતરવા લાગ્યા. કર્મચારીઓ જલભંડારમાં પાણી ભરવા લાગ્યા ત્યારે શ્રેષ્ઠી અને કુમાર વહાણમાં બેસી વાતો કરી રહ્યા હતાં.

શ્રેષ્ઠીએ કહ્યું, 'આ સાગર જલધિ કહેવાય છે. કેટકેટલી નદીઓનાં પાણી એમાં એકત્ર થાય છે. કેટકેટલું અફાટ જળ એમાં સમાયેલું છે છતાં પણ કોઈ તરસ્યો એની તરસ ન છીપાવી શકે તે કેવું ?'

કુમારે કહ્યું, 'જેવું સાગર, જલધિનું છે તેવુંજ ધનવાનના ધનનું છે. ધનવાનનું ધન સાગર જેવું છે. ધનવાન કેટકેટલાં નિર્દોષને લૂંટીને પૈસા ભેગા કરે છે અને જ્યારે કોઈ દરિદ્ર, અસહાય ને ધનની જરૂર હોય ત્યારે એ ધન કોઈને ન આપે એનું ધન કોઈને ઉપયોગી ન થાય. એ ધન ખારા પાણી જેવું જ છેને.'

આમ વાત ચાલતી હતી ત્યાંજ ભયંકર ગર્જના સંભળાવા લાગી. બધાના મોઢા વીલાઈ ગયા. સર્વત્ર ભયનું વાતાવરણ સર્જાઈ ગયું. ડરનો માર્યો શ્રેષ્ઠી કુબેરદત્ત ધ્રૂજવા લાગ્યો. કુમાર પ્રચંડ ગર્જના, ભયનું વાતાવરણ સમજી શક્યો નહીં.

તેણે શ્રેષ્ઠીને પૂછ્યું, 'આ પ્રચંડગર્જના કોની છે ? બધા કેમ આટલાં ગભરાયેલા, મુંઝાયેલા જણાય છે.'

કુબેરદત્તે ધ્રૂજતાં, કંપતા સ્વરે કહ્યું, 'મિત્રવર્ય ! આ શૂન્યદ્વીપ લંકાદ્વીપ છે. અહીંયા ભ્રમરકેતુ નામે દૈત્ય રહે છે. તે જેટલો બળવાન પરાક્રમી છે તેટલો જ નિર્દય, ક્રૂર અને ઘાતકી છે. જ્યારે એ શાંત હોય છે ત્યારે નિરુપદ્રવી હોય છે અને પસાર થતા વહાણ શાંતિથી નિર્વિઘ્ને પસાર થાય છે. પરંતુ જ્યારે તે ક્રોધિત થાય છે ત્યારે આવી ભયંકર, ભયાનક ગર્જના કરે છે. ક્રોધાવેશમાં તે વહાણને ઉલટપુલટ કરી સમગ્ર વિનાશ નોતરે છે. બધા મુસાફરોનો વિનાશ કરે છે. થોડીવાર માટે જ આપણે ફસાઈ ગયા. થોડીવાર તે શાંત રહ્યો હોત તો આપણે નિર્વિઘ્ને આગળ વધી ગયા હોત. હવે તો તે ભયંકર ઉપદ્રવ મચાવશે, અમારાથી તેનો સામનો કરવો મુશ્કેલ બને છે.'

ઉત્તમકુમારે હિંમત-નીડરતાંપૂર્વક કહ્યું, 'શ્રેષ્ઠી આટલું ગભરાવવાની શું જરૂર છે ? ભય-ડર જ પરાજયની નિશાની છે. તમારા કહેવા પ્રમાણે જો મરવાનું નિશ્ચિત જ છે તો પછી આમ નીચી મૂંડીએ, ગભરાઈને કાયરની જેમ મરવાનો શો અર્થ છે ? મરવું જ છે તો પછી શા માટે મર્દાનગીથી હિંમત કેળવી સામનો ન કરવો ? દુશ્મનનો હિંમતપૂર્વક, નીડરતાથી સામનો કરતાં મૃત્યુ આવે તો પણ તે વીરગતિ પ્રાપ્ત કરે છે.'

કુમારના વચનો સાંભળતા શ્રેષ્ઠીના જીવમાં જીવ આવ્યો. તેને હિંમત અને આશ્વાસન મળ્યું. તેણે પોતાની વેપારી બુદ્ધિથી યુક્તિ કરી કુમારને કહ્યું, 'ક્ષત્રિય વીરપુરુષ ! તમે ક્ષત્રિય છો. તમારામાં શૌર્ય, વીરતા, બહાદૂરી, પરાક્રમ કુદરતી રીતે જ પ્રાપ્ત હોય છે. જ્યારે અમે તો ડરપોક-કાયર વાણિયા. તમારો ધર્મ લોકોની રક્ષા કરી જીવન બક્ષવાનો છે. સાચો ક્ષત્રિય એ જ છે જે પોતાના પ્રાણ સાટે અન્યની રક્ષા કરે છે.તમે તો અમારા બધાના રક્ષણહાર, તારણહાર છો.'

આમ વાત ચાલતી હતી ત્યાં તો ભ્રમરકેતુ દૈત્ય નજીક આવી પહોંચ્યો અને મુસાફરોને ઘસેડવા લાગ્યો. તે કોઈના વાળ પકડતો, કોઈના હાથ, તો કોઈના પગ, કોઈને ગળેથી પકડી ઘસેડતો. નિર્દોષ મુસાફરોનો નિર્દયરીતે સંહાર થતો જોઈ તે વીર ક્ષત્રિય કુમારનું યુવા લોહી તપી ઊઠ્યું. તે બેચેન બની ગયો. તેણે તરત જ મ્યાનમાંથી તલવાર કાઢી એકાએક દૈત્ય ભ્રમરકેતુ પર તુટી પડ્યો. પરસ્પર બંને બાખડવા લાગ્યા. દૈત્ય અને ક્ષત્રિય કુમાર પરસ્પર યુદ્ધ કરી રહ્યા હતા. ત્યારે શ્રેષ્ઠી અને તેનો કાફલો વહાણમાં ઊભા ઊભા આ તમાશો જોઈ રહ્યા હતા. કુમારના આક્રમણથી ભ્રમરકેતુ ગભરાયો. તેને લાગ્યુ કે 'શેરને માથે સવાશેર હોઈ શકે. તેનું પોતાનું એકચક્રી શાસન હાલક-ડોલક થતું દેખાયું. કુમારે એને એવો હંફાવ્યો-દોડાવ્યો કે ભ્રમરકેતુ થાકીને લોથ થઈ ગયો અને પોબાર થઈ ગયો. આ તરફ કુમાર જ્યારે દૈત્યને ભગાડવાની, હરાવવાની મહેનત કરી રહ્યો હતો ત્યારે કુબેરદત્ત પોતાના કાફલા સાથે વહાણ લઈ ચાલી નીકળ્યો હતો.

રાક્ષસને પરાજિત કરી કુમાર વહાણમાં બેસવા ગયો ત્યારે ત્યાં ન હતું વહાણ કે ન હતો શ્રેષ્ઠીમિત્ર. તેને થયું 'રે સ્વાર્થી માનવ જાત.' જેણે તારા પર ઉપકાર કર્યો, તમારા બધાની જાન બચાવી, તમારા દુશ્મનને પરાજિત કરી ભગાડ્યો, તમારા માથેથી ખતરો ટાળ્યો તેને જ છોડી કાયર તું ચાલી નીકળ્યો. ધિક્કાર છે તારી ધૂર્તતાને, તારી સ્વાર્થીવૃત્તિને. ક્ષત્રિયકુમારે મૈત્રી સાટે પોતાની માનવતા, પરોપકારવૃત્તિ અને ખાનદાની દર્શાવી જ્યારે શ્રેષ્ઠીવેપારીએ પોતાની સ્વાર્થીવૃત્તિ, કાયરતા, અને કૂપ મંડકતા દર્શાવી. દેખીતી રીતે બંને ભિન્ન પ્રકૃતિના; એક સદ્ગુણી, સત્કાર્યના કર્તા જ્યારે બીજો અવગુણી, અપકાર્યના કર્તા. ભલાઈ, માનવતા, પુણ્યકર્મો ઊપાર્જિત કરે છે. જ્યારે બુરાઈ, સ્વાર્થીપણું, નિરાશના પંથે પાપકર્મો ઉર્પાર્જિત કરે છે.

હવે શૂન્યદ્વીપ પર કુમાર એકલો છે. સૂમસામ જંગલ સામે છે. અગાધ-અફાટ મોજાંના સૂસવાટા કરતો સમુદ્ર, વન્યપશુની ગર્જનાઓનો ચિત્કાર. કુમાર બેઠો બેઠો વિચારે છે. આ સંસાર કેવો સ્વાર્થી છે. જેના પર ઉપકાર કર્યો તે જ મને એકલો દૈત્યવનમાં છોડી આમ ચાલી નીકળ્યો. કૃતઘ્નતા જેવું બીજુ ક્યુ પાપ હોઈ શકે ? કદાચ આમાં એનો પણ વાંક નહી હોય. આ તો બધો કર્મોનો ખેલ છે. કર્મની કરામત પણ અજબ છે. એક ભવે એક જીવ સાતમી નરકે હોય તો પછી તેજ ભવ પછીના કોઈ ભવે સ્વર્ગમાં હોય. ક્યારેક નિગોદની કેદ હોય કે વિકલેન્દ્રિયના અવતારની ભેટ હોય. કર્મ કદી કોઈ જીવને ક્યાંય સ્થિર થવા દેતાં નથી અને નવી ગતિમાં મળતાં નવા જન્મે એ સહુ જીવોને પોતાનું જીવન ટકાવવા નવેસરથી મહેનત કરવી પડે. સૌથી સફળ તારી કરામત તો એ જ છે કે તારું શરણું સ્વીકારનારને તે કાયમ માટે દબાયેલા જ રાખ્યા અને તારી સામે માથું ઊંચકનારને, કર્મબંધમાંથી મુક્ત થનાર જીવાત્માને તે તારા કેદમાંથી કાયમને માટે મુક્ત કરી દીધા. વાહ ! કર્મ તારી કળા પણ ન્યારી છે. ઘડીમાં તું હસાવે છે તો ઘડીમાં તું રડાવે છે.'

જ્યારે મારા પુણ્યોદય કર્મનો ઉદય થયો ત્યારે મહીસેન

ચિત્રકૂટગિરિના રાજા મારો રાજ્યાભિષેક કરી રાજ્ય આપવા તૈયાર થયા, અને હવે પાપોદય થતાં નિરાશ્રિત જેમ જંગલમાં એકાકી ભટકવું પડશે. પરંતુ હવે હતાશ-નિરાશ થયે કે ગભરાયે પાર આવે તેમ નથી. કારણ હું તો કર્મ કૌતૂક નિહાળવા નીકળ્યો છું. સુખ-દુઃખ તો અવિરત ઘટના છે. રાત્રિ-દિવસ, અંધકાર-પ્રકાશ જેમ નિરંતર ક્રમાનુસાર આવ્યા જ કરે છે. જોને હવે આ સૂર્યનો ક્રમ પણ પૂર્ણ થતો ચાલ્યો છે. એ પણ પોતાનું કાર્ય પૂર્ણ થતા પાછા ફરવાની તૈયારીમાં છે અને હવે અંધકારના ઓળા પથરાશે. આ સુખ-દુઃખ, દિવસ-રાત, પ્રકાશ-અંધકાર રથના પૈડાની જેમ ઉપર નીચે અવિરત ગતિ કર્યે જ રાખે છે.

રાત્રિના અંધકાર વ્યાપી ચૂક્યો હતો. કુમારે એક વૃક્ષ નીચે જ રાત્રિ પસાર કરી. સવાર થતાં ઊઠીને પ્રભુ સ્મરણ, સામાયિક ઇત્યાદિ રોજીંદી ક્રિયા પૂરી કરી મન સાથે સમાધાન કરી તે વનમાંજ રહેવાનો નિશ્ચય કરી તે વૃક્ષ પર લાલ ધ્વજ બાંધી નીચે નિવાસ કરવા લાગ્યો. હવે તે વનને તેણે પોતાના આવાસ તરીકે સ્વીકારી લીધું. તે પોતાના પ્રારબ્ધ અને કર્મની અજમાયશ કરવાનું વિચારતો. તેણે પોતાના મનની સમાધિ અકબંધ જાળવી રાખી હતી. જેથી વનમાં અનેક મુશ્કેલી-તકલીફોનો સામનો કરવાં છતાં પણ તે સ્વસ્થ રહેતો. તે વિચારતો 'उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्न वल्लय' તેણે વિચાર્યુ, 'નિકાચિત પાપકર્મનો ઉદય હોય તો ઉપસર્ગો આવે જ છતાં જિનાજ્ઞા પાલન-કરવાથી મનને શાંતિ મળે અને તેમાંથી માર્ગ, સમાધાન મળી જ રહે. તેણે શાસ્ત્રોમાંથી અનેક મહાનુભાવો, સંતોના ઉદાહરણો નજર સમક્ષ રાખ્યા. મહામુનિશ્રી ગજસુકુમારના મસ્તકે ખેરના અંગારા મુકાયા, મેતારજ મુનિના મસ્તકે ચામડાનાં વાઘર વીંધાયા, ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો ઘાણીમાં પીલાયા, સુકોશલ મુનિ વાઘણના જડબામાં ચવાયા, આવા મરણાન્ત ઉપસર્ગો આવા પુણ્યવંતા મહાત્માઓ પર પણ આવ્યા તો આપણી શું વિસાત ? અને આવા ઉદાહરણોને યાદ કરી મનની સ્વસ્થતા જાળવી રાખતો અને વિચારતો.

## સમાધિમય ચિત્ત એ સુખ
## સંકલેશ ગ્રસ્ત ચિત્ત એ દુઃખ

કોઈએક દિવસે એક દિવ્યરૂપા દેવાંગના રમણી તે વનમાં ફરી રહી હતી.' એનું આવું દિવ્યરૂપ સૌંદર્ય જોઈ કુમાર આશ્ચર્યમાં પડી ગયો. વિચારવા લાગ્યો, 'આ કોઈ વનદેવી જ હશે. એ દિવ્યસ્વરૂપા રમણીએ પણ વૃક્ષ નીચે સ્થિત કુમારને જોયો. કુમાર તો સાક્ષાત્ કામદેવનો અવતાર. તેને જોતાંજ તે રમણીનું મન ચોરાઈ ગયું. તે કુમાર પર મોહિત થઈ. લોહચુંબક જેમ તેના તરફ આકર્ષાતા તેની પાસે પહોંચી ગઈ.

તેણે કહ્યું, 'હેભદ્ર ! આજે આપણા પરસ્પરના પુણ્યોએ આપણે આમ અચાનક મળી ગયા. મને લાગે છે કે આપણું સર્જન એકબીજા માટે જ થયેલું છે. આપણો સબંધ માત્ર આ ભવ નહી પરંતુ ભવોભવનો હશે. માટે હવે આપણે બંને ગાન્ધર્વવિવાહ કરી આપણું જીવન સાર્થક કરીએ, સફળ કરીએ.'

રમણી દેવાંગનાની વાતથી આશ્ચર્યમાં ગરકાવ થયેલા કુમારે કહ્યું 'હે દેવી તમે કોણ છો ? તમે અહીંયા ઘોર વનમાં કેમ આવ્યા છો ?'

રમણીએ કહ્યું, 'કુમાર ! હું કોઈ સામાન્ય નારી નથી. હું તો આ વનપ્રદેશની અધિષ્ઠાત્રી દેવી છું. તમારા આજે નસીબ ખૂલી ગયા છે કે તમે મને પ્રાપ્ત કરી સ્વર્ગીય સુખો પ્રાપ્ત કરી શકશો, આજે તો તમારા પર આસક્ત થઈ મેં જ તમારી તરફ હાથ લંબાવ્યો છે. નહીંતર માનવના એવા પ્રારબ્ધ ક્યાંથી હોઈ શકે કે જે વનઅધિષ્ઠાત્રી દેવીને પ્રાપ્ત કરી શકે'. કુમાર વિસ્મિત નયને રમણી તરફ તાકી જ રહ્યો. તેને શું બોલવું અને આની સાથે કેમ વર્તવું તે સમજાતું જ નહતું. એકવાત તો એના મનમાં નિશ્ચિત હતી કે પોતે આ રમણી સાથે વિવાહ નહી કરી શકે.

ત્યાંજ પેલી રમણી ટહુકી ઊઠી, 'મારા ચિત્તચોર કુમાર ! શું વિચારો છો ? તમારી સમક્ષ સૌંદર્યવતી, રૂપવતી, મોહક સાક્ષાત્ કામદેવ પત્ની રતિના અવતાર સમી દેવાંગના ઉભી છે, તમને પ્રાર્થી રહી છે અને તમે

આમ બાધા જેમ મારી સામે તાકી રહ્યા છો ? શું તમને તમારી જાત પર વિશ્વાસ નથી તમે આને સ્વપ્ન માનો છો? આ સત્ય હકીકત છે. તમારી સમક્ષ વનઅધિષ્ઠાત્રીદેવી ઊભી છે. અને વિવાહ માટે પ્રસ્તાવ રજૂ કરે છે. ચાલો વિલંબ ન કરો'.

ઉત્તમકુમારે ગંભીરતાપૂર્વક કહ્યું, 'વનઅધિષ્ઠાત્રી દેવી ! તમારી આવી વાતો સાંભળી મને ખૂબ આશ્ચર્ય થાય છે. તમે આ દ્વીપની અધિષ્ઠાત્રી દેવી એટલે કે અહીંયાના લોકોની માતા છો, અને એ કારણે તમે પણ મારી માતા સમાન છો. આપ તો મારા કરતાં પણ વધારે સમજુ હોય. જેથી આપ જાણો છો કે માનવી અને દેવીનું મિલન શક્ય નથી. અને શક્ય બને તો પણ જામતું નથી. જેમ દૂધપાકમાં મીઠું શોભે નહી તેમ માનવી અને દેવ ના વિવાહ શક્ય નથી. હું સામાન્ય માનવી હોવા છતાં મારી ફરજ, મારું કર્તવ્ય, મારો ધર્મ, મારો અધિકાર પૂર્ણપણે જાણું છું. હું રાજકુમાર છું, છતાં ધર્મપ્રત્યે મારી ઊંડી શ્રધ્ધા, ભક્તિ છે. અને મારા ધર્મે મને કહ્યું છે કે **'પરદારેષુ માતૃત્વ'** અને એ જ મારો સિદ્ધાંત છે, આદર્શ છે. મારે આજીવન પરસ્ત્રી માતા-બેન સમાનનું વ્રત છે. તો હે માતા મને ક્ષમા કરો.'

છતાં પેલી હિંમત ન હારી. તેણે ફરી વિનંતી કરતાં કહ્યું, 'કુમાર ! તમે ધર્મનિષ્ઠ છો, તો અહિંસા ધર્મને જાણતાં જ હશો. તમને જોતાં જ હું તમારામય બની ગઈ, તેમાં આપણો ભવોભવનો સંબંધ પ્રસ્થાપિત હશે જ. હું તમને મારું દિલ દઈ ચૂકી છું. તમારો મારા જીવન સર્વસ્વ તરીકે સ્વીકાર કરી ચૂકી છું. અને હવે જો તમે મારો અસ્વીકાર કરશો તો ? મારું દિલ તૂટશે, આઘાત લાગશે, દુ:ખી થઈશ. કોઈનું દિલ દુ:ખાવવું એ હિંસા નથી ? હિંસા છે જ, તો હવે આપ આપનો ધર્મ સમજી મારો સ્વીકાર કરો.'

કુમારે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'હે માતા ! તમારું દિલ દુભાવવા કે તમને નિરાશ કરવાનો મારો કોઈ ઈરાદો નથી. હું મારો ધર્મ બરાબર જાણું છું. મેં જે ચારિત્ર ધર્મ સ્વીકાર્યો છે, તદાનુસાર મારે માટે પરસ્ત્રી માતા-બહેન સમાન છે. હું આપને વિનંતી કરુ છું કે મને કોઈપણ પ્રકારના પ્રલોભન આપ્યા વિના મને માફ કરી મને પુત્ર જેમ સ્વીકારવાની કૃપા

કરો.'

'અરે મૂર્ખ ! પામર જીવ તું મને શિખામણ આપી ધર્મનું આવું પ્રવચન આપવા બેઠો. હું તને વિનંતી સ્વરૂપે, નમ્ર સ્વરૂપે પ્રાર્થના કરતી હતી. પરંતુ તે મારો ક્રોધ નથી જોયો. તું જાણતો નથી કે દેવીની ઇચ્છા ઠુકરાવવાથી, માંગણીનો અસ્વીકાર કરવાથી પામર માનવીની શી દશા થતી હશે ! હજીપણ હું તને વિચારવાનો, મને તાબે થવાનો એક મોકો આપુ છું. નહીંતર તારા નસીબે જે શિક્ષા લખાયેલી હશે તે ભોગવવા તૈયાર રહેજે.' દેવીએ કહ્યું.

કુમારે તેટલીજ સ્વસ્થતા અને દૃઢતાપૂર્વક કહ્યું, 'હે માતા ! તમે તો સ્વર્ગની અપ્સરા, વનની દેવી છો. એટલે નમ્રતા એજ તમારું ભૂષણ છે. મહાન પુરૂષોની પ્રથમ ઓળખ તેની નમ્રતા, સૌજન્યતા અને વિવેક છે. આથી મા તમારી નમ્રતા, સૌજન્યતા માટે મને ઘણું માન છે, ગર્વ છે, અને એથી જ આપને વિનંતી કરું છું કે આપનામાં જે વિકાર દૃષ્ટિ ઉત્પન્ન થઈ છે, તેનો ત્યાગ કરી તમે મારો પુત્ર તરીકે સ્વીકાર કરો.'

કુમારના શબ્દો વનદેવીથી અસહ્ય થઈ પડ્યા. જ્યારે મનમાં વાસનાના વિકારનું ભૂત ઉત્પન્ન થાય છે ત્યારે ધર્મશાસ્ત્ર કે ચારિત્રની વાત તેના હૃદય સુધી પહોંચી શકતી નથી. તેણે તો મનને કાયાની ક્રિયામાં એકાગ્ર બનાવી દીધું છે. એટલે એની મનોવૃત્તિમાં સ્થૂળદેહ પ્રત્યેનું મમત્વ, વાસના અને વિષયકામના જ વ્યાપેલી રહે, સ્થપાયેલી રહે. અને તે પૂર્ણ ન થતાં તેનો અહમ્, ખુમારી, વિષયવાસના જાગૃત થાય છે જે તેને પાપક્રિયા ભણી દોરી જાય છે.

કુમારની આવી ધર્મનીતિ, વિવેકભરી વાતો સાંભળી દેવીની વાસના બેવડાઈ. વાસના સાથે તેનો અહમ્ પણ જોડાયો. તેણે પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી હાથમાં ખડ્ગ લઈ તાડુકવા માંડી. 'એ કમનસીબ માનવ ! અરે તુ તે કેવો ઘમંડી અને મિથ્યાભિમાની છે. વનઅધિષ્ઠત્રીદેવીએ તારી સમક્ષ પ્રેમ પ્રસ્તાવ મૂકવાની ચેષ્ટા કરી એમાં તુ છકી ગયો અને વનદેવીને ઠુકરાવીને જાતે જ મોતના મોંમા ધકેલાઈ ગયો. હવે તું માને છે કે તું જીવતો રહેવાનો ?

તે કદી દૈવીશક્તિ જોઈ છે ખરી ? આજે અંતિમ ઘડીએ તને દૈવીશક્તિનો પરચો મળશે. બોલ હવે તારી અંતિમ ઇચ્છા શું છે ? મોત કે દેવી સ્ત્રી ?'

કુમારે નતમસ્તકે વિનયપૂર્વક તેવી જ દઢતા અને સ્વસ્થત્તાથી કહ્યું, 'હે માતા મારો નિર્ણય અફર છે. આપ મમતામયી માતા બનો કે પુત્રઘાતિની માતા બનો તે તમારે વિચારવાનું છે, જોવાનું છે. આપ ખડ્ગ ચલાવી આપની શક્તિ અજમાવી શકો છો. મારે મન મારો ધર્મ-ચારિત્રધર્મ એજ સત્ય છે. હું બરાબર જાણું છુ કે સત્ય સાથેની દોસ્તી એ આગ સાથેની દોસ્તી છે. આગ કચરાને બાળે છે પણ સુવર્ણને તે વધુને વધુ વિશુદ્ધ કરે છે. એ જ રીતે આ સત્ય મારો નાશ કરશે, પરંતુ મારા આત્માને વધુને વધુ વિશુદ્ધ બનાવવાનો જ.'

પોતાની નિષ્ઠામાં અડગતા કેળવવી, તેને દઢતાપૂર્વક વળગી રહેવું અને કોઈપણ પ્રકારની લાલચ કે પ્રલોભનમાં ન ફસાવવા માટે અદ્ભૂત સત્ય હોવું જોઈએ. અને જેની પાસે આવું અદ્ભૂત સત્ય છે તે જ સફળતાને શિખરે પહોંચે છે, મંઝીલ હાથ કરી શકે છે. ચારેબાજુ પથરાયેલા પ્રલોભનના કીચડ વચ્ચે જે એકવાર પણ લપસી જાય છે, તે જીંદગી હારે છે, પરંતુ જે વગર લપસ્યે પોતાની નિષ્ઠાપૂર્વક મક્કમ પગલે પસાર થઈ શકે છે, તે જીવન તરી જાય છે. સંસાર સાગર પાર કરી જાય છે.

ક્ષણભરની ચૂપકીદી છવાઈ ગઈ. કુમાર તો નતમસ્તકે દેવી સમક્ષ ઉભો રહી ધર્મ સ્મરણ કરી રહ્યો છે. દેવીએ પોતાનું સૌમ્ય સ્વરૂપ ધારણ કર્યું. અને કુમારના મસ્તકે માનો મમતામયી સ્પર્શ કરતાં કહ્યું, 'હે ઉત્તમ પુત્ર ! તારી દઢતા અને ચારિત્રધર્મ નિષ્ઠાથી હું પ્રસન્ન છું. આવા ચારિત્ર્યવાનો વડે જ આ યુગમાં પૃથ્વી ટકી રહી છે. મારી પરીક્ષામાં તું સંપૂર્ણપણે ઉત્તીર્ણ થયો છે. જેમ અગ્નિ કંચનની પરીક્ષા કરે છે. તેમ પ્રલોભનો માનવીની પરીક્ષા કરે છે. આટઆટલા પ્રલોભનો આપવા છતાં તુ દઢ, મક્કમ સ્થિર રહ્યો એ તારી આધ્યાત્મિક શક્તિની દઢતા દર્શાવે છે. મારા તને સુભાશિષ છે કે તુ જીવનમાં ખૂબ પ્રગતિ, ઉન્નતિ કરશે. તારી પર પ્રસન્ન થઈ હું તને બાર કરોડ રત્ન રાશિ ભેટ સ્વરૂપે આપું છું. તો હે

પુત્ર તુ એનો સ્વીકાર કર.'

ચારિત્ર્યથી શું અપ્રાપ્ય છે ? તે આલોક અને પરલોક બંને સુધારી શકે છે. કુમાર વનપ્રદેશમાં હતો અને ચારિત્રધર્મ દ્વારા જ તેને બાર કરોડ રત્નરાશિ મળી ગઈ. આ ચારિત્ર પામવું કેમ ? તે તો ઉત્તમ ધર્મ સાધના દ્વારા જ પ્રાપ્ત થાય છે. તેને માટે ચિત્તમાંથી વાસના, વિકાર, લાલસા, પ્રલોભનો દુર થવા જોઈએ. સામાન્ય માનવી માટે આ શક્ય ખરું ? તિરાડ મળતાં પાણી તેમાં પ્રવેશી જાય છે. તેવી રીતે જીવને ઈન્દ્રયોના વિષયો મળતાં તેમાં ખેંચાઈ જાય છે. એ ખેંચાણમાંથી મુક્તિ મેળવવાનો પ્રયત્ન એ જ ધર્મસાધના. એ માટે મોહ, માયા, સ્વાર્થ, પ્રપંચ વગેરે પર અંકુશ કેળવવો જોઈએ.

બાર કરોડની રત્નરાશિ આપી દેવી અન્તર્ધાન થઈ ગઈ. કુમાર રત્નરાશિ તરફ જોતાં વિચારવા લાગ્યો. 'ચારિત્રવાન થવું એ જ માનવ જીવનું ઉદ્દેશ્ય છે. જે વ્યક્તિ ધર્મ અને કર્તવ્ય વચ્ચે સામંજસ્ય સ્થાપિત નથી કરી શકતો તે જીવનમાં ક્યારેય ચારિત્રવાન બની શકતો નથી, પછી તે વીર હોય, ધનિક હોય કે વિધ્વાન હોય. ચારિત્રહીન માનવી આ પૃથ્વીપર ભાર રૂપ છે, પશુ સમાન છે, માનવ જાતિ માટે કલંકરૂપ છે.

કુમાર ફરતો ફરતો જંગલમાં આગળ વધ્યો. આગળ જતાં તેણે એક દિવ્ય સુવર્ણ મહેલ જોયો. સુવર્ણમય જાણે રત્નમહેલ. તેના મહેલ, ભવન, પ્રાકાર, તોરણ રત્નોના બનેલા હતા. સર્વત્ર પ્રસરેલા રત્ન કિરણોથી સારી રીતે બંધાતા ઈન્દ્રધનુષ્યમાંથી ઉત્પન્ન થતી ક્રાંતિને લીધે તે આરસીમાં જાણે પોતાની શોભા જોઈ રહ્યું હતું. તેની સોનેરી આભાથી દીપ્ત મહેલ તે જાણે સૂર્યોદય થઈ રહ્યું હોય તેમ લાગતું હતું. મહેલના મુખ્ય દ્વાર પર એક વૃદ્ધા બેઠી હતી. કુમારને આશ્ચર્ય થયું, 'આવા સુંદર સુવર્ણ મહેલ પર આવી વૃદ્ધા, તેનાં મનમાં કુતૂહલને સ્થાને જિજ્ઞાસા ઉત્પન્ન થઈ.

વૃદ્ધાં પાસે આવી તેણે પુછ્યું, 'હે માતા ! જંગલમાં આવા સુંદર સુવર્ણ રત્નમયી મહેલને જોઈ આશ્ચર્ય, કુતૂહલ તો થયું જ પરંતુ તેના દ્વાર પર આપને જોઈ વિશ્વાસ બેઠો, આશા બંધાઈ કે આ મહેલનું રહસ્ય હવે

જાણવા મળશે જ. કૃપા કરી આ કોનો મહેલ છે ? અહીંયા કોણ રહે છે ? આવા જંગલના મહેલમાં આપ વૃદ્ધા એકલી કેમ ? તે જણાવશો.'

કુમારની વિનમ્ર, વિનયભરી વાણી સાંભળી વૃધ્ધાના મુખ પર આનંદની લહેરો તરવરી ઊઠી. તેણે કહ્યું 'બેટા ! પ્રથમ તો માનું અતિ ભાવવાહી સંબોધન કરીને તે મારું હૃદય જીતી લીધું છે. બેટા તરીકે તને પ્રાપ્ત કરીને આનંદ થયો. સાથે દુઃખ પણ. તું આવો વિનયી, વિવેકી, સુંદર ઉત્તમોત્તમ પુરુષોત્તમ સમાન યુવાન છે. પણ તું આજે જે સ્થાને પહોંચ્યો છે, તે યમલોક છે, મૃત્યુનું દ્વાર છે. આજે તું અહીંયાથી જીવિતાવસ્થામાં પાછો ફરી શકીશ કે કેમ તે વિચારથી જ મને દુઃખ થાય છે. બેટા, શું આજે તારો અંતિમ દિવસ હશે ?'

કુમારે કહ્યું 'માતા ! પ્રાણીના આયુષ્યને કોઈ આંબી શકતું નથી. જ્યાં સુધી તેનુ આયુષ્ય હોય ત્યાં સુધી નથી કોઈ તેને મારી શકતું કે નથી બચાવી શકતું. જેને જીવન છે તેને કોણ મારી શકે છે. માતા તમે મારા આયુષ્ય વિષે ચિંતા ન કરો. અને મને આનું રહસ્ય જણાવો.'

વૃદ્ધાએ કહ્યું 'વત્સ, પ્રિય પુત્ર ! તારા એકેએક વચનમાંથી આત્મવિશ્વાસ, હિંમત, વીરતા ટપકી રહી છે. જણાય છે કે તું ધીર-વીર-ગંભીર, બહાદુર, પરાક્રમી હશે. કોણ જાણે કેમ મારા હૃદયમાંથી માતૃત્વ, મમત્વની ધારા વહી રહી છે. જે આત્મીયતાની ઝાંખી કરાવે છે. આ મહેલને પણ એક મોટી કથા છે. ઈતિહાસ છે જે તું સાંભળ.

આ રાક્ષસદ્વીપ છે જેમાં લંકા નામે નગરી છે. તે લંકાનો રાજા ભમ્રરકેતુ છે. તેને મદાલસા નામે સૌંદર્યવતી, રૂપવતી, ગુણવતી, શીલવતી પુત્રી છે. તે દૈત્યપુત્રી હોવા છતાં દેવાંગનાને ઝાંખી પાડે તેવી સૌમ્ય-રમ્ય છે. ભમ્રરકેતુને તેની ઈકલૌતી દીકરી અતિ લાડલી, પ્યારી છે. તે એને પોતાનાં પ્રાણ સાટે ચાહે છે. યુવાન થતાં તેનું અદ્વિતીય, અનુપમ રૂપ જોઈ રાજા ચિંતિત રહે છે અને તેના માટે ઉત્તમોત્તમ દૈત્યપુત્ર શોધવા મથામણ કરે છે. કોઈ એક વખતે જ્યોતિષીએ તેને જણાવ્યું કે આ તમારી દૈત્યપુત્રીનો પતિ માનવ હશે, જે રાજપુત્ર હશે આ વાત ભમ્રરસેતુ સહી શક્યો નહીં.

જ્યોતિષ સમક્ષ જ તેણે આ વાત પોતે ખોટી સાબિત કરી, તેનું ભવિષ્યકથન જૂઠું પાડશે તેવી વાત કરી. પોતાનો નિશ્ચય જણાવ્યો કે તે પોતાની પુત્રીના વિવાહ એક માનવ સાથે નહીં જ કરે.'

દૈત્યનૃપનો નિર્ણય સાંભળી જ્યોતિષીએ તેને સમજાવ્યું કે 'દૈત્યરાજ, જે કાંઈ થવાનું છે તેને તમે કે કોઈ રોકી શકતું નથી. જે થશે તે આપની પુત્રીના હિતમાં જ હશે. કારણ તેને પરણનાર માનવ કોઈ સામાન્ય માનવી નહીં હોય પરંતુ તે ઉત્તમોત્તમ રાજકુમાર હશે જે પરાક્રમી, બહાદુર, નરપુંગવ, ક્ષત્રિયવીર હશે. તે મહારાજધિરાજ કહેવાશે, બળ, વીર્ય, વિદ્યા અને કલામાં તે ઉત્તમ હશે. તેનું રાજ્ય અતિ વિશાળ હશે. તે લંકા સુધી પોતાની આણ પ્રવર્તાવશે. માટે તમે તમારી ખોટી હઠ-જીદ છોડીને આપની પુત્રી મદાલસાના વિવાહ તે નરોત્તમ નરપુંગવ સાથે કરી ચિંતામુક્ત બનજો.'

પણ જો તે જ્યોતિષીની વાત માને તો દૈત્ય શેનો ? તે તો પોતાની જીદ પર અડી જ રહ્યો. તેણે જ્યોતિષીને કહ્યું 'જ્યોતિષીજી ! તમારું કામ ભવિષ્ય કથન કરવાનું હતું, તે તમે કહી લીધું. હવે મારે શું કરવું, તે મારે વિચારવાનું છે. આમ પણ વીરપુરુષ પોતાનું ભવિષ્ય સ્વયં જ નિશ્ચિત કરતાં હોય છે. હું મદાલસાનો વિવાહ માનવ સાથે નહીં જ થવા દઉં.'

જ્યોતિષ જાણતો હતો કે દૈત્ય અહંકારી, અહંમી છે. તે પોતાની વાત છોડશે નહીં. અને જો તે બિચારી મદાલસાનો વિવાહ તે નરપુંગવ સાથે નહીં કરે તો એનું ભાવિ બદલાઈ જશે. પડવા માટે એક જ પગથિયું ચૂકવું પડે છે. એક પગથિયું ચૂક્યા એટલે સીધા નીચે જ પડવાનો વારો આવે. અહંકારી માનવ સારાસારનો વિવેક ભૂલી જાય છે. તે પોતાના વિવેક-ચક્ષુ ગુમાવી બેસે છે.

ફરી ભમ્રરકેતુએ જ્યોતિષીને પૂછ્યું 'મદાલસાનો વિવાહ કરવા આવનારને હું કેવી રીતે ઓળખી શકીશ ?'

જ્યોતિષીએ કહ્યું, 'કોઈ એક સમયે કોઈ એક વ્યક્તિ સમુદ્રને કિનારે વહાણમાંથી નીચે ઉતરશે અને તમારી સાથે યુદ્ધ કરશે અને તમને

હરાવશે. જે વ્યક્તિ તમારો પરાજય કરે તેને તમારો જમાઈ માનવાનો.

બસ ત્યારથી આ દૈત્યે પોતાની પુત્રીને કોઈ માનવ ન મળે, ન જુએ તે હેતુથી તેણે સમુદ્રની વચ્ચે જળકાંત પર્વત પર એક મહેલ બનાવ્યો છે. એ મહેલમાં આવવાનો રસ્તો કૂવામાંથી પસાર થાય છે. આ મહેલમાં તે દૈત્યકન્યા મદાલસા રહે છે. જેથી ન તેને કોઈ જોઈ શકે અથવા ન તે કોઈને મળી શકે, જોઈ શકે. દૈત્યરાજ ભમ્રરકેતુ પોતાના પુરુષાર્થથી મદાલસાની રક્ષા કરે છે. અને દ્વીપ પર આવનાર કોઈપણ માનવીને જીવંત રાખતો નથી. દ્વીપ પર આવનાર હરેક વ્યક્તિને તે શંકાની નજરે જુએ છે. હું મદાલસાની દાસી છું. અને મારું કાર્ય તેની રક્ષા-ચોકી કરવાનું છે.

ભમ્રરકેતુ પોતાની પુત્રીને સર્વ પ્રકારની સુખ-સમૃદ્ધિ, સાનુકૂળતા, સગવડતા પૂરી પાડે છે. તે વિચારે છે, જો તેને મનમાની હરેક ચીજ-વસ્તુ યથા સમયે મનોવાંચ્છિતરૂપે મળતી રહે તો તેને કદી કોઈ ઉણપ ન લાગે અને તે પિતાની છત્રછાયાથી દૂર થવાનો કદી વિચાર પણ ન કરે. આથી તેણે પોતાની પુત્રીને પાંચ દિવ્યરત્નો આપ્યાં છે. જેના વડે તે મનોવાંચ્છિત સુખ-સામગ્રી, સગવડતા પ્રાપ્ત કરી શકે છે. તે દૈત્યરાજ પુત્રીની હરેક મનોકામનાઓ, જરૂરી ચીજો કૂવાના માર્ગે પૂરી પાડે છે.

વત્સ ! મને જેટલી માહિતી હતી. હું જે જાણતી હતી તે બધું જ તને પુત્રભાવે મેં કહ્યું છે. હવે તારો વારો છે. તું મને કહે કે તું કોણ છે અને અહીંયા સુધી કેવી રીતે પહોંચી શક્યો ?'

વૃદ્ધાની વાત સાંભળી કુમારે કહ્યું 'હે માતા ! હું વારાણસી નગરીના રાજા મકરધ્વજનો પુત્ર ઉત્તમકુમાર રાજકુમાર છું. પરદેશગમનાર્થે, દેશાટનની ઈચ્છાથી હું ભરૂચ બંદરેથી કુબેરદત્ત નામના વેપારી સાથે વહાણમાં બેસી ભ્રમણાર્થે નીકળ્યો હતો. શૂન્યદ્વીપ આવતાં શ્રેષ્ઠીએ જહાજમાં મીઠું પાણી ભરવાને વહાણ ઉભા રાખ્યાં. કર્મચારીઓ જળભંડારમાં પાણી ભરતાં હતાં ત્યાં એકાએક ભયંકર ગર્જના સંભળાવા લાગી. શ્રેષ્ઠી, ખલાસીઓ તથા અન્ય મુસાફરો ભયના માર્યા ધ્રૂજવા-કંપવા લાગ્યા. બધા પોતાનો જાન

બચાવવાની તજવીજ કરતાં દેખાયા એટલે મેં શ્રેષ્ઠીને ભયંકર ગર્જના, ડરનું કારણ પૂછ્યું. તેણે ભમ્રરકેતુ દૈત્ય વિષે વાત કરી. મેં ભમ્રરકેતુ દૈત્ય પર હુમલો કર્યો. દૈત્ય અને માનવ વચ્ચે યુદ્ધ શરૂ થયું. બરાબર યુદ્ધ જામ્યું હતું ત્યારે તે શ્રેષ્ઠી લાગ જોઈ મને દૈત્ય સામે એકલો છોડી પોતાનું વહાણ અને કાફલો લઈ આગળ ચાલી નીકળ્યો. તે દૈત્ય નૃપભમ્રરકેતુ પરાજિત થઈ ભાગી નીકળ્યો. શ્રેષ્ઠી વહાણ લઈ ચાલી નીકળ્યાં હોવાથી વનમાં હું એકલો જ રહી ગયો.

પછી એકવાર વનઅધિષ્ઠાત્રી દેવી પ્રગટ થઈ અને મારી પરીક્ષાર્થે એણે મારી સમક્ષ વિવાહનો પ્રસ્તાવ મુક્યો. પરંતુ મારા પરદારા-સહોદર વ્રતનિષ્ઠા જોઈ તે પ્રસન્ન થઈ, સંતુષ્ટ થઈ અને તેણે મને બારકરોડ રત્નરાશિ, ધનરાશિ આપી.

આજે હું વનપ્રદેશમાં ફરતો હતો ત્યારે મેં એક કુવો જોયો. કૂવામાં નજર કરતાં તેમાં પગથિયા દેખાયા. પગથિયાં જોઈ મને કુતૂહલ ઉત્પન્ન થયું આથી હૂં કૂવામાં ઉતરી પગથિયાં દ્વારા અંદર આવ્યો. કૂવામાં એક સોનાની જાળી હતી. તે જાળી દુર કરી તો ત્યાં એક દરવાજો દેખાયો. દરવાજો જોઈ જ મારું કુતૂહલ જિજ્ઞાસામાં ફેરવાઈ ગયું. આથી હું દરવાજામાં દાખલ થયો. દરવાજામાં દાખલ થતાં જ આ દિવ્ય મહેલ જોયો. મહેલના દરવાજા પાસે માતેશ્વરી તમને જોયા અને મારી જિજ્ઞાસા, આશ્ચર્યનું સમાધાન કરવા માટે આ રહસ્ય તમને પુછ્યું.

'માતા, જેવી રીતે તમે મને સઘળા સત્યથી વાકેફ કર્યો છે તેવી જ રીતે મેં પણ તમને જે કાંઈપણ કહ્યું છે તે સંપૂર્ણ સત્ય છે. તમે જાણો છો કે જ્યોતિષીની જે આગાહી દૈત્ય ભમ્રરકેતુને વહાણમાંથી ઉતરી પરાજિત કરવાની હતી તે મારા વડે જ પૂર્ણ થઈ ચૂકી છે. આપ જાણો છો કે શૂન્યદ્વીપ પર દૈત્ય ભમ્રરકેતુ પરાજિત થયેલો છે. એટલે માતા આને યોગ્ય અવસર માની અમને મદદ કરવી જોઈએ.'

વૃદ્ધાને કુમારની વાત પર વિશ્વાસ આવી રહ્યો હતો. વિશ્વાસ એ તો બે વ્યક્તિઓ વચ્ચેના સંબંધોને ટકાવવા માટેનો પુલ છે. પુલ જેમ બે

છેડાની અપેક્ષા રાખે છે તેમ વિશ્વાસ પણ બેઉ પક્ષની ઉદારતાની અપેક્ષા રાખે છે. વિશ્વાસ સાથે શ્રધ્ધા અને પ્રેમ આપોઆપ ઉત્પન્ન થાય છે. શ્રદ્ધા અને પ્રેમ ઉત્પન્ન થતાં આત્મીયતા આપોઆપ આત્મસાત્ થઈ જાય છે.

વૃદ્ધાના માનસપટ પર તો ઉત્તમકુમારે આધિપત્ય જમાવ્યું હતું, એનો વિશ્વાસ પ્રાપ્ત કરી લીધો હતો. એ બંનેની વાતચીત ચાલતી હતી ત્યાં જ મદાલસા આવી પહોંચી. ઉત્તમકુમારને જોતાં જ ચુંબક જેમ તે આકર્ષાઈ. દેહલાલિત્ય, તેનું શરીર સૌષ્ઠવ અને મુખપ્રભા-તેજથી આકર્ષાઈ અને અનિમેષ નયને એને તાકી જ રહી. કુમારની નજર પણ મદાલસા પર પડતાં ત્યાંજ સ્થિર થઈ ગઈ. પરસ્પર નજર મળતાં જ હૃદયમાંથી પ્રેમામૃતનો સ્તોત્ર વહેવા માંડ્યો, અને તેનું મન તરંગે ચઢી ગયું અને તરત જ તેણે પોતાના સ્વચ્છંદી રીતે વિહરતાં મન પર કાબુ જમાવવા માંડ્યો. 'રે... બેકાબુ મન... સૌંદર્યવતી, સ્વરૂપવતી દેવાંગનાને જોતાં જ તારું અસલી સ્વરૂપ છતું થયું. તારું પરનારી સહોદર વ્રત ક્યાં ગયું ? જે વ્રત નિયમમાં અટલ અડગ અડીખમ ઊભા રહી વનદેવીને સંતુષ્ટ કરી તે અડગ મન ડગીને કેમ રાહ ભૂલી ગયું?' ત્યાંજ તેનું એ જ અંતઃમન પોકારી ઊઠ્યું, 'નહીં રે કુમાર ! આ તારી કામવાસના વિષયલોલુપતા નથી. તમારો તેના પ્રત્યેનો આ પ્રેમ તો નિર્દોષ, નિખાલસ અને ભવાનુબંધી છે માટે આવા સાત્ત્વિક પ્રેમની અવહેલના કરવી યોગ્ય નથી. કોઈપણ વસ્તુ યોગ્ય સમયે, યોગ્યસ્થાને પહોંચે તેમાં દૈવી-ઇશ્વરી સંકેત સમાયેલો હોય છે. જ્યોતિષીએ પણ આવુંજ ભવિષ્યકથન કર્યું છે અને તે કદી મિથ્યા હોતું નથી. તદનુસાર આ મદાલસા તારી પત્ની થવા જ નિર્મિત થયેલી છે. તેનું સર્જન પણ તારા માટે જ થયેલું છે. માટે એનો સ્વીકાર કરવો એ તો તારી ફરજ છે. 'આમ આવા અનેક તર્ક-વિતર્કોમાં તેનું મન દલીલ-પ્રતિદલીલ કરી રહ્યું હતું.

આ તરફ મદાલસાની મનનીય સ્થિતિ પણ કુમાર જેવી જ હતી. તે પણ કુમારના પ્રેમમાં ડૂબી કુમારમય બની ચૂકી હતી. તેના દિલમાં પણ કુમાર પ્રત્યેનો પ્રેમ હિલોળાં લઈ રહ્યો હતો.

વૃદ્ધામાતાની પારખુ, વહેવારું નજર બંન્નેના હૃદયને, તેમની

માનસિક સ્થિતિને પારખી ગઈ. તે સમજી ગઈ કે આ બંન્ને પરસ્પર આકર્ષાયા છે, મોહિત થયાં છે. તો હવે આનો યોગ્ય ઉપાય કરવો એ મારી ફરજ છે. બન્ને એકબીજાને યોગ્ય છે, પૂરક છે. મદાલસાની રક્ષા કરવાની, તેનું શ્રેય કરવાનું એ મારી ફરજ છે જ. તો આ કુમારે પણ મને માતા કહી સંબોધી છે. આથી તે મારો પુત્ર થયો. તો તેના પ્રત્યે પણ મારી ફરજ બને છે. આમ વિચારી તેણીએ તરત જ પોતાનો નિર્ણય જણાવ્યો અને બંન્નેની સહમતિ, અનુમતિ મેળવીને બંન્નેના ગાંધર્વવિવાહ કરવાનું સૂચન કર્યું.

વૃદ્ધાના સૂચનથી કુમારના આનંદની અવધિ ન રહી. છતાં તેનું સત્ત્વ, શીલ ફરીથી પોકારી ઊઠ્યું, 'અરે આ કન્યાના પિતા ક્યાં ? હું આને ગ્રહણ કરું પણ એના દત્તા કોણ ? શું મારે એને અદત્તા-કોઈએ આપ્યા વિના, જાતે જ ગ્રહણ કરવાની ? સામાન્યરીતે લગ્ન સમયે માતા-પિતા કન્યાદાન કરતાં હોય છે. પરંતુ અહીંયા આવો સુમેળ ક્યાં છે ? અદત્તા કન્યા ગ્રહણ કરવી એ તો શાસ્ત્ર વિરુદ્ધ, નીતિવિરુદ્ધનું કાર્ય ગણાય. કુમાર તો વિચારતો હતો અને વૃદ્ધા અનિમેષ નયને કુમારને નિહાળતી તેના મનોભાવ વાંચી રહી હતી. તેની મુખરેખાઓ પરથી તે સ્પષ્ટ રીતે સમજી રહી હતી કે ગાંધર્વવિવાહના પ્રસ્તાવથી જ કુમારના મનમાં કાંઈક દ્વંદ ચાલી રહ્યું છે. સત્ત્વશીલ માનવ કોઈપણ કાર્ય આવેશ-લાગણીને વશ થઈને કે વગર વિચાર્યે કરતો નથી. તે જરૂર આ ગાંધર્વવિવાહના પ્રસ્તાવ વિષે વિચારતો હશે તેમ એની પારખુ નજર, વ્યવહારુ અને પરિપક્વ બુદ્ધિ પામી ગઈ. ગાંધર્વવિવાહની તરફેણ કરતાં તેણે કહ્યું, 'કુમાર ! ગાંધર્વવિવાહ શાસ્ત્ર સમંત છે. આપણો ઈતિહાસ પણ એની સાક્ષી પૂરે છે. વળી આ તો દૈવ-પ્રારબ્ધનું નિર્માણ છે. તો પછી એમાં વિચાર શેનો ? આ મારી પુત્રીનો તારા માટે કેટલો નિર્મળ, પવિત્ર પ્રેમ છે તે તું પણ એના મુખભાવ પરથી જાણી શકે છે. એના પિતા એને બીજે કોઈ દૈત્ય કુમાર સાથે પરણાવશે તો ? તે મને માતા કહી છે. અને માતા કદી પોતાના પુત્ર માટે અયોગ્ય કદમ ન જ ઉઠાવે. માટે હવે જલ્દીથી મનને તૈયાર કર જેથી વિધિ પૂર્ણ કરીએ.'

મદાલસા પણ કુમાર સામે નિર્મળ, પવિત્ર ભાવે જોઈ જાણે મારો સ્વીકાર કરો તેમ કહી રહી ન હોય... તેમ ભાવભીની બની તાકી રહી હતી. બન્નેના મનમાં પરસ્પર શુદ્ધ, નિર્મળ, પવિત્ર પ્રેમ જાગૃત થઈ ગયો હતો. વૃદ્ધાએ પોતાનું કર્તવ્ય નિશ્ચિત કરી બંન્નેનું પાણિગ્રહણ કરાવી ગાંધર્વવિવાહ કરાવી આપ્યા. બન્નેને આશીર્વાદ આપી પોતાનું કર્તવ્ય પૂર્ણ કર્યું જેનો આનંદ, સંતોષ તેના મુખ પર જણાઈ આવતો હતો.

કુમાર પોતાની નવપરિણીત દૈત્યકન્યા મદાલસા અને માતૃસમાન વૃદ્ધા દાસીને લઈ પાછો પોતાને રસ્તે પ્રયાણ કરવા લાગ્યો.

આ તરફ કુબેરદત્તના મનમાં વિચાર આવ્યો, 'ખરેખર ! તે ક્ષત્રિય ઉત્તમકુમારે દૈત્યરાક્ષસને પરાજિત કરી રાક્ષસભય દુર કર્યો. આપણા માટે થઈ તેણે પોતાની જાનનું જોખમ વહોર્યુ અને હું ચાલી નીકળ્યો. હું આવો કૃતઘ્ની ના...રે ના... મારાથી આવું કેમ કરાય ? વળી આ ક્ષત્રિયકુમાર તો સાહસિક, પરાક્રમી અને બળિયો છે. દ્વીપ-દ્વીપાંતરોમાં ભ્રમણા કરતાં અનેક સંકટો, મુશ્કેલીઓ તો આવતી જ હોય છે. જો કુમાર સાથે હશે તો આ બધા ભય, વિઘ્ન ટળશે અને તે મદદરૂપ થશે, માટે એને ત્યાં એકલો છોડી દેવો તે ઉચિત નથી તો હવે પાછા ફરી તેને સાથે લઈ આવવો, એ જ શ્રેયસ્કર છે એમ માની પાછો ફરી તે સમુદ્રકિનારે તેની રાહ જોતો ઊભો.

કુબેરદત્ત શ્રેષ્ઠી કાંઠે ઊભો છે. થોડે દૂર કાફલા સાથેનું તેનું વહાણ પણ ઊભું છે. કુમારને વહાણ જોઈ આશ્ચર્ય થાય છે. શું પેલો શ્રેષ્ઠી પાછો ફર્યો હશે. કુમારતો સરળ સીધો-સાદો વ્યક્તિ હતો. સરળ હૃદયી વ્યક્તિ અન્યના છળ, કપટ પ્રપંચને જાણી, સમજી શકતાં નથી 'જે તારે તે જ ડૂબાડે' 'કે' 'જે પોષે તે જ મારે' આ હકીકતથી બિલકુલ અજાણ હતો. મોર મીઠીવાણી, ટહુકા કરતો સર્પને ગળી જાય છે ને ?

શ્રેષ્ઠીએ સામે નજર કરતાં વનમાં ચાલી આવતી ત્રણ માનવ આકૃતિઓ જોઈ. તેને થયું, 'આ શૂન્યદ્વીપના ભયંકર વનમાં આ કોણ

અત્યારે ચાલ્યા આવતાં હશે ? જરાક બારીક નજરે નિહાળતાં કુમારને તે ઓળખી ગયો. હવે સાથે ચાલી આવતી બે સ્ત્રીઓને સ્પષ્ટરૂપે જોઈ શકતો હતો. તે વિચારવા લાગ્યો, 'આ બે સ્ત્રીઓ કોણ હશે ? આ ક્ષત્રિય બે સ્ત્રીઓને આવા ભયાનક જંગલમાં ક્યાંથી પકડી લાવ્યો હશે ?' આમ વિચારતો હતો ત્યાંજ તેઓ નજીક આવી પહોંચ્યા. મદાલસા પર નજર પડતાં જ તે વીંધાઈ ગયો. આવી દેવાંગના સુંદરી આણે આવા વન્ય પ્રદેશમાંથી કેવી રીતે પ્રાપ્ત કરી હશે ? સાથે બાર કોડી રત્નરાશિતો હતી જ... કુમારની શક્તિ પર તે આફરીન થઈ ચૂક્યો. ધન અને સ્ત્રી જોતાં જ લાલચુ મન તેમાં લુબ્ધ થયું. તેને થયું, 'સારું થયું ને ! કુમારને લેવા પાછો ફર્યો. હવે તો ધન અને સુંદરી બંને મળશે. જે થાય તે સારા માટે જ.' એમ મનોમન વિચારી લીધું.

કપટી વાણીથી તેણે કુમારને કહ્યું, 'મિત્ર ધન્યવાદ, ખૂબ ખૂબ આભાર ! તમે જે પરાક્રમ, વીરતા, શૌર્ય દર્શાવ્યું તે અમે તો સ્વપ્નમાં પણ ન વિચારી શકીએ. અમે વાણિયાતો દાળ-ભાત ખાનારા, સાવ કાયર, બીકણ, ફુસકી. તમને તે દૈત્ય સાથે લડતાં, બાથ ભીડતાં જોઈને અમે તો એવા ગભરાઈ ગયા કે દુર જઈ લપાઈ-છુપાઈ-ઊભા રહ્યા. કદાચ અમારા પર હુમલો થાય એની બીકે. પાછા ફરી જોયું તો કોઈ જ નહીં. દૈત્યતો ભાગી ગયેલ હશે એમ માન્યું. પરંતુ તમારો પત્તો ન હતો આથી તમારી રાહ જોઈ ક્યારનો ઊભો છું. વિશ્વાસ હતો, મન કહી રહ્યું હતું, તમારા જેવો બળિયો, પરાક્રમી પરાજિત ન થાય, વિજયી જ બને.

કુબેરદત્ત શ્રેષ્ઠી કપટી અને પ્રપંચી તો હતો જ પરંતુ હવે ધનલંપટ અને વિષયીકીડો બની ગયો. કુમારતો સરળ, નિર્મળ પવિત્રાત્મા. તે કપટીની ચાલ પામી ન શકે. કારણ કપટીની કરણી અને કથનીમાં અંતર હોય છે. તે બોલે કાંઈ અને કરે કાંઈ. તે જવાનું કહે ક્યાંક અને નીકળે ક્યાંક બીજે. સરળહૃદયી કુમાર તો પોતાના મનને ઠપકો આપવા લાગ્યો, 'મેં જ મૂર્ખ, સ્વાર્થીએ આવા ઉત્તમ મિત્ર માટે કેવા ખોટા વિચારો કર્યા, એ સ્વાર્થી મને મુકી ચાલ્યો ગયો ન હતો.... પરંતુ તે તો બિચારો ડરનો માર્યો છુપાયેલો

હતો... વગેરે.'

હવે શ્રેષ્ઠીની ધનલાલસાવૃત્તિ અને કામવૃત્તિ જાગૃત થઈ સળવળવા માંડી. કામાંધ પુરુષ રતિસમ સ્ત્રીને જોઈ વિહ્વળ બની બેસે. શ્રેષ્ઠી ધનલંપટ તો હતો જ. તેને માત્ર ધન જ દેખાવા માંડ્યું. મદાલસા ને જોઈ તેની વિષય લાલસા જાગૃત થઈ. કામાંધને માત્ર સ્ત્રી જ દેખાય. તેની પાછળ થતો શક્તિનો હ્રાસ, પાપ, મોત કશું જ તેને દેખાય નહીં. શાસ્ત્રોમાં પણ જણાવ્યું છે કે વિજાતીયના રૂપ અને શબ્દ બંને બ્રહ્મચર્ય પાલન માટે ખતરનાક છે. જે વ્યક્તિ આની ઉપેક્ષા કરે છે તે પોતાનું ચારિત્ર્ય, શક્તિ, શીલ ગુમાવી પોતે જ પોતાનું પતન વહોરે છે, નોતરે છે.

પોતાની મીઠી, મધુરી વાણી દ્વારા શ્રેષ્ઠી કુમારની વિશેષ નજીક આવવા લાગ્યો વળી કુમારે મિત્ર તરફ શંકાઓ કરી તેથી પોતાને દોષિત સમજી શ્રેષ્ઠીને પોતાનો ઉત્તમ સાચો મિત્ર, સજ્જન, સ્વજન જેવો માનવા લાગ્યો.

આ તરફ કપટ, કામાંધ કુબેરદત્તશ્રેષ્ઠી કુમારનું બારકોડી ધન અને રૂપસામ્રાજ્ઞી દેવાંગના સમ સુંદરી હડપ કરવાનો પ્લોટ મનમાં ઘડી રહ્યો હતો. ધનલાલસા અને વિષય વાસના માનવને કેવા કુકર્મો કરાવે છે તેનું ઉત્તમ ઉદાહરણ કુબેરદત્ત શ્રેષ્ઠી જ.

ક્રમશઃ તેણે કુમારની પત્ની મદાલસા અને વૃદ્ધા દાસીનો વિશ્વાસ પણ પ્રાપ્ત કરી લીધો. તેની નજર કુમારના બારકરોડ રત્નરાશિ પર તો હતી જ. હવે તે મદાલસાનાં પાંચ દિવ્ય રત્નો પણ જોઈ ગયો. લોભ શું નથી કરાવતો ? માણસ ગમે તેટલો વૃદ્ધ થાય છતાં તેનો મોહ, માયા, લોભ જેવા વિકારો કદી વૃદ્ધ થતાં જોયાં છે ? વાહ માનવ ! બીજાને મારી નાખીને, તેની સંપત્તિ, સ્ત્રીનો ભોગવટો કરવો એ ક્યાંનો ન્યાય ? જીવન જીવવા માટે છે પોતાની રીતે, પોતાના માટે અન્યના ભોગે, બીજાને લૂંટીને કે મારીને નહીં. પરંતુ આ કોણ-કેટલું સમજે ?

માનવીને જીવનમાં પ્રત્યેક પળે અભિનય કરવો જ પડે છે. કોણ

એવું હશે જેણે પ્રકૃતિના રંગમંચ પર અભિનય ન કર્યો હોય અને પોતાનો જુનો પહેરવેશ ન બદલ્યો હોય. જીવન જીવવા માટે માનવીએ પ્રતિપળ બદલાવું પડે છે. જ્ઞાનીજનો પોતાના ધ્યેય, સત્ય અને આભાની પરમ ખોજમાં પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા બદલાતાં રહે છે. તેમના માટે જ્યાં બદલવું સત્ય છે. ત્યાં ન બદલાવાનો આગ્રહ અસત્ય થઈ જાય છે. બદલાઈને તે પામે છે નિજાનંદ, પરમ-શાશ્વત સુખ-શાંતિ.

બીજી તરફ અજ્ઞાની કપટી, કામાંધ, લોભી વ્યક્તિ બદલાય છે પરંતુ તે સત્ય કે આત્માની ખોજમાં નહીં. તે બદલાય છે પોતાની વાસનાની ભૂખને તૃપ્ત કરવા, ધનને એકત્રિત કરવા, સત્તાને સ્થાને બિરાજવા ઇત્યાદિ- આવી અનેક ભૌતિક એષણાઓની પાછળ અજ્ઞાની જીવ અધમાધમ કૃત્ય આદરે છે અને તે છે માનવીની ક્ષુદ્રતા. આવા ક્ષુદ્ર માનવીને પોતાનો અધમ સ્વાર્થ જ પ્રિય હોય છે. એ સ્વાર્થને સિદ્ધ કરવા ગમે તેવા હલકા રસ્તાઓ અપનાવવા પડે તેમ હોવા છતાં પણ તે માણસને જરા સરખો આંચકો પણ લાગતો નથી. તે સત્ય પર અસત્યનું મહોરું પહેરીને, કપટ-પ્રપંચ રચીને ધાર્યું કાર્ય પાર પાડે છે. પણ તે અન્યને મારીને નુકસાન પહોંચાડીને. આ પણ ક્ષુદ્રતા જ ને ! આવા ક્ષુદ્રો અધર્મીના વેશમાં ધર્મી થઈ ફરે છે.

સવારનો સમય હતો. વહાણમાં બેઠેલા હરેક યાત્રી સમુદ્ર-આહ્લાદક સફર માણી રહ્યા હતાં. પૂર્વદિશાએ બાળસૂર્ય પોતાના સોનેરી કિરણોથી ચોતરફ સુવર્ણ- પ્રકાશ વેરી રહ્યો હતો.

કુમારે સમુદ્રના અફાટ જળ સમક્ષ દૃષ્ટિ કરતાં મદાલસાને કહ્યું, 'પ્રિયે ! સાગરમાં ઊઠતી પાણીની લહેરો કેવી ચંચળ-અસ્થિર હોય છે. દૃષ્ટિ સ્થિર થતાં જ તે વિલાઈ જાય છે. આ સંસાર, જગત પણ આવું જ ચંચળ, અસ્થિર છે. દુર્લભ એવું માનવજીવન મળ્યું છે તે પણ અસ્થિર છે. કોણજાણે ક્યારે કાળનો ઝપાટો વાગશે અને જીવન સ્થિર થઈ જશે...

મદાલસાએ કહ્યું, 'હૃદયનાથ ! આજે સવારમાં જ કેમ આમ આવી અશુભ વાતો કરવા માંડી છે. તમારા જેવા વીર પરાક્રમીના મુખમાં આવી

અમંગળ, અશુભ મોતની વાતો ?'

કુમારે કહ્યું, 'અરે કેમ અનાયાસે જ આવું બોલાઈ ગયું ? મારો ઈરાદો તમારા દિલને ઠેસ પહોંચાડવાનો નથી. હું તો સાહજિકપણે જ કહુ છું કે માનવીનું જીવન ક્ષણભંગુર, અસ્થિર અને ચંચળ પાણીના તરંગો સમાન છે.

આમ વાતચીત ચાલતી હતી ત્યાં જ શ્રેષ્ઠી આવી પહોંચ્યા. ધૂર્તમાનવી ઉપરથી જોતાં સજ્જન, ગુણીયલ, વિનયી દેખાય છે. તેની વાણી, વર્તનમાંથી મીઠાશ, પ્રેમ, અપનાપન વિશેષ રૂપે વરસતું રહે છે. કુલટા સ્ત્રીઓ ચારિત્રવાન, શીલવતી હોવાનો ઢોંગ કરે છે. તેમ ધૂર્તની ધૂર્તતાને સહેલાઈથી પામી શકાતી નથી. દુર-દુર કોઈ બેટપ્રદેશ દેખાય છે તે ક્યો હશે... ત્યાં પહોંચી શું કરવું તેની ચર્ચા વાતો કરતાં શ્રેષ્ઠી કુમારને વહાણના બાહ્યભાગ પર લઈ ચાલ્યો. મદાલસા પોતાની પ્રાતઃક્રિયા પતાવવા માટે વહાણના અંદરના ભાગમાં ચાલી ગઈ.

કર્મની ગતિ વિચિત્ર છે. તેને કળવી ભારે મુશ્કેલી છે. ચતુર, હોંશિયાર, વિદ્યાસંપન્ન, તર્કશાસ્ત્રના પારદર્શી, નીતિવાન વ્યક્તિ પણ કર્મ પાસે લાચાર બને છે. કર્મસત્તાને હરકોઈએ તાબે થવું જ પડે છે. કુમાર અને શ્રેષ્ઠી વહાણના બાહ્યભાગ પર બેસી વાતો કરતાં હતાં. ત્યારે લાગ, મોકો મળતાં જ શ્રેષ્ઠીએ કુમારને સમુદ્રમાં ધકેલી દીધો. બિચારી મદાલસા.. બધી જ વાત પામી ગઈ. અને તે શ્રેષ્ઠી પાછો મદાલસા પાસે જઈ તેને આશ્વાસન, દિલાસો આપવા માંડ્યો- પેલી અનાથ, અસહાય મદાલસા વિચારે છે, 'ધિક્કાર છે આવા દુર્જનને... જેણે મારા સરળ, નિષ્કપટ, નિર્મળ, પવિત્ર દેવ જેવા પતિનો વિશ્વાસઘાત કર્યો. દુર્જનની સોબત જ અયોગ્ય છે. અને તેથી જ કહ્યું છે.

**'દુર્જનકી કરુણા બૂરી, ભલો સજ્જન કો ત્રાસ.**
**સૂરજ જબ ગરમી કરે, તબ બરસનકી આસ.'**

દુર્જન માનવ કરુણા વહેવડાવે તે પણ ભયંકર હોય છે. બગલાનું ધ્યાન જેમ માછલાનાં મોતનું કારણ બને છે તેમ દુર્જનની કરુણા પણ

અન્યના મોતનું કારણ જ બનીને. માછીમાર માછલા પકડવા કાંટાની આજુબાજુ લોટ લગાવે છે. પારધી પંખીને મારવા ચોતરફ દાણા વેરે છે તેમ આ દુષ્ટે પણ પોતાની મીઠી વાણીની જાળ દ્વારા મારા નાથને મોતના મુખમાં ધકેલ્યાં. વિષયદુષ્ટ, કામાંધ માનવી સારાસારનો વિવેક ભૂલી જાય છે અને પોતાના વિવેક ચક્ષુ પણ ગુમાવી બેસે છે.

તે સમજી ગઈ કે આ કૃત્ય શ્રેષ્ઠીનું છે. તેણે આ બધું પંચદિવ્યરત્ન, બારકરોડ ધનરાશિ અને મને પ્રાપ્ત કરવા માટે જ કર્યું છે. અને પોતે સાવધ બની ગઈ. હવે તે પામી ગઈ કે અહીંયા રહેવામાં જોખમ છે. સાથોસાથ તે એ પણ જાણી ગઈ, સમજી ચૂકી હતી કે હવે આની સાથે કળથી કામ લેવું પડશે. બળપ્રયોગથી બાજી ઓર બગડવાની સંભાવના છે. હું અબળા ઓરત, મારું શીલ, મારું ચરિત્ર એ જ મારું જીવન. તેને અખંડિત, અક્ષુણ્ણ રાખવા માટે 'જેવા સાથે તેવા' બની મીઠીવાણી વડે તેના જેવી જ રમત રમવી પડશે, યુક્તિ-પ્રયુક્તિ યોજવી પડશે. હવે ધીરજ, ધૈર્ય અને ચાતુર્ય વડે જ આની સાથે વર્તવું પડશે. હવે ધર્મ માત્ર જ એક તેનો સહારો, ઉદ્ધાર છે સમજી નમસ્કાર મહામંત્રના જાપ કરવા લાગી.

પોતાની બુદ્ધિ અને ચાતુર્યથી તે દુષ્ટ કુબેરદત્તનો સામનો કરતી. તે સમજતી કે એનું મન ક્રૂર લેશ્યામાં રમે છે. મારે મારા આત્મગુણોને પ્રગટાવી ધર્માભિમુખ બનવું પડશે. કૂતરો માનવીના પગ ચાટે પણ માનવી તેના પગ ચાટતો નથી. કદાચ કૂતરો માનવીને કરડી જાય તો માનવ એને કરડતો નથી. આથી મારે પણ તે દુષ્ટ જેવું થવાય નહીં. તેણે નીતિ અને બુદ્ધિ ચાતુર્યના જોરે કુબેરદત્ત પાસેથી અભયદાન પ્રાપ્ત કરી લીધું હતું. હવે તો તેને વાર હતી માત્ર યોગ્ય અવસરની, જ્યારે તે સંપૂર્ણપણે હંમેશ માટે કુબેરદત્તની ચુંગલમાંથી મુક્ત થઈ શકે.

ભગવાનના ઘરે 'દેર છે પણ અંધેર તો નથી જ ને.' ! સમય આવ્યે કર્મોદય થતાં દરેક કૃત્યનું શુભ કે અશુભ ફળ તો મળવાનું જ ને !'

= X = X =

સાગરતટ પર મોટપલ્લી નામે સુંદર નગર વસેલું છે. દ્વીપોની મધ્યમાં હોઈ અનેક વહાણો તે બંદરે આવતાં અને અહીંયા ધમધોકાર વેપાર ચાલતો. વેપાર-વાણિજ્યાર્થે આ સ્થળ ઉત્તમ હતું. આવા વેપારના મુખ્યમથક જેવા નગરનો રાજા પણ ઉત્તમ જ હોય. અહીંયા નરેન્દ્ર નરવર્મા રાજ્ય કરતા. 'યથા નામ તથા ગુણ'. તે નીતિવાન, ધર્મપરાયણ, સદાચારી, પ્રજાવત્સલ અને પાપભીરુ. તેના રાજ્યમાં સત્ય, અહિંસા, સદાચાર, નીતિ, વિશ્વાસ જેવા અનેક સાત્ત્વિક ગુણો વિકસેલાં હતા. પ્રજામાં બંધુત્વ, મૈત્રીત્વની ભાવના વિકસેલી. પ્રવર્તતું કળિયુગમાં તે સાચું રામરાજ્ય.

રાજાને ત્તિલોત્તમા નામે અતિસુંદર સ્વરૂપવાન પુત્રી હતી. તે પુત્રી પણ માતા-પિતા જેવી સદ્‌ગુણી, ધર્મવત્સલ અને નિયમિત રૂપે ધાર્મિક ક્રિયા કરનાર ઉત્તમ શ્રાવિકા સમાન હતી. તે નિયમિત પ્રતિક્રમણ, સામાયિક, જેવી દૈનિક ક્રિયાઓ કરતી.

કોઈએકવાર રાજા રાજદરબાર ભરી બેઠા છે. સુભટ, મંત્રી શ્રેષ્ઠીઓ, નગરપતિ, નગરજનો વગેરે સભાસદોથી રાજસભા ખીચોખીચ ભરાયેલી છે. ઉત્તમ વેપારનું કેન્દ્ર હોઈ રાજદરબારમાં કોઈક પરદેશી વેપારી આવી, રાજાને સલામ કરી તેમના ચરણકમળમાં ઉત્તમ ભેટ, સોગાદો રજુ કરતો. રાજદરબારમાં રાજા નરવર્મા પોતાના સિંહાસનારુઢ છે ત્યારે દ્વારપાલે આવી મહારાજને સમાચાર આપ્યા કે, 'મહારાજ ! દુર દેશથી કોઈ એક વેપારી હમણાં જ નગરમાં પધાર્યા છે અને આપના દર્શનાર્થે ઉત્સુક છે.

સાથે કોણ છે ? તેમ રાજાએ પુછતાં તેણે જણાવ્યું કે, 'મહારાજ ! તેની સાથે બે સ્ત્રીઓ છે જેમાંની એક વૃદ્ધા છે. વેપારી આપને મળવાની ઉત્કટતા જણાવે છે.'

રાજાએ દ્વારપાલને સ્ત્રીઓ સહિત વેપારીને આદરપૂર્વક પ્રવેશ કરાવવાની અનુમતિ આપી.

રાજા સમક્ષ આવતાં જ વેપારીએ પ્રણામ કરી તેમના ચરણમાં ઉત્તમ ભેટ-સોગાદો હાજર કરી. તેની સાથે રહેલી બંન્ને સ્ત્રીઓએ પણ

રાજાને પ્રણામ કર્યાં.

રાજાએ બધાનું અભિવાદન કરી આસન પર બિરાજવા માટે સંકેત કર્યો.

શ્રેષ્ઠીએ રાજાના અભિવાદનનો સ્વીકાર કરતાં ફરી રાજાને નમસ્કાર કરી, આસન ગ્રહણ કરી પોતાનો પરિચય આપતાં કહ્યું, 'નરશ્રેષ્ઠી નરવર્માનૃપ ! હું ગુજરાત રાજ્યમાં ભૃગુકચ્છ નામે મોટું બંદર છે ત્યાંનો કુબેરદત્ત નામનો વેપારી છું. મારા વ્યાપારાર્થે હું દ્વીપ-દ્વીપાંતરોમાં ભ્રમણ કરું છું. ભૃગુકચ્છ બંદરેથી મારું વહાણ લઈ હું વેપારાર્થે નીકળ્યો છું. રસ્તામાં ચન્દ્રદ્વીપ પાંસે અમે મારું વહાણ થોભાવ્યું હતું જયાંથી મને આં સુંદરી પ્રાપ્ત થઈ છે. તે જેટલી સ્વરૂપવાન, સૌંદર્યવતી છે તેટલી જ ગુણીયલ, સાત્ત્વિક અને ધર્મનિષ્ઠ છે. અમે બન્નેએ નક્કી કરેલું કે નજીકમાં જે નગર આવે તેના રાજાની પ્રત્યક્ષ હાજરીમાં, તેની સાક્ષીએ અમે બન્ને વિવાહગ્રંથીથી જોડાશું. આથી અમે આપને પ્રાર્થના, નમ્ર વિનંતી કરવા આવ્યા છીએ. આપ અમારી પ્રાર્થનાનો સ્વીકાર કરી અમારા વિવાહ પ્રસ્તાવને મહોર મારી, સંમત્તિ આપી અમને કૃતાર્થ કરો.'

નૃપનરવર્મા નીતિ- ન્યાય પરાયણ હતાં. સારા-નરસાનો ભેદ, દાવ-પેચ, યુક્તિ-પ્રયુક્તિ, છળ-પ્રપંચથી તેઓ પૂર્ણપણે વાકેફ હતા. તેઓ પોતાના હાથે જાણ્યે-અજાણ્યે પણ કોઈ પાપ કાર્ય, ખોટું કાર્ય ન થઈ જાય તેની તકેદારી રાખતાં. પોતાના હાથે કોઈ પણ અનુચિત કાર્ય થઈ ન જાય તેની પૂર્ણ ખાત્રી રાખતાં, સાવધ રહેતાં. આથી તેમણે પેલી સ્ત્રીને પાસે બોલાવી પૂછ્યું, 'બેટા ! આ વેપારી જે કહે છે, તેમાં તું પૂર્ણ રૂપે સહમત, સંમત છે ને ? તમારે બન્નેને વિવાહથી જોડાવાનું તમે સાથે મળીને નક્કી કરી લીધેલુ છે ને ? બેટા, હું તારા પ્રત્યુત્તરની રાહ જોઉ છું. તારા પ્રત્યુત્તર પછી જ હું મારી સંમતિની મહોર મારીશ.'

નૃપનરવર્માના મુખેથી 'બેટી' સંબોધન સાંભળતાં જ તેના મનનું અડધું દુઃખ હળવું થઈ રહ્યું હતું, તેને આશ્વાસન મળવા માંડ્યું હતું. તે સમજી શકી હતી કે જે રાજા આટલી સ્વસ્થતાથી મારી ઈચ્છા, મારી સંમતિ

જાણવા ઈચ્છે છે, કોઈપણ જાતની શેહ-શરમ વગર મારી ઈચ્છાને અનુસરવા તૈયારી દર્શાવે છે તે રાજા જરૂરથી વિશ્વસનીય, શ્રદ્ધેય અને સાત્ત્વિક હશે જ. તેને વિશ્વાસ બેસી ગયો હતો કે મને અહીંયાથી પૂર્ણ ન્યાય મળશે જ. અને મારું સ્ત્રીધન શીલ, ચરિત્ર અખંડ રહેશે અને જળવાઈ રહેશે.

તેણે કહ્યું, 'પિતૃતુલ્ય મહારાજ ! હું જે પણ કહીશ તે બધું જ સત્ય કહીશ. આ વ્યક્તિ તદ્દન જૂઠો, નિર્દય, ધૂર્ત અને દુષ્ટ છે. પ્રથમ તો હું એને ચંદ્રદ્વીપથી પ્રાપ્ત થઈ જ નથી. હું તો શૂન્યદ્વીપના દૈત્યરાજ ભમ્રરકેતુની પુત્રી મદાલસા છું. પૂર્વે મારા ગાંધર્વવિવાહ એક રાજકુમાર સાથે થયા હતાં, જે આ શ્રેષ્ઠી કુબેરદત્તનો મિત્ર હતો. શૂન્યદ્વીપ પર આ ધૂર્તે મારા પતિ સાથે મને અને વિપુલધનરાશિ જોઈ. એણે વિશ્વાસઘાત કરી મારા પતિને સમુદ્રમાં ધકેલી દીધા અને મારી મજબૂરીનો લાભ લઈ એણે મારી સમક્ષ વિવાહનો પ્રસ્તાવ મુક્યો. હું નિરાધાર, અસહાય, લાચાર, અનાથ અબળા હતી. તેનો વિરોધ કરી હું મારું શીલભ્રષ્ટ કરવા ઈચ્છતી ન હતી. આથી મેં પણ તેની સાથે 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવી. મેં જ તેને કહ્યું કે હવે પછી જે બંદર આવશે, તે દેશના રાજાની સાક્ષીએ એની સાથે લગ્નગ્રંથિથી જોડાશે. તે દુષ્ટધૂર્ત મારી વાત સાચી માની ગયો. આથી હું અહીંયા સુધી સુરક્ષિત રૂપે આવી પહોંચી. હવે આપે શું કરવું તે આપ યોગ્ય જાણો છો. હવે મારું જીવન, શીલધર્મ અને ચારિત્ર આપને આધીન છે. મારી સાથે રહેલી આ વૃદ્ધા સ્ત્રી મારી રક્ષકદાસી છે, જે શૂન્યદ્વીપમાં પણ મારી સાથે જ હતી. આપ એને પૂછીને પણ મારી સત્યતા નક્કી કરી શકો છો. મેં જે કાંઈ સત્ય છે તે બધું આપને જણાવ્યું છે.

નૃપનરવર્માને મદાલસાની વાત પર વિશ્વાસ આવી ગયો હતો કારણ તેના પક્ષે સત્ય હતું. સત્યનો પ્રભાવ છે- તે મોતના મહાસાગર વચ્ચેય જીવનને સુરક્ષિત રાખી શકે છે. આફતોના ઝંઝાવાતો વચ્ચે પણ જીવનને આફત મુક્ત રાખી શકે છે. કાળઝાળ તોફાનો વચ્ચે પણ જીવનને સ્વસ્થ રાખી શકે છે. જેના પક્ષે સત્યકર્મની મૂડી છે. તેનું કોઈ કશું બગાડી ન શકે, તેનો વાળ પણ વાંકો ન કરી શકે.

નૃપ નરવર્મા શ્રેષ્ઠીના દોષો જાણી ચૂક્યા હતાં. શ્રેષ્ઠી ગુનેગાર સાબિત થઈ ચૂક્યો હતો. તે દંભી સાબિત થઈ ગયો હતો. કહેવત છે ને-

'પાપ છિપાયા ના છીપે, છીપે તો બડાભાગ
દાબી-દૂબીના રહે, રૂઈ લપેટી આગ'.

રૂ ગમે તેવું ઠંડુ હોવા છતાં તેમાં આગ પ્રગટ થતાં તે ગરમ થઈ જ્વાળા ધારણ કરી ભસ્મીભૂત કરવા સમર્થ છે તેવી જ સ્થિતિ છે પાપકર્મની. પાપકર્મ પ્રગટ થાય ત્યારે તેનું ફળ ભોગવ્યે જ છુટકો.

નૃપનરવર્માએ કુબેરદત્તને જેલમાં ધકેલી મુક્યો. તેની બધી જ સંપત્તિ રાજ્યભંડારમાં જમા કરાવી દીધી. પુત્રી સ્વરૂપ મદાલસા અને તેની વૃદ્ધાદાસીને રાજાએ પોતાની પુત્રી તિલોત્તમા પાસે અંતઃપુરમાં મોકલાવી આપી અને તિલોત્તમાને જાણ કરી કે આ તેની બેન સમાન મદાલસાને મોટીબેન માની મૈત્રીભર્યો વહેવાર કરવો. તેની હરેક જરૂરિયાતનો પૂર્ણ ખ્યાલ રાખવો અને તેની સાથે ભગિની ભાવે, સખીભાવે રહેવું.

નૃપનરવર્માએ મદાલસાને વિશ્વાસ આપ્યો કે પોતે પોતાના માણસોને કુમારની શોધમાં મોકલશે. કુમારની શોધ તે યોગ્ય રીતે કરશે. રાજાને વિશ્વાસ હતો કે એક દિવસ જરૂરથી તેનો પતિ મળી આવશે અને નૃપ તે અનાથને સનાથ કરી શકશે. તેમણે મદાલસાને કહ્યું, 'બેટી ! તિલોત્તમા જેવી જ તું મારી પુત્રી સમાન છે. તારું મન ધર્મધ્યાન, સ્વાધ્યાયમાં આસક્ત છે જે આવી પડેલ આપત્તિમાં ઉત્તમોત્તમ છે. રાજ્યમાં સુખ-સમૃદ્ધિ, રિદ્ધ-સિદ્ધિ-સંપત્તિની કમી નથી. તું તારી રીતે યથેચ્છ દાન-પુણ્ય કરી ધર્મારાધના કરી શકે છે.'

પિતાતુલ્યનૃપના પ્રેમભર્યા, મમત્વભર્યા, આત્મીયરણકા સાથેના વચનો સાંભળી મદાલસા આશ્વસ્ત તો થઈ જ પરંતુ લાગણીના પ્રવાહમાં ભાવવિભોર બની તેણે પોતાની પાસે રહેલા પાંચ દિવ્યરત્નોની નૃપ નરવર્માને વાત કરી અને એનો પ્રભાવ જણાવ્યો. તેણે કહ્યું, 'પિતાશ્રી ! આપના આત્મીય, પ્રેમાળ, મમત્વભર્યા વચનોથી હું ખૂબ વિશ્વસ્ત થઈ છું. પિતાશ્રી

હોવાને કારણે આભાર જેવા 'ક્ષુલ્લક' શબ્દો દ્વારા તે લાગણીનું અવમૂલ્યાંકન નહીં કરી શકું પરંતુ આપની સદાઋણી રહીશ. મારી પાસે જે પાંચ દિવ્ય રત્નો છે તેના દ્વારા હું મનોવાંચ્છિત દાન-સંપતિ પ્રાપ્ત કરી શુભકાર્યાર્થે વાપરી શકુ છું.

(૧) ભૂમિરત્ન - આ ભૂમિરત્નથી શયન, આસન, સ્વર્ણપાત્ર, આભૂષણ વગેરે ઈચ્છામાત્રથી પ્રાપ્ત થાય છે.
(૨) જલરત્ન - આ જલરત્ન દ્વારા ઈચ્છાનુસાર પાણીની પ્રાપ્તિ થાય છે.
(૩) વાયુરત્ન - આ વાયુરત્ન દ્વારા શીતળ, સુગંધિત અને અનુકૂળ દિશામાં પવન વાય છે.
(૪) તેજરત્ન - આ તેજરત્ન દ્વારા શાકભાજી, ફલ-ફળાદિ તેમજ રસોડાની કોઈપણ સામગ્રી ભોજન સ્વરૂપે તાત્કાલિક રીતે પ્રાપ્ત થઈ શકે છે.
(૫) ગગનરત્ન - આ ગગનરત્ન દ્વારા વિવિધ પ્રકારના ઈચ્છિત વસ્ત્રો મનોવાંચ્છિત રીતે પ્રાપ્ત કરી શકાય છે.

આ રત્નો આમજોતાં કલ્પવૃક્ષ સમાન છે. તેથી હે પિતા, હું યથેચ્છ દાન કાર્ય કરી શકું તેમ છું. મારે હમણાં તો મારું જીવન દાન-પુણ્ય જેવા સત્કાર્ય અને ધર્મારાધના જેવી ક્રિયાઓમાં પ્રવૃત કરવાનું છે. આપની સુરક્ષાથી મને અભયદાન પ્રાપ્ત થયું છે અને હું સુરક્ષિત બની છું જેથી મારી સર્વ ધાર્મિકક્રિયાઓ હું નિર્વિઘ્ને કરી શકીશ.

તિલોત્તમા પણ મદાલસાની ધર્મ-નીતિ યુક્ત વાતોથી પ્રભાવિત થઈ હતી. તે મદાલસાને પોતાની મોટીબેન જેવી સમજી તેની સાથે પ્રેમ-આદરપૂર્વક રહી તેની પાસેથી યોગ્ય શિક્ષા ગ્રહણ કરતી. ધીરેધીરે મદાલસાના નીતિજ્ઞાન અને ધાર્મિક વ્યવહારની મહેલ બહાર પણ ચર્ચા થવા લાગી. આથી મોટપલ્લી નગરની કેટલીક શ્રાવિકાઓ પણ ત્યાં આવતી. મદાલસા પોતાના પ્રવચન દ્વારા તેમને પણ ધર્માભિમુખ બનાવતી. આમ મદાલસા અહીંયા નિશ્ચિતપણે રહેતી પરંતુ તેના હૃદયમાંથી કુમાર ખસતો ન હતો. તે કુમારવિના પોતાને એકાકી, અસહાય, અનાથ માનતી અને વારંવાર માતાતુલ્ય વૃદ્ધાદાસી સમક્ષ પોતાના ભાવિજીવન વિષે ચર્ચા કરી પોતે દીક્ષા

ગ્રહણ કરશે તેમ કહેતી ત્યારે માતા તેને 'સમય બળવાન છે, બધાં સારાવાનાં થશે' કહી ધૈર્ય આપી દિવસો પસાર કરાવતી.

આ તરફ સમુદ્ર મધ્યે ફેંકાયેલા ઉત્તમકુમારે સમુદ્રમાં તરવા પેલે પાર નીકળવા અનેક પ્રયત્નો કર્યા પરંતુ તે ફાંફા મારવા તુલ્ય જ થયાં. સમુદ્રના અથાહ પાણીમાં તરવું શક્ય ન હતું. વિધિને કાંઈક ઓર જ મંજુર હતું. કરેલા કર્મો કદી કોઈને છોડે છે ? ક્યા ભવનું કર્મ ક્યારે ઉદયમાં આવે તે નિશ્ચિત નથી. જ્યારે કર્મોદય થાય છે ત્યારે તે કર્મ પોતાનો પરચો બતાવે છે. કર્મના પ્રભાવે કુમારને એક મત્સ્ય ગળી ગયો. કર્મવશાત્ તે જ દિવસે એ મત્સ્ય માછીમારોની જાળમાં ફસાયો. હવે પુણ્યોદય વિપાક શરૂ થતાં કુમાર તે મત્સ્યની જઠરાગ્નિમાં પણ જીવતો રહ્યો. મત્સ્યના પેટમાં પ્રાણવાયુ, ઓક્સિજનની કમી હોવાથી ત્યાં એને અચેતનાવસ્થા પ્રાપ્ત થઈ. માછીમારોએ ઘરે જઈ પોતાનું કાર્ય આરંભ્યુ. આવડા મોટા મત્સ્યથી તેઓ પોતાનો દિવસ શુકનિયાળ સમજતાં. તેમણે મત્સ્યનું પેટ ચીર્યું તો તેમાંથી અખંડ રૂપે મૃતપ્રાય, અચેતનાવસ્થામાં તેમને કુમાર પ્રાપ્ત થયો. કુમારનું પ્રભાવશાળી મુખારવિંદ અને સૌષ્ઠવયુક્ત કાયા જોઈ તેઓ પોતાને સવિશેષ નસીબદાર માનવા લાગ્યાં. તેઓએ કુમારની સારવાર કરતાં તેનામાં ચેતન આવ્યું. કુમારે માછીમારોનો આભાર માન્યો. અને ત્યાં તેમની સાથે રહેવા લાગ્યો. કુમારના વર્તન અને વાણીથી માછીમારો ખૂબ પ્રભાવિત થઈ ગયા અને કુમારને પ્રાપ્ત કરી પોતાને ધન્ય માનવા લાગ્યાં. કુમારે તેમને અનેક નવીન કળાઓ શિખવાડી અને માછીમારી જેવા હિંસક કાર્યથી તેઓને બીજી તરફ વાળવાનો પ્રયાસ કર્યો.

કુમાર પોતે અહિંસક. માછીમારોના હિંસક કાર્ય પ્રત્યે તેને નારાજગી, અણગમો જ હોય. તે માછીમારોને નવીન કામ પ્રત્યે રુચિ કેળવવા સમજાવતો. એ અનુસંધાનમાં તેઓ એકવાર મોટપલ્લી નગરમાં આવ્યા. કુમાર પણ સાથે જ હતો. તેઓ શહેરમાં ફરવા નીકળ્યાં. ફરતાં ફરતાં એક મહેલનું બાંધકામ ચાલુ હતું તે સ્થળે આવી પહોંચ્યા. મહેલ ભવ્ય રીતે બંધાતો હતો. તેની વાસ્તુશોભા, જડતરકામ અને કારીગરી

સુંદર હતી. કુમારને તો આ વિદ્યાનું તલસ્પર્શી જ્ઞાન હતું. આથી કુમારતો મહેલ જોતાં જ ઊભો રહી ગયો પરંતુ માછીમારોને બિચારાને એમાં શું સમજ, ગતાગમ પડે ? તેઓતો પોતાની ધૂનમાં આગળ નીકળી ગયા ત્યારે કુમારતો મહેલની ભવ્ય કારીગીરી જોતો ચકિત બની ઊભો જ રહી ગયો. આગળ ચાલી જતા માછીમારોને ખ્યાલ પણ નથી કે કુમાર તેમની સાથે નથી. એકચિત્તે મહેલની ભવ્યતા જોનારા કુમારને પણ ધ્યાન રહ્યું નથી કે માછીમારો આગળ નીકળી ગયા અને પોતે એકલો જ ઊભો રહી ગયો છે. સહુ પોતપોતાની ધૂનમાં વ્યસ્ત બની ચાલ્યે જ જાય છે.

કુમારે જોયું કે મહેલ તો અદ્વિતીય રીતે બંધાઈ રહ્યો છે, છતાં એની પારખુ નજરે તેની કમીઓ દેખાવા માંડી. તેણે વિચાર્યું', 'આ મહેલ આટલી ભવ્ય રીતે બંધાઈ રહ્યો છે. તે ઉત્તમ કલા-કારીગીરીના આદર્શ નમુના રૂપે છે. છતાં પણ જે ક્ષતિઓ મારી નજરે છતી થાય છે, તે તરફ અંગુલિનિર્દેશ કરી દૂર કરવામાં આવે તો ઉત્તમકાર્ય સંપન્ન થયું લેખાશે. ગમે તેવા સમ્યક્ત્વધારી તપસ્વી સાધુ હોય, વંદનીય-પૂજનીય હોવા છતાં કર્માવરણને કારણે, અવગુણ ક્ષતિને કારણે તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકતાં નથી તેવું જ આ મહેલનું છે. જો હું તેના વાસ્તુકારને મળી આ વિષયક જાણ કરું તો સારું' એમ વિચારી તે બંધાતા મહેલમાં દાખલ થયો. મુખ્ય વાસ્તુકારને મળ્યો. પ્રથમ તો મહેલની કારીગરી, બાંધણી, વાસ્તુજ્ઞાનની ચર્ચા કરી ખૂબ પ્રશંસા કરી. વાતચીતના દોર દરમ્યાન તેણે જાણ્યું કે વાસ્તુકાર ઉમદા ગુણયુક્ત, સજ્જન પુરુષ છે. આથી તેણે નમ્રતાપર્વક જણાવ્યું, 'મિત્ર ! તમારા વાસ્તુશાસ્ત્રના જ્ઞાન અને કલાકૌશલ્યથી હું ઘણો જ પ્રભાવિત થયો છું. પરંતુ આપને જો વાંધો ન હોય તો મારી દૃષ્ટિએ મહેલની બાંધણીમાં કેટલીક ક્ષતિઓ દેખાય છે તો આપ જો તે જાણવા ઇચ્છતાં હોય તો હું આપને નિવેદન કરું. માનવ માત્રની ફરજ છે કે તે અન્યને ઉપયોગી થવા પ્રયત્ન કરે.'

મુખ્ય વાસ્તુકાર ઉત્તમ કારીગર તો હતો જ સાથે તે ઉમદા, ગુણગ્રાહી અને વિશાળ હૃદયી હતો. કુમારના પ્રભાવશાળી વ્યક્તિત્વ,

વિનીત વાણી, વાતની રજુઆતની ઉત્તમ છટાથી તે પ્રભાવિત પણ થયો હતો. તેણે કહ્યું, 'ભદ્ર ! આપના સૂચન માટે ખૂબ આભાર. દરેક વ્યક્તિએ પોતાની ક્ષતિઓ જોવા, જાણવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. ક્ષતિઓ સફળતાની પૂર્ણતાનું સોપાન છે. ક્ષતિઓ જેટલી થશે, તે સુધરશે તેમ પૂર્ણતા તરફ પહોંચવાનો રસ્તો નજીક થતો જશે. ક્ષતિઓ જ માનવને ઘડે છે, ઘાટ આપે છે. ભણતરની પરીક્ષા પેપરથી નહીં પરિણતીથી કરવામાં આવે છે. દોડતાં ચાલવું એ પ્રગતિ નથી પરંતુ યોગ્ય રાહ પર ચાલવું એ જ પ્રગતિ છે. જે માનવી પોતાને પૂર્ણ સમજે છે તેનો વિકાસ અટકે છે, રુંધાય છે. જે પોતાને સતત વિદ્યાર્થી અવસ્થામાં જુએ છે, સતત્ત કાંઈક નવું શીખતા રહેવાની જિજ્ઞાસા કેળવે છે. તે કાંઈક નવું પામીને વિકાસમાર્ગે પ્રયાણ કરતો જ રહે છે. શિક્ષાને હંમેશા અપૂર્ણ માનનાર વ્યક્તિ પ્રાપ્ત કરતો રહે છે. આ વિશ્વ સ્વયં એક મોટી શાળા, વિદ્યાલય છે જ્યાંથી માનવ હરપળે નવું-નવું શીખતો જ રહે છે. આપે મારી ક્ષતિઓ પ્રત્યે જે અંગુલિનિર્દેશ કર્યો છે તેથી હું સદા આપનો ઋણી રહીશ. આપ મારી ત્રુટિઓ દર્શાવી મને અનુગૃહીત કરતાં રહો એવી અપેક્ષા પણ રાખીશ અને વિનંતી પણ કરીશ જ.'

કુમાર તો ઉદાર, સજ્જન હતો. વાસ્તુકારની વિનીત-વિનમ્ર વાણીથી સંતુષ્ટ થયો. એને લાગ્યું કે આ યોગ્ય વ્યક્તિ છે જેની સાથે મારી મૈત્રી ઉચિત રહે. જે માણસ પોતાના દોષ સ્વીકારવા તૈયાર છે, તે પરથી એટલું તો નિશ્ચિત છે કે તે દંભી નથી, કર્તવ્યનિષ્ઠ છે. સુકૃત્યોની અનુમોદના સામાન્યતયા એ જ કરી શકે જેને સુકૃતોના સેવનમાં આનંદ હોય. વાસ્તુકારમાં એને અનેક ગુણ દેખાયા. વાસ્તુકારને તેણે કલા-કારીગરી અનેક ક્ષતિઓ દર્શાવી. વાસ્તુકારને પોતાની ભૂલનું ભાન થયું. કુમારની સલાહાનુસાર તેણે ક્ષતિઓ સુધારી, આવશ્યક પરિવર્તનો પણ કર્યા.

વાસ્તુકારથી કુમાર પ્રભાવિત તો હતો જ પરંતુ વાસ્તુકારે જ્યારે બધી ક્ષતિઓ સ્વીકારી, સુધારી અને કુમારનો આભાર માન્યો ત્યારે કુમારે તેને કહ્યું, 'મિત્રશ્રી, તમારા કલા-કૌશલ્ય માટે માન-સન્માન તો છે જ

પરંતુ તમારી સજ્જનતા, નિરાભિમાનીપણું અને કાર્ય પ્રત્યેની સજ્જતાથી માન બેવડાય છે. મને ઘણો આનંદ થયો છે. આવો સુંદર મહેલ કોનો છે ?'

વાસ્તુકારે કહ્યું, 'પરદેશી મિત્ર ! તમારી કદરદાની માટે ખૂબ આભાર. આ મહેલ મોટપલ્લી નગરના મહારાજા નૃપનરવર્મા તેમની પુત્રી તિલોત્તમા માટે બનાવી રહ્યો છે. મહેલના નિર્માણના કાર્યની સમસ્ત જવાબદારી મારે શિરે છે. રાજાએ વિશ્વાસ અને શ્રદ્ધાથી જે કાર્ય સોંપ્યું છે તેને સંપૂર્ણ ન્યાય આપી સંપૂર્ણરીતે પાર પાડવું, યોગ્ય રીતે કરવું તે જ મારી ફરજ છે. આપનું મિલન થતાં હું મારી જાતને જાણી, પિછાણી શક્યો છું. હવે મને સમજાયું છે કે મારામાં પણ કેટલીક ત્રુટિઓ, ક્ષતિઓ રહેલી છે. તે ત્રુટિઓ પૂર્ણ કરવા માટે મને આપની સહાયની જરૂર છે, આપનું સાનિધ્ય આવશ્યક છે. આપ પરદેશી છો, એકલાં જ છો તો મારી આપને નમ્ર વિનંતી છે કે આપ મારી સાથે આ ઝૂંપડીમાં જ રહો જેથી આપના સાનિધ્ય અને સહવાસથી મારા જ્ઞાનમાં વૃદ્ધિ થતી રહે.'

ઉત્તમકુમારને પણ વાસ્તુકાર માટે આદર-પ્રેમ હતો જ. તેને માછીમારોની અપેક્ષાએ વાસ્તુકારનો સાથ યોગ્ય લાગ્યો. માછીમારોની વસ્તી આમપણ તેને ખૂંચતી હતી. એથી તેણે વાસ્તુકારની વાત સ્વીકારી અને તે ત્યાંજ રહેવા લાગ્યો.

આ તરફ આગળ જતાં માછીમારોને કુમાર સાથે નથી તેવો ખ્યાલ આવતાં જ તેઓ એને શોધવા લાગ્યા. આખોદિવસ સૂર્યાસ્ત સુધી કુમારની શોધ કરી પણ તેની ભાળ ન મળતાં તેઓ નિરાશ થઈ હતાશ મને વસ્તી તરફ પાછા ફર્યા.

થોડા સમયમાં મહેલનું નિર્માણકાર્ય પૂરું થવા આવ્યું. કુમારના સહયોગ અને સૂઝથી મહેલનો નિખાર કાંઈક ઓર જ હતો. સાધન-સામગ્રી તો ઉત્તમ હતી જ પણ સાથે ઉત્તમકલા-કારીગરીનો સમન્વય થાય તો પછી એના નિખાર માટે શું કહેવું ? સાતમાળનો ભવ્ય-વિશાળ મહેલ તેના સુંદર ભવનો અને કક્ષોથી દેદીપ્યમાન, સુશોભિત હતો. તેમાં સભાભવન, શયનાગાર, મંત્રણાગૃહ, પ્રસાધનગૃહ, ક્રીડાસ્થળ, વિદ્યામંદિર જેવા વિવિધ

કક્ષો, ભવનો આકર્ષક, નયનરમ્ય અને ભવ્ય હતા, જે જોનારની આંખોને મોહી લેતાં.

નૃપનરવર્માને મહેલકાર્ય પૂર્ણ થયાની જાણ કરવામાં આવી. રાજાના આવાગમન સમયે મુખ્યવાસ્તુકાર, મુખ્ય કારીગરો, મંત્રીઓ સાથે કુમાર પણ ઉપસ્થિત હતો. મહેલની ભવ્યતા, કલા-કારીગીરી જોઈ રાજા ખૂબ ખુશ થયો અને વાસ્તુકારને ધન્યવાદ આપી આવી ઉત્તમ કારીગરી વિષે તેની ખૂબ પ્રશંસા કરવા લાગ્યો. વાસ્તુકાર પોતાની પ્રશંસા સાંભળી ખુશ થઈ ચૂપ બેસી ન રહ્યો. સજ્જન વ્યક્તિ ગુણગ્રાહી હોય છે અને તે અન્યના ગુણોની કદર પણ કરે છે. અહીંયા તો વાસ્તુકારની અદ્ભૂત, બેનમૂન કલા-કૌશલ્યનું મહત્ત્વપૂર્ણ નિમિત્ત તો કુમાર-પરદેશીબાબુ જ હતો, તેના લીધે જ આવું ઉત્તમોત્તમ નિર્માણ શક્ય બન્યું હતું. આથી વાસ્તુકારે રાજાને કહ્યું, 'પ્રજાપાલક નૃપ ! આ મહેલની કલા-કારીગરીની આપ જે પ્રશંસા કરી રહ્યા છો તે યોગ્ય છે અને તેનું બધુ જ શ્રેય આ પરદેશી કુમારને છે. જો મહેલમાં કોઈ ત્રુટિ, ક્ષતિ રહી ગઈ હોય તો હું જ તેનો જવાબદાર છું પરંતુ પ્રશંસાને પાત્ર આ ઉત્તમકુમાર છે' તેમ જણાવી રાજાને બધી જ વાત કહી કુમારના સદ્ગુણો પ્રતિ રાજાનું લક્ષ પણ ખેચ્યું.

ઉત્તમકુમારને જોતાંજ રાજાના હૃદયમાં, મનમાં તેને માટે પ્રેમભાવ, આદરભાવ ઉત્પન્ન થયો. તેમાં વાસ્તુકારે પ્રશંસા કરી, તેના સદ્ગુણોથી વાકેફ કર્યા આથી રાજા સવિશેષ પ્રસન્ન થયો. કુમારને બોલાવી તેણે પ્રેમપૂર્વક પૂછ્યું, 'કુમાર આપ કોણ છો ? મોટપલ્લી નગરના સદ્ભાગ્યે આપ ક્યાંથી અહીં પધાર્યા છો ? ક્યું નામ ભાગ્યશાળી છે જે આપે ધારણ કર્યું છે ?'

ઉત્તમકુમારે સ્વભાવગત વિનય-વિવેક પૂર્વક કહ્યું, 'હું ક્ષત્રિય કુમાર છું અને દેશાટનની ઇચ્છાએ પરિભ્રમણ કરતાં અહીંયા આવી પહોચ્યો છું.'

પરદેશી કુમાર ક્ષત્રિયકુમાર છે જાણી રાજાનો આનંદ બેવડાયો પણ તેમણે વળતો પ્રશ્ન કર્યો કે, 'ક્ષત્રિયપુત્ર તો અસ્ત્ર-શસ્ત્ર અને રાજનીતિનો જ્ઞાતા હોય. તેના ક્ષેત્રમાં વાસ્તુવિદ્યા, શિલ્પવિદ્યા ક્યાંથી પ્રવેશી શકે ?'

કુમારે કહ્યું, 'પ્રજારક્ષક નૃપ ! વારાણસી નગરીનું નામ આપે

સાંભળ્યું જ હશે. તે નગરી વિદ્યા અને કલાનું કેન્દ્ર છે. ત્યાં બોંતેર પ્રકારની વિદ્યાઓ શીખવવામાં આવે છે. ત્યાં રહીને મેં આવી બધી વિવિધ કલાઓ, વિદ્યાઓનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. ક્ષત્રિય કુમારે દરેક વિદ્યાઓ શીખવી જોઈએ એવું માની મેં બોંતેર વિદ્યાઓ શીખવાની કોશીશ કરી છે અને શીખ્યો છું પણ તેમાંથી મને કઈ વિદ્યા કેટલી સારી આવડે તે તો સમય આવ્યે જ ખબર પડે, હજી પણ મને લાગે છે કે મારે કેટકેટલું શીખવાનું બાકી છે. દુનિયા એક જીવંત પાઠશાળા છે, જેમાંથી માનવે હરક્ષણે કાંઈક નવું શીખવું જ જોઈએ.

ક્ષત્રિય કુમારના આવા વિનીત, આત્મવિશ્વાસ સાથેના નિર્ભીક અને ચાતુર્યપૂર્વકના વચનો સાંભળી નૃપનરવર્મા અધિક પ્રસન્નતા, હર્ષ અનુભવવા લાગ્યા. રાજાએ ઉત્તમકુમારને મહેલે પધારવાનું આમંત્રણ આપ્યું. કુમારે પણ સસ્નેહ તેના આમંત્રણનો સ્વીકાર કર્યો અને કોઈ એક દિવસે તે જરૂરથી આવશે તેવો વિશ્વાસ પણ આપ્યો.

= X = X =

રાજકુમારી તિલોત્તમા પોતાની સખીઓ સાથે વન-વિહાર કરવા માટે રાજોદ્યાનમાં પહોંચી હતી. તિલોત્તમાએ મદાલસાને પોતાની સાથે ઉદ્યાનમાં ફરવા આવવાનું કહ્યું, પરંતુ મદાલસાને રોજિંદી ક્રિયામાંની સામાયિક કરવાની બાકી હતી, રોજિંદો ક્રમ કેમ બદલાય ? આથી તેણે તિલોત્તમાને કહ્યું "બેન ! તમે બધા ઉદ્યાનમાં ફરી આવો મારે હજી સામાયિક બાકી છે તે પતાવી દઉં"

સર્વદિશાઓ સૌમ્ય અને પ્રકાશપૂર્ણ હતી. વાસંતીવાયુ મંદ-મંદ ગતિથી વાઈ રહ્યો હતો. પુષ્પિત ઉપવનો વસંતના અસ્તિત્વની ઉદ્‌ઘોષણા કરી રહ્યા હતાં. અવની અને આકાશ પ્રફુલ્લિત હતાં. રાજોદ્યાનની શોભા પણ મનોરમ્ય હતી. રંગેબંરંગી ફૂલો વડે બાગ આકર્ષક લાગતો. તિલોત્તમા અને તેની સખીઓ બગીચાના ખૂણે મધુમાલતી અને કેતકીની ઝાડીઓ વચ્ચે બેસી વિનોદ વાર્તા કરી રહી હતી. હસી-મજાકનું વાતાવરણ છવાયેલું હતું. ત્યાંજ અચાનક રાજકુમારી તિલોત્તમાએ ચીસ પાડી અને નીચે ઢળી પડી. પહેલાં તો બધાને લાગ્યું કે રાજકુમારી મજાક કરે છે, રમતમાં તોફાની ચેન-ચાળા કરે છે પરંતુ જેવી તે ઢળી પડી કે તેની સખીઓ દોડી આવી. જોત જોતામાં જ તે બેહોશ બની ગઈ. તેના પગના અંગુઠા પાસેથી લોહી વહી રહ્યું હતું. સ્પષ્ટ રીતે જણાઈ આવ્યું કે કોઈ ઝેરીલો સાપ કુમારીને ડંખી ગયો છે. બધી સખીઓ કર્તવ્યમૂઢ બની રાજાને જઈ શું અને કેમ કહેવું તે વિચારમાં ખામોશ થઈ ગઈ. ત્યાં એક ચાલાક-ચબરાક સખી તરત જ રથને જ્યાં રાજકુમારી ઢળી પડી હતી ત્યાં લઈ આવી. તેણે અન્ય સખીઓને કહ્યું, 'જલ્દીથી આપણે રાજમહેલમાં પહોંચી રાજાને આની જાણ કરીએ. કારણ આ તો ઝેરીલો સાપ કરડેલો છે એટલે જોતજોતામાં ઝેર શરીરમાં વ્યાપી જશે, પ્રસરી જશે તો અનર્થ થઈ જશે માટે લાગણીવેડા, રોતલવેડા છોડીને મહેલ તરફ ચાલો.'

રથને પુરપાટ ગતિએ દોડાવતાં જલદીથી રાજમહેલમાં પહોંચ્યાં. રાજાને રાજકુમારીની વાત કરી, પછી તો વાયુવેગે વાત મહેલમાં અને ચોતરફ પ્રસરી ગઈ. રાજા-રાણીને તો તિલોત્તમા એકની એક લાડકવાયી

પુત્રી હતી. બન્ને જણા વ્યથિત થઈ રડવા લાગ્યાં. મંત્રીએ દોર હાથમાં લઈ લીધો. ચોતરફ માણસોને વૈદ્ય, હકીમ, ભૂવા, ગારુડીને બોલાવવા મોકલ્યા. બધા પોતપોતાની રીતે અજમાઈશ કરવા માંડ્યા, પણ કોઈની કારી કામ આવતી ન હતી. આથી નૃપ નરવર્મા હિંમત હારી જતા. શું મારી એકની એક લાડકવાયી પુત્રીને કોઈ નહીં બચાવી શકે તો ? રાજાના મંત્રી સમયના-જાણ, દુરંદર્શી હતા. તેમણે રાજાની આજ્ઞાથી તરત જ નગરમાં પડહ વજડાવ્યો, 'જે કોઈ રાજકુમારી તિલોત્તમાના શરીરમાંથી ઝેર શોષી લેશે, તેને જીવનદાન આપશે તેને રાજા પોતાનું રાજ્ય આપશે અને રાજકુમારી તિલોત્તમાના લગ્ન તેની સાથે કરાવશે.'

થોડીવારમાં જ દ્વારપાલ એક વ્યક્તિનો સંદેશો લઈ આવ્યો. તેણે કહ્યું, 'અન્નદાતા ! બહાર એક યુવાન પુરુષ આવ્યો છે અને તે જણાવે છે કે હું રાજકુમારીને નિર્વિષ કરી શકીશ.'

રાજાએ આદેશ આપી તરત જ તે યુવાનને અંદર બોલાવ્યો. ઉત્તમકુમાર અંદર આવતાં જ રાજા તેને ઓળખી ગયો. તે એના વિદ્યા-ચાતુર્ય, વિનય, સજ્જનતા થી તો પ્રભાવિત હતો જ પરંતુ અહીંયા તેની શ્રદ્ધા ડગમગવા લાગી. માનવીનો સ્વભાવ સ્વપક્ષે શંકાશીલ, નકારાત્મક રહે છે. જ્યારે પોતાને અંગત મુંઝવણ હોય, પોતાની અંગત વ્યક્તિનું જોખમ હોય ત્યારે તેનું વલણ નકારાત્મક ભણી દોડી જાય છે. અન્ય પક્ષે આવતી કે અપનાવાતી વાતને તે સરળ, સાહજિક અને મામૂલી માને છે, પરંતુ એ જ હકીકત જ્યારે સ્વપક્ષે આવે છે ત્યારે તેમાં રહેલી મુશ્કેલી, પ્રતિકૂળતા, જોખમનો ભાસ થાય છે અને તે નકારાત્મક, શંકાશીલ બની બેસે છે. કહેવાય છે, 'પારકે હાથે રોટલાની કોર જાડી જ લાગે' એ મુતાબિક રાજાને પણ કુમારના ચાતુર્ય, સજ્જતા પર વિશ્વાસ બેસી શકતો નથી, તે વિચારે છે, 'ક્ષત્રિયકુમાર, એક રાજપુત્ર ગારુડી વિદ્યાનો જાણકાર કેવી રીતે હોઈ શકે ?' અસ્ત્ર, શસ્ત્ર વિદ્યાતો તેને પ્રાપ્ત હોય પરંતુ આ ગારુડીવિદ્યા ! તેનું મન કબૂલ થઈ શકતું નહતું ત્યાં જ તેને કુમારનું કથન યાદ આવી ગયું, 'ક્ષત્રિય બાળકે હરેક પ્રકારની વિદ્યાઓ શીખવી જ જોઈએ. કોણ

જાણે કઈ વિદ્યાની ક્યારે જરૂર પડે ? મેં પણ બધી વિદ્યાઓ શીખી છે છતાં પણ મારી જાતને હું અજ્ઞ અને અલ્પજ્ઞ જ સમજુ છું. કઈ વિદ્યામાં પ્રવીણતા, પારંગતતા કેટલી પ્રાપ્ત થઈ છે, તે તો સમય આવ્યે તેની અજમાયશ કરતાં જ જણાય'. કુમારનું આવું બહુ પ્રતિભાસ્વરૂપ જણાતાં રાજાને વિશ્વાસ બેઠો કે કદાચ કુમાર રાજકુમારીને જીવંત કરી શકે, કદાચ રાજાને વિશ્વાસ ન પણ બેસે તો પણ પાસે બીજો કોઈ વિકલ્પ જ ન હતો. તેમની બધી કારીઓ નિષ્ફળ ગઈ હતી.

આ તરફ કુમાર તો રાજકુમારીને નિર્વિષ કરવાના ઉપાય કરતો હતો. તેનું સંપૂર્ણ ધ્યાન રાજકુમારીમાં જ લાગેલું હતું. રાજાના ચહેરાપરના ભાવો તરફ નજર નાખવાની તેને ફુરસદ પણ ન હતી. રાજાએ કુમારને કહ્યું, 'સર્વ વિદ્યાના જ્ઞાની કુમાર, તમે જે મહેલ બનાવ્યો છે તે આ-મારી એકની એક પુત્રી માટે જ છે. ત્યાં તો તમારી હોંશિયારી, ચાતુર્ય મેં નજરોનજર નિહાળ્યું છે. તમે ઉત્તમ કામગીરી કરી છે. હવે તમે એ મહેલમાં રહેનારી મારી પુત્રી તિલોત્તમાનું જીવન બચાવી લ્યો. એ હશે તો જ એ મહેલ રહેશે, નહીંતર ઉત્તમ કલાકારીગીરીયુક્ત તમારો બનાવેલો મહેલ કદાચ તમારે જ તોડવાનો વારો ન આવે. નરોત્તમ કુમાર, હું આપને નમ્ર વિનંતી, પ્રાર્થના કરુ છું કે મારી પુત્રીને તમે તમારી બધી શક્તિઓ ખર્ચીને પણ બચાવી લો. હું તમારો હંમેશ માટે ઉપકારી, કૃતજ્ઞ રહીશ. મારું આ કાર્ય તમે જ કરી શકશો, એવી મને આશા બંધાયેલ છે. તમારામાં જ હવે મારો વિશ્વાસસંપન્ન થયેલો છે તો હવે મને નિરાશ ન કરશો, મારા વિશ્વાસનો ઘાત ન કરશો.'

કુમાર તો પોતાની ક્રિયામાં વ્યસ્ત જ હતો. તેને તો યેનકેન પ્રકારે પણ આ રાજકુમારીને બચાવવાની હતી. પિતાનો પુત્રીપ્રેમ જોઈ કુમાર વિહ્વળ બની ગયો હતો. તેને રાજાને આશ્વાસન આપતાં કહ્યું- 'હે પૃથ્વીપતિ ! હવે તો તમારી ચિંતા એ મારી ચિંતા છે. આપ ખોટી ચિંતા છોડીને નમસ્કાર મંત્રનું આરાધન શરૂ કરો. મને મારી વિદ્યાપર સંપૂર્ણ વિશ્વાસ છે. હું રાજકુમારીને નિર્વિષ કરીશ જ',

ઉત્તમકુમારે ગારુડીમંત્રનો પ્રયોગ કર્યો. તેણે અનેક વિદ્યાઓ અજમાવી. ધીરેધીરે મંત્ર અને વિદ્યાને પ્રભાવે રાજકુમારી ઝેરની અસરમાંથી મુક્ત થવા માંડી. થોડીવાર પછી રાજકુમારી ધીમે ધીમે ભાનમાં આવતી ગઈ. પછી રાજકુમારી બેઠી થઈ ગઈ, અને ચારે તરફ વિહ્વળ નજરે જોવા લાગી.

રાજકુમારીને ભાનાવસ્થામાં આવેલી, જીવિત સ્વરૂપે જોઈ તે શોકાકુલ પરિવારમાં આનંદની છોળો ઊડવા માંડી. બધે આનંદ-ઉલ્લાસનું મોજું ફરી વળ્યું. બધાએ 'પરદેશી કુમાર'નો જયજયકાર કર્યો. આનંદના અતિરેકમાં નૃપ નરવર્મા તો તેને ભેટી જ પડ્યો. રાજકુમારીને કુમાર તરફ અંગુલિનિર્દેશ કરતાં કહ્યું, 'પ્રાણવલ્લભા ! આ કુમાર તારો જીવનદાતા અને પ્રાણરક્ષક છે. તેણે પોતાના જીવના જોખમે તારો જાન બચાવી તને નવજીવન બક્ષ્યું છે. હવે તો તારા જીવન પર એનો જ અધિકાર છે. હવે તો એ જ તારો જીવનાધાર અને પ્રાણેશ્વર છે. માટે બેટા, તારે એનો સ્વીકાર કરવાનો છે.'

કુમારને જોતાં જ રાજકુમારીના મન મંદિરનો મોરલો નાચી ઊઠ્યો જ. પરંતુ સ્ત્રી સહજ સ્વભાવે તે લજ્જાયુક્ત, શરમિંદી બની ગઈ. તેણે પોતાના જીવનરક્ષક કુમારને પ્રણામ તો કર્યા પણ પછી તરત જ લજ્જાતી, શરમાતી, ત્રાંસી નજરે કુમાર તરફ જોતી મહેલના અંદરના ભાગમાં સરકી ગઈ. તરત જ રાજાએ મંત્રીઓ, સભાસદોને બોલાવ્યાં. કુમારને રાજજમાઈને યોગ્ય પોષાક પહેરાવી, યોગ્ય માન-સન્માન આપી વિધિવત્ કુમાર અને રાજકુમારી તિલોત્તમાની સગાઈ જાહેર કરી.

યોગ્ય મૂહૂર્ત, શુભ ચોઘડીયે અને મંગળ દિવસે કુમાર અને તિલોત્તમાના લગ્ન લેવાયાં. રાજાએ વિધિવત્ તિલોત્તમાનું કન્યાદાન કર્યું. અને કુમારે વિધિવત્ તિલોત્તમા સાથે પાણિગ્રહણ કર્યું. હવે બન્ને વિવાહ-સૂત્રમાં બંધાઈ ગયા. હવે કુમાર સાચા અર્થમાં રાજકુમારીનો પ્રાણરક્ષક, જીવનરક્ષક બની ગયો.

રાજાએ હવે કુમારને વિધિવત્ પોતાના રાજ્યનો ઉત્તરાધિકારી જાહેર

કર્યો. કોઈ એક દિવસે શુભ મૂહુર્તે, મંગળચોઘડિયે રાજાએ નવપરિણીત યુગલને નવા મહેલમાં રહેવા માટે મોકલ્યાં. હવે તો કુમાર પોતાની પ્રાણવલ્લભા સાથે સ્વર્ગીય સુખો માણવા લાગ્યો. તેમનું રાજસી વૈભવ સાથેનું દામ્પત્યજીવન આનંદ-કિલ્લોલપૂર્વક પસાર થતું.

આ તરફ મદાલસા પોતાની વૃદ્ધાદાસી સાથે રાજકુમારીના જુના મહેલમાં રહેતી હતી. તેણે પોતાના મન સાથે સમાધાન સાધી લીધું હતું. તે માનતી, 'પાપોદયકર્મ નો ઉદય તો છે જ કે જેથી પતિ વિયોગ થયો. પતિમિલન થતું નથી, તેના વિષયક માહિતી ન મળવા છતાં પણ હજી મારા હૃદયમાં ઊંડે ઊંડે આશા છે, ધીરજ છે કે મને મારો પ્રાણનાથ મળશે જ, અને તે આશાના દોરડે અને ધીરજના પગથીયે તેનું જીવન પસાર થતું. નમસ્કારમંત્ર જાપ તેના અવિરત ચાલુ રહેતા. પંચદિવ્ય રત્નોની સહાયથી તેનો દાન-પુણ્યનો સ્રોત અવિરત ચાલુ રહેતો. શ્રાવિકાઓ સાથે જ્ઞાનચર્ચા, ધર્મચર્ચા પણ થતી. આથી તેનો સમય સદ્‌કાર્યો અને ધાર્મિક પ્રવૃત્તિમાં જ પસાર થતો. તિલોત્તમા તેને વારંવાર પોતાના મહેલ પર આવવાનું નિમંત્રણ આપતી. તે પોતાના લગ્નસમયે હાજર ન રહીં તેનું દુ:ખ વ્યક્ત કરતી પરંતુ મદાલસા પાસે એક જ પ્રત્યુત્તર હતો. 'પતિની ગેરહાજરીમાં, પતિ વિરહે ઝૂરતી સતી સ્ત્રીને શણગાર સજવો, ખુશીના પ્રસંગે સાજ સજી, તૈયાર થઈ જવું ઉચિત લાગતું નથી. મારું વિરહી મન પણ આવા કાર્યમાં ચોંટતું નથી. માટે બેન મને માફ કર. તારા શુભ પ્રસંગે મારે આવવાની ફરજ હોવા છતાં પણ ફરજમાંથી હું ચ્યૂત થઈ છું. મને આશા છે કે પ્રભુ કૃપા થશે તો આ બધાનો બદલો હું તને એકીસાથે વાળી આપીશ. તારા દરેક પ્રસંગોએ પ્રત્યક્ષ નહીં પણ પરોક્ષ રીતે હું હાજર હતી જ, અને મારા શુભાશિષો, શુભેચ્છાઓ હંમેશા તારી સાથે જ હોય છે.' તિલોત્તમા પણ તેની વિરહાવસ્થાને કારણભૂત માની તેને માફ કરી તેવા જ સખીભાવે, ભગિનીભાવે તેની સાથે રહેતી.

કર્મની લીલા અકળ છે. વિધિની વિચિત્રતા અને વિડંબના પણ કેવી...? એક જ કુંટુંબમાં, એક જ ગામમાં બંન્ને રહેવા છતાં પણ બંન્ને

અજાણ. બંન્ને જણાને પરસ્પરનો વિયોગ સાલે છે. કુમાર પણ હજી મદાલસાને ભૂલ્યો નથી. તેને તો એમ જ છે કે તે બિચારી અબળા, પેલા દુષ્ટ કુબેરદત્તના પંજામાં જ ફસાયેલી હશે, ત્યાં તેની શી દશા હશે ? પોતે વિચારતો કે પોતે જરા ઠરીઠામ થાય પછી મદાલસાની શોધ આરંભે અને દુષ્ટને તેના કુકર્મોની સજા કરે... તેને ખબર નથી કે તે કુકર્મી, દુષ્ટ કુબેરદત્ત પણ આ જ નગરના કારાગારમાં કેદ થયેલો છે.

વૃદ્ધા દાસી વ્યવહારુ હતી. તે ક્યારેક મહેલની બહાર નગરમાં નીકળતી. તેણે રાજકુમારી તિલોત્તમાના પતિ વિષે કેટલીક વાતો સાંભળેલ. મદાલસાનો પતિ કોઈ પરદેશી રાજકુમાર છે. રાજકુમારીના આ મહેલનો મુખ્ય વાસ્તુકાર, સૂત્રધાર પણ તે જ છે. તેણે પોતાની ઉત્તમ વાસ્તુકલાસૂઝથી આવા સુંદર, બેનમૂન ભવન, મહેલનું નિર્માણ કર્યું છે. આ કુમાર બોતેર વિદ્યામાં પ્રવીણ, પારંગત છે. તેણે જ વિષથી મૂર્છિત, બેભાન થયેલી રાજકુમારીને નિર્વિષ, સભાન, જીવંત કરી છે. તેનું રૂપ, સૌંદર્ય અને શરીરસૌષ્ઠવ બેનમૂન છે. તે ઉત્તમપુરુષના સઘળા લક્ષણોયુક્ત નરશ્રેષ્ઠ, નરોત્તમ છે. મદાલસાની વૃદ્ધાદાસી તિલોત્તમાના પરદેશી પતિની આવી વાતો સાંભળી મનોમન વિચારતી. 'આ પરદેશી યુવક જ મારી મદાલસાનો પતિ ઉત્તમકુમાર હોય તો ?' પણ તરત જ મન દલીલ કરતું, 'તેને તો પેલા દુષ્ટે મધદરિએ ધકેલ્યો છે તો તે જીવિત હશે ? આંતરમન પુકારી ઉઠતું 'જીવિત તો હશે જ' પરંતુ પાછી મનોમન પ્રતિ-દલીલો થતી. જીવિત હોય તો પણ તે આ જ નગરમાં કેવી રીતે આવી પહોંચે ? આ વિશાળ દુનિયામાં આવા શ્રેષ્ઠી પુરુષોનો ક્યાં તોટો હશે ? **'બહુરત્ના વસુંધરાઃ'** આવા અનેક નરશ્રેષ્ઠીઓને કારણે તો પૃથ્વી ટકી રહેલી છે.

સમય પસાર થતાં સામાન્ય રીતે દુઃખ ઓછું થતું જાય છે, વિસારે પડે છે. **'દુઃખનું ઓસડ દહાડા'** એમ ક્રમશઃ દુઃખની ઉગ્રતા ઘટતી જાય છે, તૂટતી જાય છે અને માનવી સ્વસ્થ, હળવો બનતો જાય છે તેવું જ ધીરજની બાબતમાં છે. દિવસો પસાર થતાં ગયા તેમ મદાલસાની ધીરજ ઓછી થવા લાગી, આશાની દોર તૂટવા માંડી. તેને વિરહી દિવસો અસહ્ય થઈ પડ્યાં

હતાં. તેનું મન હવે વધુ સમય તેની રાહ જોવા કબૂલતું નહતું. તેણે મનોમન દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. પૂર્વે વૃદ્ધા દાસી માતાએ એને આપઘાત સમક્ષ લીલી ઝંડી ધરી હતી, જે તે ભૂલી શકી ન હતી, આથી એણે દીક્ષાના સંકલ્પની વૃદ્ધામાતાને જાણ કરતાં કહ્યું, 'માતા ! હવે આ જીવન મને અસહ્ય બની રહ્યું છે. પતિને પ્રાપ્ત કરવાની મારી આશા હવે ઠગારી નીવડી છે. હવે હું ત્રણ મહિના યથેચ્છ દાન-ભક્તિ કરવા ઈચ્છુ છું આથી તમે રાજાને કહી નગરની બધી જ દાનશાળામાં જાહેરાત કરી જ્યાં જેંટલી દ્રવ્ય-સંપતિની જરૂર હોય તેની માહિતી એકઠી કરી જણાવો જેથી દિવ્યરત્નો દ્વારા તેની વ્યવસ્થા કરી શકાય. માત્ર મોટપલ્લી નગર જ નહીં પરંતુ તેની આસપાસ બધે જ કોઈ દરિદ્ર, દુઃખી, અસહાય ન રહે તેનું ખાસ ધ્યાન રાખવાનું છે- માતા, યથેચ્છ દ્રવ્ય, સંપત્તિ વગેરે પ્રાપ્ત કરી દાન કરી આ પાંચ દિવ્ય રત્ન આપણે નાની બેન મદાલસાને પ્રેમપૂર્વક સોંપી દઈશું, કારણ તે સંસારી જ રહેવાની જેથી રત્નો તેને ભવિષ્યમાં ઉપયોગી થશે, આપણે માટે પછી તે બિનઉપયોગી થશે.'

પુત્રીની વાત સાંભળી વૃદ્ધાદાસીએ કહ્યું, 'બેટી, તું આટલું ધૈર્ય ધારણ કરનારી છે. તારી સૂઝ-શક્તિ, સહનશક્તિ અને આત્મશક્તિ અમાપ છે, તું આટલી જલ્દી હિંમત હારી જશે ? તારા જેવી ધર્મનિષ્ઠ, સમજુ વ્યક્તિ આટલી જલ્દી થાકી જશે, અધીરી થઈ જશે તો સામાન્ય સ્ત્રીઓની શી દશા થશે ? તારુ દુઃખ સમજી શકાય તેમ છે, છતાં પણ થોડો સમય ધીરજ ધરવી ઉચિત છે તેમ મારું મન કહે છે. બેટી ! કેટલાક દિવસથી તને એક વાત કરવા મન અધીરું થાય છે, પરંતુ તારા દુઃખને જોઈ હિંમત ચાલતી નથી તો આજે એક વાત કરી જ દઉં- હું બહાર જાઉં છું ત્યારે મેં તારી નાનીબેન તિલોત્તમાના પરદેશી પતિ વિષે કેટલીક વાતો સાંભળી છે. તે કોઈક વિદેશી રાજકુમાર-ક્ષત્રિય કુમાર છે. બાહ્ય દેખાવે તે સૌદર્યવાન, સ્વસ્થ અને સૌષ્ઠી છે, તેવી જ રીતે અંતરિક ગુણોમાં પણ તે ચઢિયાતો છે. વળી પુરુષોને યોગ્ય એવી બોંતેર કળામાં તે પારંગત છે. જે મહેલમાં તિલોત્તમાકુમારી રહે છે તેનું નિર્માણ તે પરદેશી કુમારે જ કર્યું છે. ગારૂડી

બની મંત્રોચ્ચાર કરી રાજકુમારીને વિષમુક્ત કરી જીવન પણ તેણે જ બક્ષ્યું છે. તે ખૂબ શૌર્યવાન, પરાક્રમી, શૂરવીર છે. આવા તેના ઉત્તમગુણો ને સાંભળતાં મારું મન કહે છે કે આ પરદેશી કુમારએ આપણો વીર ઉત્તમકુમાર જ ન હોય.'

મદાલસાએ કહ્યું, 'માતા ! તમે મારા મનની જ વાત કહી. તિલોત્તમા તેના પતિ વિષે વાતો કરી તેના ગુણોનું વર્તન કરતી ત્યારે મને પણ આવો જ વિચાર આવ્યો. '**बहुरत्ना वसुंधरा:**' 'પૃથ્વી પર આવા અનેક રત્નો જન્મ લે છે '-માની મેં મારા મનને વાળી લીધું છે. માતા, હજી મારા પાપકર્મનો અંત આવ્યો નથી. પાપકર્મ પ્રબળ રીતે પ્રવર્તે છે. મારી આશા ઠગારી છે, સમય ના દિલાસા બધા ઝૂઠા છે. મારા તકદીરમાં હવે સ્વામીના દર્શન નથી, માટે દીક્ષા એ જ ઉત્તમમાર્ગ છે.

વૃદ્ધા દાસીએ કહ્યું, 'બેટી, ખરેખર તું ખોટી હિંમત હારે છે. આટલો વખત ધીરજ-ધૈર્ય દાખવ્યું છે તો થોડો વધુ વખત મારું કહ્યું માનીજા. કર્મની ગતિ વિચિત્ર છે. '**ઘડીમાં રડાવે છે તો ઘડીમાં હસાવે છે.**' જો તું મને મંજુરી આપે તો હું એકવાર તિલોત્તમાના મહેલે જઈને મારી સગીઆંખે પરદેશી કુમારને જોઈ મારા મનથી ખાત્રી કરી લઉં-'

કર્મબંધન, કર્મની વિચિત્રતા પર વિશ્વાસ કરનારી મદાલસાનું મન પણ કલ્પનાના ઘોડલે વિહરવા લાગ્યું. વૃદ્ધા દાસીની વાતમાં તેને પણ તથ્ય ભાસ્યું- મનમાં સંકલ્પ- વિકલ્પ, આશા-નિરાશાના તરંગો ઉઠવા લાગ્યા. મથામણને અંતે તેણે વૃદ્ધા માતાને તિલોત્તમાના મહેલમાં જવાની મંજુરી આપી.

મંજુરી મળતાં જ વૃદ્ધા માતા હરખભેર તિલોત્તમાના મહેલે પહોંચી. તેણે ઉત્તમકુમારને જોયો, પરંતુ આખની નબળાઈ ને કારણે વૃદ્ધા પૂર્ણતઃ નિશ્ચિત ન કરી શકી કે આ જ ઉત્તમકુમાર છે. તેના મનમાં દ્વિધા ઉત્પન્ન થઈ રહી. અનિશ્ચિતતાના વંટોળમાં સપડાયેલી ક્યારેક તે માનતી કે આ કુમાર જ છે અને ક્યારેક લાગતું કે આ તેને મળતો ચહેરો છે, પરંતુ બીજો કોઈ માણસ છે. દ્વિધામાં ફસાયેલી તે મનોમન મદાલસાને શું જવાબ આપવો

તે વિચારતી રહી. મદાલસા પાસે આવી તેણે કહ્યું - 'બેટી ! તિલોત્તમાના મહેલે જઈ કુમારને જોયો તો ખરો. સાચું કહું તો મારું મન દ્વિધામાં અટવાયેલું છે, તેનો ચહેરો- મહોરો, શકલ-સૂરતથી તે ઉત્તમકુમાર જ લાગે છે પરંતુ વળી ક્યારેક થોડુંક અંતર પણ જણાય છે. આમ દ્વિધામાં ફસાયેલી હું નિશ્ચિત નથી કરી શકતી કે આ કુમાર તે આપણો ઉત્તમકુમાર જ છે.

વૃદ્ધા માતાના વચન સાંભળી મદાલસા એક વખત માની બેઠી કે આ તેનો જ ઉત્તમકુમાર હશે. અને એ વિચારે જ તેનાં વિરહી મનમાં પ્રેમતરંગો ઝણકી ઊઠ્યાં. તે મનોમન કુમાર સાથે પ્રેમાલાપ કરવા માંડી. જાણે તેને પોતાનો પતિ મળી જ ગયો હોય તેમ સમજી પ્રસન્ન ચિત્તે મધુર કલ્પનાની સોનેરી દુનિયામાં વિહરવા લાગી અને તે પણ મુક્ત વિચારોના કાલ્પનિક ઘોડે... ત્યાં જ તેનું આંતરમન પોકારી ઊઠ્યું' રે સતી સ્ત્રી- આવું વિકારી, પાપી મન છે તારે... જોયા વિના, જાણ્યાવિના તે અજ્ઞાત પુરુષને તે તારો જ પતિ, પ્રાણનાથ માની લીધો અને તેની સાથે પ્રેમાલાપ પણ કરવા લાગી. શું તારે તારા આવા ઉત્તમ ચરિત્રને કલંકિત કરવાનું છે ? શું આટલી જલ્દીથી તારી ધીરજ, હિંમત ખૂટી ગઈ અને પરપુરુષમાં આસક્ત બની ગઈ- ક્યાં ગયા તારા ધાર્મિક વિચારો... સંસ્કારો... ? તેને થયું આટલી દીર્ઘ તપશ્ચર્યા, ચરિત્રધર્મ સ્વીકાર્યા પછી પણ મનનાં વિકારો આમ શિથિલતા આણી શકે ? ના, આવું હરગિજ નહીં થઈ શકે. કોઈપણ ભોગે મારે મારા શીલ, ચરિત્રની રક્ષા કરવી જ જોઈએ. **'મન તો માંકડુ કહેવાય છે'** તેને અંકુશિત કર્યે જ છુટકો...

આમ વિચારી તેણે મન અંકુશિત કરવા માટે નવકારમંત્રના જાપ શરૂ કરી દીધા. મનને એકાગ્ર કરી ધર્મકાર્યમાં સ્થિર કર્યું. આમ ધર્મ પ્રભાવથી અંકુશિત થતાં મન પર સમ્યક્ત્વ ની શુદ્ધ છાયા ઊતરી આવી. હવે તે નિંશ્ચિત બની ગઈ.

★ ★ ★

રાજ જમાઈ ઉત્તમકુમાર તો પોતાના કાર્યમાં વ્યસ્ત હતો. વૃદ્ધા દાસી તિલોત્તમા પાસે તેના કક્ષમાં ગઈ, થોડીવાર બેસી વાતચીત કરી અને કુમાર સામે નજર કરી, પોતાને જે જોવું હતું તે નિહાળી જલ્દીથી ત્યાંથી પાછી ફરી હતી. કુમારની નજર તે વૃદ્ધા દાસી પર પડી હતી. તેણે જોયેલું કે તે તિલોત્તમાના કક્ષમાંથી બહાર નીકળી છે. અને ઝડપથી સરકી ચાલી ગઈ. તેણે વૃદ્ધાને પાછી ફરતી જોઈ હતી આથી તેણે માત્ર વૃદ્ધાની પીઠ જોઈ, તેનો ચહેરો નહીં. તેને આશ્ચર્ય થયું. રાજમહેલમાં વૃદ્ધા કોણ છે ? કેમ ઝડપથી સરકી ચાલી ગઈ ?

તેણે તિલોત્તમાને પૂછ્યું 'પ્રાણેશ્વરી ! તારા કક્ષમાં હમણાં કોઈ વૃદ્ધા આવેલી ! તે કોણ હતી ! અને તે કેમ આવેલી ?'

તિલોત્તમાએ કહ્યું, 'પ્રાણનાથ ! તે વૃદ્ધાની તો રોમાંચક કથની છે. બિચારી એક અનાથ અબળા અમારા મહેલમાં રહે છે તેની વાત છે. કેટલાક સમય પહેલાં અમારે ત્યાં એક પરદેશી સ્ત્રી આવી છે. તે અનાથ, નિરાધાર હોવાથી અમારા મહેલમાં રહે છે. આ વૃદ્ધા તેની દાસી છે. તે બિચારી, પેલી પરદેશી સ્ત્રીના વૈરાગ્ય, વિરક્તિભાવની વાતો કરવાં આવી હતી. પેલી પરદેશી બિચારી, તેના પતિના વિરહમાં ઝૂરે છે અને હવે તેના પતિના પાછા ફરવાની આશા ગૂમાવતી જાય છે તેથી દીક્ષા લેવા અંગે વિચારે છે પરંતુ આ વૃદ્ધા દાસી ખરેખર એક માતાથી પણ વિશેષ છે જે પેલી પરદેશીસ્ત્રીની માતાની ગરજ પણ પૂરે છે. તમે અહીંયા હાજર હતા નહીં, નહીંતર તમારો પરિચય પણ હું એને કરાવેત. વારુ ફરી ક્યારેક જરૂર પરિચય કરાવીશ. ખરેખર તેઓ બહુ સદ્ગુણી, સાત્ત્વિક અને સત્યનિષ્ઠ છે.'

તિલોત્તમાની વાત સાંભળી કુમારને આ સ્ત્રી વિષે વધુ સાંભળવાની, જાણવાની ઈચ્છા થઈ આવી. પ્રથમ તો પોતે આ સ્ત્રી મદાલસા હશે કે કેમ તેના વિચારોમાં ખોવાઈ ગયો. તેને થયું કે 'વારુ ! તે વૃદ્ધા દાસીનો ચહેરો જોઈ શકાયો નહીં, જો કદાચ તે જોવાઈ ગયો હોત તો જરૂર તે વૃદ્ધા દાસીને હું ઓળખી જાત, કારણ મદાલસા સાથે આ વૃદ્ધા રહેતી હતી. તિલોત્તમાની

વાત પરથી એવું જ ભાસિત થાય છે કે તે મારી મદાલસા હશે. તે પણ અનેક ગુણોની ખાણ છે. તેની સજ્જનતા, સત્યનિષ્ઠા, ધર્મપ્રત્યેની લાગણી-રુચિ પણ ક્યાં ઓછા છે ? મારું માનવું છે કે તે મદાલસા હોય, પણ તે બિચારીના નસીબ ક્યાં કે આવાં સુંદર સ્થળે આશરો પ્રાપ્ત કરી શકે ! તે બિચારી તો પેલા દુષ્ટ વણિકના પંજામાં ફસાઈ હશે, પેલાએ તેના શા હાલ-હવાલ કર્યા હશે કોને ખબર છે ? હવે હું સ્થિર થયો છુ, તો મારે અન્ય કાર્યોને એકબાજુએ મુકી પ્રથમ મારી પ્રાણપ્રિયા, વલ્લભા મદાલસાની શોધ શરૂ કરવી જોઈએ. કારણ તેને તે દુષ્ટ વણિકની ચુંગાલમાંથી છોડાવવી મારી નૈતિક ફરજ છે.

ત્યાં જ તેનું આંતરમન પોકારી ઊઠ્યું, ના... તે સ્ત્રી મદાલસા જ હશે. અને કુમારના ચહેરા પર આનંદ-ઉલ્લાસના ભાવો ફરી વળ્યાં. તિલોત્તમાના ચહેરા સમક્ષ તે સ્ત્રી જાણે મદાલસા હોય એમ મનોમન તેની સાથે પ્રેમાલાપ કરવા લાગ્યો. ત્યાં જ તેને વિચાર આવ્યો, 'રે પાપીમન ! તે પરસ્ત્રીમાં તને મદાલસા ક્યાં જણાવા લાગી, વૃદ્ધાદાસી તો કોઈની પણ સાથે હોઈ શકે. તેની સાથે વૃદ્ધાદાસી છે એટલા જ સત્યને આધારે તે પરસ્ત્રી મદાલસા છે તેમ માની તેના રાગમાં રંગાવુ, પરસ્ત્રીને પોતાની માનવી તે ઘોર પાપ છે. મારી નીતિમત્તા, ચારિત્ર અને શીલ માટે તો હું વનદેવી સમક્ષ પોતાના પ્રાણ તજવા તૈયાર થયેલો તે હું અત્યારે પરસ્ત્રી તરફ આકર્ષાઈને શા માટે મારા શીલ-ચારિત્રને જોખમમાં મુકુ છું ? હવે તો મારે બસ તેની શોધ શરૂ કરવી એ જ મારું પ્રથમ કર્તવ્ય છે. આમ તે વિચારોના સંકલ્પ-વિકલ્પોમાં ખોવાયેલો, મગ્ન હતો આથી તે તિલોત્તમાને એ સ્ત્રી વિષયક વિશેષ પુછી પણ શક્યો નહીં. ત્યાં જ મહેલમાંથી રાજાનું તેડું આવ્યું અને કુમાર ત્યાં જવા રવાના થઈ ગયો અને તિલોત્તમા સાથે તે પરદેશી સ્ત્રીની જે વાત કરવાની હતી તે ત્યાં જ અટકી ગઈ.

પૂર્વે કરેલા કર્મો કોઈને છોડતાં નથી. કર્મસત્તાનું પ્રાબલ્ય તેનો પરચો દર્શાવે જ છે, કર્મનો ક્ષય થતાં અનંતગુણના માલિક બનાય છે. પરમાત્મા સર્વ કર્મોનો ક્ષય કરીને અનંતગુણના માલિક બને છે. સંયમ અને

સમજપૂર્વકની આરાધનાથી કર્મ ક્ષય થાય છે. જે જીવ ધર્મને સમજે છે, પામે છે ત્યારે તેના કષાયો જે અવસ્થામાં હતા, આત્માને સતાવતા હતા, તેજ કષાયો ધર્મારાધના પછી નબળા પડે છે, હલકા પડી ઓછા થાય છે. પાપમય જીવનમાં કષાયો, અહમ્ માનવીને અકળાવી ઝગડો-લડાઈ સુધી પહોંચાડતા. જ્યારે ધર્મમય જીવન પ્રાપ્ત થયા પછી મન ઉકળાટ કે વ્યગ્રતા અનુભવતું નથી. જીવનમાં ધર્મ પ્રવેશે એટલે કર્મનો ક્ષય થવાનો જ. કુમાર તો આ બધી વાત નાનપણથી જ સમજી ચૂક્યો હતો, જાણી ચૂક્યો હતો અને આજે મદાલસાની યાદમાં વિહ્વળ બનેલા તેણે પોતાના મનને ફરી તે દિશામાં વાળી દીધું.

મદાલસા અને ઉત્તમકુમાર બન્નેના હૃદયમાં પરસ્પર માટે અતૂટ પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધા હતી. પરસ્પર આશા હતી કે જરૂર મિલન થશે. પરંતુ તે ક્યારે અને કેવી રીતે તે કોઈ જાણતું ન હતું. 'સમય આવ્યે બધું થવાનું જ હોય છે.' પણ માનવનું પામર, બહાવરું મન તે જાણવા છતાં અજાણ બની વ્યગ્રતા, ચિંતા, બેચેની અનુભવે છે. કુમારના પૂર્વેના કર્મોનો ક્ષય થઈ ચૂક્યો ન હતો. તેણે હજી ઘણા કર્મો ભોગવવાના બાકી હતા.

જો તે કર્મો ભોગવવાના ન હોત તો પછી આટલું સહજ, શક્યમિલન કેવી રીતે અશક્ય બની શકે ? બંન્નેને શંકા છે- આ મારો જીવનસાથી છે પરંતુ તે શંકાનું સમાધાન થવાનો સમય હજી પાક્યો નથી.

મદાલસા પ્રત્યેના વિચારોમાં નિમગ્ન તેને થયું' આ પરસ્ત્રી પ્રત્યે મને આસક્તિ ઉત્પન્ન થઈ ! તે મારી છે તેવી ખાત્રી ન હોવા છતાં તેના પ્રત્યે રાગ થયો. ખરેખર આ ક્ષુદ્રતા નથી ? હું પણ ક્ષુદ્ર માનવી ! ધર્મને જાણવા છતાં પણ જીવનમાં ક્ષુદ્રતા આવી જાય તે મારી પોતાની નબળાઈ જ ને ! તે જાણતો હતો કે ક્ષુદ્રમાણસના જીવનમાં આપત્તિઓ સિવાય બીજુ કાંઈ હોતું જ નથી. મારે પણ ક્યાં આપત્તિઓ ઓછી છે ? ક્ષુદ્ર માણસની નજર ક્ષુદ્ર પર જ અટકી હોય છે ! કારણ પરિણામનો અલ્પાંશે પણ વિચાર કરવાની તેની કોઈ તૈયારી નથી હોતી. કામચલાઉ લાભની પાછળ આવતાં ભયંકર નુકસાનો તેને દેખાતાં પણ હોતાં નથી. ક્ષુદ્રતા માત્ર સાંસારિક

સ્વાર્થના પાયા પર ફાલી ફૂલી રહે છે. તુચ્છ ભોગના બહુમાનથી ક્ષુદ્રતા સતત બની રહે છે. આથી ક્ષુદ્ર માનવીને તુચ્છ વસ્તુનો ભારે લોભ, તેની ન્યૂનતામાં ભારે બળવો, અને જો કર્મવશાત્ તે ક્ષુદ્ર મળી જાય તો હરખનો પાર નહીં, આનંદની અવધિ નહીં. દિવસનો મોટોભાગ એની વાતો, એના વિચારો અને એવી હલકી પ્રવૃત્તિમાં જ પસાર થાય છે. તે ક્ષુદ્ર વ્યક્તિના ક્ષુદ્ર માનસમાં એવા તુચ્છ વિષયો ઘર કરી મનને નિમ્ન સ્તરે પહોંચાડે છે કે તુચ્છ વિષયોની પ્રાપ્તિના આનંદમાં જ તે જીવનનું સર્વસ્વ પ્રાપ્ત કર્યાનો સંતોષ મેળવે છે. કુમારનું મન પોતાની જાતને તપાસવા લાગ્યું, ફંફોળવા લાગ્યું . મનની મથામણને અંતે તેણે જાણ્યું કે સુખ મળે છે પુણ્યના ઉદયથી અને ગુણો પ્રગટે છે પુરુષાર્થ કરવાથી. આથી તેણે ધર્માભિમુખ બનવાનો સંકલ્પ કર્યો.

રાજમહેલે જતાં રાજોદ્યાન પાસે કુમારને ચપલા નામે માલણ મળી. 'બહુત નમે નાદાન' તેમ એણે કુમારને ઝૂકી ઝૂકીને સલામો ભરી જયજયકાર કર્યો. અને પછી તેમનું અભિવાદન કરી હાથમાં રહેલી ફૂલોની છાબડી આપી ચાલી ગઈ. અને કુમાર.... ?

= X = X =

મોટપલ્લી નગરને નવવધૂ માફક શણગારવામાં આવી રહ્યું છે, ચોતરફ મંગળ દીવડાઓ, તોરણ, ધજા બાંધવામાં આવી છે. વિવાહ માટે વિશાળ મંડપ તૈયાર થઈ રહ્યો છે. રાજમાર્ગ અને અન્યમાર્ગો વ્યવસ્થિત કરવામાં આવ્યા છે. બાગ-બગીચા અને રાજોદ્યાનમાં રંગબેરંગી પ્રકાશિત લાઈટો ગોઠવવામાં આવી છે. ઠેર-ઠેર સુગંધી જળના ફુવારાઓ ગોઠવાયા છે... ચોતરફથી નગર શણગારાય છે. પરંતુ લોકોના મુખ-ચહેરા પર આનંદ નથી, ત્યાં કુતૂહલ છે, આશ્ચર્ય છે, કૌતૂક જાણવાની તીવ્ર ઉત્કંઠા છે, સહુ કોઈની જીભ પર એક જ પ્રશ્ન છે, 'શ્રેષ્ઠીપુત્રીનો પતિ કોણ !'

મોટપલ્લી નગરમાં મહેશ્વરદત્ત શ્રેષ્ઠી રહેતા હતાં. તે નગરના સુપ્રસિદ્ધ, પ્રતિષ્ઠિત, વૈભવસંપન્ન વેપારી હતા. તે નગરપતિ હતા અને નગરના વેપારીમંડળના વડા, મોવડી હતા. તેમનો ભંડાર કુબેર ભંડાર મનાતો. તેમનો મહેલ પણ બરાબરીમાં રાજમહેલથી પણ ચઢિયાતો લાગે તેવો ભવ્ય હતો. શ્રેષ્ઠીની બાહ્ય સંપત્તિ જેટલી વિપુલ, અઢળક હતી, તો આંતરિક શક્તિ પણ એટલી જ સાત્ત્વિક, નીતિમય અને સદાચારી હતી. તે શ્રાવકના વ્રતોનું પાલન કરતો, દીન-દુખિયાની સેવા કરતો, ધર્મનિષ્ઠ અને સમ્યક્ત્વી પણ હતો. નગરશેઠ હોવાને કારણે રાજદરબારમાં તેને માન-સન્માન મળતું. નૃપનરવર્મા તેની સાથે મૈત્રી ભર્યો વહેવાર રાખતો. શ્રેષ્ઠી નિયમિતરીતે ધાર્મિક ક્રિયાઓ કરતો. રોજિંદીક્રિયામાં ધર્મને વિશેષ પ્રાધાન્ય રહેતું.

તે શ્રેષ્ઠીને સહસ્રકલા નામે સ્વરૂપવાન, ગુણવાન, સૌંદર્યવાન પુત્રી હતી. તે એકમાત્ર હોવાથી લાડકવાયી હતી. પોતાની મીઠી વાણી અને બુદ્ધિ ચાતુર્યથી તે બધાને પ્રિય હતી. 'यथा नाम तथा गुणाः' તેને નામ પ્રમાણે ગુણો હતા. તે વિવિધ કલામાં પ્રવીણ હતી, તે અનિદ્ય સુંદરી અવર્ણનીય હતી. તે યુવાન થઈ હતી. દીકરી યુવાન થાય એટલે પિતાને માથે ભાર રહે. દીકરી એટલે પારકી થાપણ. અંહિયા તો પિતા આધ્યાત્મિક, ધર્મનિષ્ઠ હતાં. પિતાને દીકરીને સાસરે વળાવી જવાબદારી પૂર્ણ કરી સાધનાના પંથે ચાલી નીકળવાનું હતું. પિતાને તો સંયમગ્રહણ કરી આત્મ

સાધના કરવાની હતી, જેમાં દીકરીના લગ્નમાં થતો વિલંબ ધર્મનિષ્ઠ પિતાને મન અંતરાય રૂપ હતો. કોઈએકવાર શ્રેષ્ઠી મહેશ્વરદત્તને વિદ્વાન જ્યોતિષી સાથે મિલન થયું. પિતાની ઇંતેજારી, ચિંતા જ્યોતિષ સમક્ષ રજુ થઈ.

'જ્યોતિષ મહારાજ ! મારી પુત્રી હવે ઉંમરલાયક થઈ ગઈ છે. હું તેને માટે યોગ્ય વરની તપાસ કરું છું, પણ હજી કાંઈ નક્કી થતું નથી, અને મારી ચિંતા પ્રતિદિન વધતી ચાલે છે. દીકરીના લગ્ન પછી મારે સંયમગ્રહણ કરવો છે, તો હવે દીકરીના લગ્ન ક્યારે છે અને મારે સંયમગ્રહણના યોગ ક્યારે છે, અને મારી એ ઇચ્છા પૂર્ણ થશે ખરી ?'

જ્યોતિષીએ પોતાની પોથી બહાર કાઢી, ગણત્રી કરી કહ્યું, "શ્રેષ્ઠી ! તમારે ચિંતાનું કોઈ કારણ જ નથી. આપની પુત્રીને ઉત્તમોત્તમ સુંદર વર પ્રાપ્ત થશે. આપ વિવાહની તૈયારી કરવા માંડો, આજથી બરાબર ત્રીસમે દિવસે તમારી પુત્રીને યોગ્ય વર મળી જશે, અને જે દિવસે એનો વર આવશે, એ જ દિવસે તમારે લગ્ન કરવા પડશે. અને તે જ દિવસે તમે એના લગ્ન કરજો. આથી તમે અત્યારથી જ એની તૈયારી શરૂ કરો.'

શ્રેષ્ઠી તો જ્યોતિષીની વાત સાંભળતા સ્તબ્ધ જ થઈ ગયો. દીકરીના વિવાહ ખરેખર ત્રીસમે દિવસે થઈ જશે ? ખરેખર, આ સત્ય નીવડશે ? તેણે જ્યોતિષીને કહ્યું, 'જ્યોતિષીજી ! શું ખરેખર હું દીકરીના લગ્નની તૈયારી શરૂ કરવા માંડું ?' વર શોધ્યા પહેલાં, સગાઈ કર્યા પહેલાં જ જો હું લગ્નની તૈયારી કરવા માંડું અને કદાચ તમે કહો છો એમ ત્રીસમે દિવસે તેનો વર કદાચ ન મળે તો હું શહેરમાં, લોકોમાં તમાશારૂપ બનું, લોકોમાં હસી-મજાકનો તમાશો બની જાઉં એવું તો કાંઈ બનશે ને નહીંને ? વરને જોયા વિના, જાણ્યા વિના લગ્નની તૈયારી કરવી એ તો **'ભેંસ ભાગોળે, છાશ છાગોળે અને ઘરમાં ધમાધમ.'** આપની વાત મારા મનમાં ઉતરે ખરી ? દીકરીનો બાપ છું ને, એટલે માનસપટ બહુ શંકાશીલ, નકારાત્મક થઈ જાય છે. લગ્નની તૈયારી ખરેખર કરવા માંડું ?'

જ્યોતિષીએ શ્રેષ્ઠીની વાત સાંભળી તેમને વિશેષ આશ્વાસન આપતાં

કહ્યું, 'શ્રેષ્ઠીજી ! જન્મ, મરણ અને વિવાહ એ ત્રણે ઉપરવાળા, ભગવાને નિશ્ચિત કરી જ રાખ્યાં છે. વર-વધૂનું જોડુ નિશ્ચિત થયેલું જ હોય છે, કન્યા અને વર બંન્ને પરસ્પર એકબીજા માટે જ પૃથ્વી પર જન્મધારણ કરે છે. તે ગમે તેટલે દૂર, ગમે ત્યાં, ગમે તે ખૂણે હોય તો પણ નિશ્ચિત સમયે નિશ્ચિત સ્થળે પરસ્પર મિલન થાય છે જ. તેમના વિવાહનું નિશ્ચિત કરવાવાળા માતા-પિતા કે વડીલ-વાલીઓ તેના નિમિત્ત માત્ર છે. દરેકને પોતપોતાના કર્માધીન, પરસ્પરના પૂર્વભવના લેણદેણને સંબંધિત જીવનસાથી મળી જ રહે છે, માટે તમે કર્મ પર વિશ્વાસ રાખો અને તમારા મનને ભાવિ ઘટના ને અનુરૂપ તૈયાર કરો.'

'શ્રેષ્ઠી ! તમારી પુત્રીના ગ્રહોની ગણત્રી કરતાં જણાય છે કે બરાબર આજથી ત્રીસમે દિવસે તેના વિવાહ રાજકુમાર કે જે પુરુષોત્તમ, નરોત્તમ, કલા-ગુણ સંપન્ન હશે તેની સાથે અવશ્ય થશે. તે માટે તમે જરાપણ ચિંતા કે શંકા કરશો નહીં. તમારી એકની એક લાડકવાયી પુત્રીના વિવાહની તૈયારી કરવાનો યોગ્ય અને ઉચિત સમય મળે તેથી આજે આપણું મિલન શક્ય બન્યું છે. તમે નિશ્ચિંત, નિશંક બની પુત્રીના લગ્નની તૈયારી કરો, ત્રીસમા દિવસે તમારો જમાઈ આવી જશે.'

શ્રેષ્ઠીને જ્યોતિષીની વાત પર પૂર્ણ વિશ્વાસ આવી ગયો. તેમને પાકી, પૂર્ણ શ્રદ્ધા બેસી ગઈ કે હવે તેમની પુત્રીનો વિવાહ નક્કી છે અને પછી પોતાનો સાધનામાર્ગ નિશ્ચિત થશે. આ વિચારે પોતે આનંદ-હર્ષમાં આવી ગયા: એકનીએક લાડકવાયી પુત્રીના વિવાહાર્થે તેમણે ધામધૂમ અને ઉત્સાહથી તૈયારીઓ કરવા માંડી. તેમણે પોતાના સગા-સંબંધી, સ્નેહીઓ, મિત્રો બધાને આમંત્રણ મોકલાવી આપ્યું કે મહીનાના છેલ્લે દિવસે સહસ્રકલાના લગ્ન થશે.

સ્નેહી-સંબંધી-મિત્રો સહુનો એક જ પ્રશ્ન રહેતો. 'સહસ્રકલાના લગ્ન છે, મહિનાના છેલ્લે દિવસે છે એ બધું સાચું પરંતુ કોની સાથે છે એ તો કહો...' ત્યારે શ્રેષ્ઠી નિરૂત્તર બની જતા. એકના એક પ્રશ્નથી મૂંઝાઈ જતાં, અકળાઈ જતાં અને ક્યારેક શંકાશીલ માનસ પોતાનો કબજો જમાવી

શ્રેષ્ઠીને સતાવવા માંડતું. શ્રેષ્ઠીને લોકોને શું પ્રત્યુત્તર આપવો તે સમજાતું નહીં. જ્યોતિષીએ તેમની ચિંતા હળવી કરતાં પ્રત્યુત્તર સમજાવ્યો, 'પુત્રીના મહિનાના અંતિમ દિવસે લગ્ન છે એ મેં જણાવ્યું છે, કે જેથી તમે બધા સમયસર લગ્નને દિવસે હાજર થઈ શકો, પરંતુ કોની સાથે છે એ મને જ ખબર નથી. લગ્ન નિશ્ચિત છે એટલું જ હું જાણું. લગ્ન કોની સાથે એ તો મને પણ તમારી સાથે જ લગ્નને દિવસે, મહિનાના અંતિમ દિવસે જ ખબર પડશે.'

શેઠની આવી વાત લોકોને અટપટી, વિચિત્ર, નવીન અને અદ્‌ભૂત લાગતી. બધાને એક જ વિચાર આવતો. 'શ્રેષ્ઠીએ આવું કેમ કર્યું હશે ? તેઓ તો ખૂબ વ્યવહારુ, સત્યનિષ્ઠ, પ્રામાણિક, સમજુ, શાણા છે તો પછી આમ વરને શોધ્યા પૂર્વે જ લગ્નની આવી તડામાર તૈયારી કરે ખરા ? લોકોને મન આ એક કુતૂહલ જ હતું. લોકો માંહોમાંહે અનેક તર્ક-વિતર્કો કરતાં.

શેઠને હવે સંપૂર્ણ વિશ્વાસ હતો જ્યોતિષીની શબ્દોમાં. તેમણે તો શ્રદ્ધા, વિશ્વાસ અને હિંમતપૂર્વક લગ્નનો મંડપ તૈયાર કરાવવા માંડ્યો. શહેરમાં ચોતરફ ચહલ-પહલ મચી ગઈ હતી. શહેરના માર્ગો, ચોરાહેં, ચોક, ગલીઓ, શેરીઓ, ઉદ્યાનો વગેરેમાં સુશોભન થવા માંડ્યું. વાત રાજાના કાન સુધી પહોંચી. રાજાને પણ શ્રેષ્ઠીના આવા વર્તન વિષે આશ્ચર્ય થયું. તેમણે મંત્રીને કહ્યું' મંત્રીવર ! તમે મહેશ્વરદત્ત શ્રેષ્ઠીની વાત સાંભળી ખરી ? શ્રેષ્ઠીતો સમજદાર, વ્યવહારુ અને સજ્જન છે. આવી મજાક તેમને કેમ સુઝી ? વરને શોધ્યા વિના, નક્કી કર્યા વિના કોઈ ડાહ્યો, ચતુર, શાણો માણસ આવી ધામધૂમથી લગ્નની તૈયારી કરે ખરો ? જરૂર આમાં કોઈક બીજી વાત હશે ? મહેશ્વરદત્ત શ્રેષ્ઠી જેવો ચતુર માનવ આવી ભૂલ કરે નહીં. તમારે પોતે જ જઈ આની જાતે તપાસ કરવી જોઈએ અને શ્રેષ્ઠીના આવા અકલ્પિત, અવ્યવહારુ વર્તન વિષેની સત્ય હકીકત જાણવી જોઈએ.'

મંત્રી તો પહોંચ્યા શ્રેષ્ઠી પાસે. શ્રેષ્ઠી સાથે લગ્ન અંગે કાંઈ કામકાજ

હોય તો તે કામ કરવા અમે તૈયાર છીએ. અમને તમારા ઘરના માણસ જેમ માની કોઈપણ પ્રકારના કામગીરી સોંપો તેવી વાત કરીને પુત્રીના વર વિષે પુછપરછ કરી અને શેઠની પોતાની અંતરની વાત જાણી લીધી.

રાજા પાસે આવીને કહ્યું, 'હે રાજાધિરાજ ! આપના સૂચન પ્રમાણે હું શ્રેષ્ઠીને મળી આવ્યો છું. શ્રેષ્ઠીએ પોતાની બધી વાત મને જણાવી છે. આપણે જાણીએ છીએ કે શ્રેષ્ઠી વિપુલ સંપત્તિ, કુબેર જેવા ભંડારના સ્વામી છે. તેમને સંતાનમાં એકમાત્ર પુત્રી સહસ્રકલા છે. જે સહસ્ર કલાના ભંડાર રૂપ છે. તે ઉંમરલાયક થતાં શ્રેષ્ઠી તેને પરણાવી પોતાની સર્વ સંપત્તિ તેને આપી, પોતાના સર્વસ્વની ઉત્તરાધિકારી તેને બનાવી પોતે સંયમ ગ્રહણ કરવા, ચારિત્ર ગ્રહણ કરવાને ઇચ્છુક છે. કોઈ એક જ્યોતિષીએ તેમને વિશ્વાસપૂર્વક, ગ્રહોની ગણતરી કરી જણાવ્યું છે કે મહીનાના અંતિમ દિવસે એક ઉત્તમોત્તમ, નરશ્રેષ્ઠી ક્ષત્રિયકુમાર આવશે, જેની સાથે તમારી પુત્રીના વિવાહ થશે. આ જ્યોતિષીની ભવિષ્યવાણીમાં શ્રેષ્ઠીને પૂર્ણપણે વિશ્વાસ છે. આથી મહીનાના અંતિમ દિવસે આકસ્મિક રીતે વિવાહ સમયે જ તે ઉત્તમપુરુષ આવશે. જેથી સ્નેહી, સ્વજનોને બોલાવવાનો, ધામધૂમ કરવાનો સમય ન રહે, મોકો ન મળે આથી શ્રેષ્ઠીએ અત્યારથી જ બધી તૈયારીઓ શરૂ કરી દીધી છે જેથી સર્વ સગા-સંબંધી, સ્વજનો આ લગ્નનો અવસર માણી શકે અને તેથી જ અત્યારે આમંત્રણ પત્રિકાઓ મોકલાવવામાં આવી રહી છે.

મંત્રીના મુખેથી શ્રેષ્ઠીના સમાચાર સાંભળતા રાજા ઊંડા વિચારમાં ડૂબી ગયા. શ્રેષ્ઠીની ઉદાત્ત ધાર્મિક ભાવના જાણતાં એને પણ પોતાના કર્તવ્યનું ભાન થયું. વિચાર્યું. 'જે રસ્તે મારા દાદા-વડદાદાઓ ગયા છે. જે માર્ગ જિનભાખિત છે, તે માર્ગ હું કેમ વિસરી ગયો ? હું સંસારની માયામાં, રાજવૈભવની લાલસાઓમાં કેટલી હદે ફસાઈ ગયો કે મને મારા કર્તવ્યનું ભાન સુદ્ધાં ન રહ્યું. ખરેખર શ્રેષ્ઠી પોતાને માટે, સ્વઆત્મ શ્રેયાર્થે ઉત્તમ કાર્ય કરવાનું વિચારી રહ્યાં છે, જેનાં દ્વારા મારા જેવા વિવેકહીન, કર્તવ્યવિરુદ્ધ માનવીને પણ યોગ્ય માર્ગે, સત્માર્ગે ચાલવા માટે પ્રેરણા સ્રોતરૂપ બને છે.

આમ પશ્ચાતાપ કરતાં નૃપનરવર્માએ વિચાર્યું, 'મને તો ઉત્તમકુમાર જેવો નરોત્તમ, પુરુષોત્તમ જમાઈ પ્રાપ્ત થયો છે, તે મારા રાજ્યનો ઉત્તરાધિકારી બનવા માટે સંપૂર્ણ રીતે, સર્વ ક્ષેત્રે યોગ્ય છે તો હવે જમાઈનો રાજ્યાભિષેક કરી હું પણ સંયમ માર્ગે પ્રયાણ કરીશ.

આમ નૃપનરવર્માના આંતરમનમાં શ્રદ્ધા, વૈરાગ્ય પંથે પ્રયાણ કરવા માટેનો દીપ ઝગમગી ઊઠ્યો અને તેઓ આત્મ ચિંતનમાં સરકી પડ્યા. અને તેમનું મન વિરક્તિના ગગનમાં પ્રયાણ કરવા લાગ્યું.

★ ★ ★

રાજકુમારી તિલોત્તમા મૂર્છિત અવસ્થામાં છે. વિવિધ ઉપચારોને અંતે તે જ્યારે ભાનમાં આવે છે ત્યારે પ્રાણનાથ.... સ્વામીનાથ.... જેવા ઉદ્‌ગારો કરતી ફરી મૂર્છાવસ્થા પ્રાપ્ત કરે છે. નૃપનરવર્મા ચિંતિત છે, મંત્રીઓ, સભાસદો, શ્રેષ્ઠીઓ બધા જ રાજમહેલમાં એકઠા થયા છે. નગરજનોમાં પણ ચિંતા, આશ્ચર્યનું મોજું ફરી વળ્યું છે. બધાના મનમાં એક જ પ્રશ્ન છે, 'કુમાર પોતાના મહેલેથી રાજમહેલ જવા ઉદ્યાનમાર્ગે નીકળેલ, પરંતુ ત્યાંથી કોણ જાણે ક્યાં અદશ્ય થઈ ગયા. ક્યાંય પત્તો નથી, ભાળ નથી.' તિલોત્તમા બપોરની રાહ જોઈ થાકી, સાંજ થતા સુધી કુમાર પાછા ન ફરતાં તેણે રાજમહેલે તપાસ કરાવી, પણ કુમાર તો ત્યાં પહોંચ્યા જ ન હતાં. તિલોત્તમા હવે બેચેન, વ્યગ્ર બની ગઈ. સાંજ પડવા આવી તેનો પત્તો નહતો. હવે નૃપનરવર્મા, મંત્રીઓ સભાસદો બધા ચિંતિત હતા. રાજાએ પોતાના સૈનિકોને ચોતરફ તપાસાર્થે દોડાવ્યાં, પરંતુ ક્યાંયથી કુમારનો પત્તો લાગતો નથી, સમાચાર પ્રાપ્ત થતા નથી. દિવસ પૂરો થયો. તિલોત્તમા બેભાનાવસ્થામાં છે. રાજા, મંત્રી વગેરે બધાનાં પ્રયત્નો સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યાં છે. કુમારની ક્યાં, કેવી રીતે તપાસ કરાવવી, તેના વિષે અનેકવિધ ચર્ચાઓ ચાલી રહી છે. 'રાજા પોતે કર્તવ્યવિમૂઢ બની બેસી રહ્યા છે. મંત્રી વિચારે છે, 'નગરમાં ઢંઢેરો પિટાવીને જાહેરાત કરીએ, કોઈપણ રીતે કુમાર વિષે સમાચાર મળે તો ! રાજાની આજ્ઞા લઈ નગરમાં પડહ વગાડવામાં આવે છે. રાજાના જમાઈ ઉત્તમકુમાર વિષે જે પણ માહિતી આપશે તેને અડધું રાજ્ય આપવામાં આવશે.'

અનેક ઉપચારો પછી તિલોત્તમા ભાનમાં આવે છે. સાચી પરિસ્થિતિનું તેને ભાન થાય છે. પોતાના પ્રાણનાથ, જીવનસુહાગના કોઈ સમાચાર નથી જાણી તેનું મન અનેકવિધ શંકા-કુશંકાઓ કરવા માંડે છે. પોતાના પતિની શક્તિઓ, સાહસથી પોતે સભાન છે. શંકા કરતા મન સામે તેનું આંતરમન બળવો પોકારે છે, જે વ્યક્તિ આટલો સદ્‌ગુણી, ધર્મનિષ્ઠ, સાત્ત્વિક હોય તેનો કોઈ વાળ પણ વાંકો ન કરી શકે. તે પરાક્રમી, શૂરવીર, બહાદુર છે. તેની શક્તિ વિષે કોઈ શંકા નથી. તે જ્યાં પણ હશે

ત્યાં સલામત હશે. આમ તેના વિષેની અશુભ, અમંગળ કલ્પનાઓ પણ તે માનસપટ પરથી ભૂંસવા માંડી. તેણે મન ધર્મ-પ્રવૃત્તિમાં, નમસ્કાર મંત્રના જાપમાં પરોવ્યું. તેણે પોતાની પ્રિય સખી, મદાલસાનું ઉદાહરણ નજર સમક્ષ લીધું. પોતાની સખી મદાલસાના પતિને સમુદ્રની મધ્યમાં, અફાટ જળમાં ફેંકવામાં આવેલો છે, તેણે પોતાની સગી આંખે, નજરોનજર આ નિહાળ્યું છે છતાં પણ કેટલા આત્મવિશ્વાસ સાથે આજે પણ તે જીવંત છે, તેનું ફરી મિલન થશે જ એવી શુભઆશા, મંગળકામનાઓના સહારે તે જીવન જીવી રહી છે, ધાર્મિક ક્રિયાઓ, અનુષ્ઠાન અને શ્રધ્ધા દ્વારા.. તો મારે પણ મારા જીવનમાં ધર્મ અપનાવી પતિના મંગળ, શુભ વિષે ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ. તે હવે ધર્મપ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવા માંડી, સાજ-શણગાર, ઉત્તમભોજન, સુખશૈયા, વગેરેનો ત્યાગ કરી સખી મદાલસા જેમ વિરક્ત, સાધ્વીજીવન જીવવાનો આરંભ કર્યો.

સજ્જન પોતાની સજ્જનતા ન છોડે, દુર્જન પોતાની દુર્જનતા. **'કુતરાની પૂંછડી વાંકીને વાંકી જ'** એમ દુષ્ટ વ્યક્તિ ક્યારે પણ પોતાની દુષ્ટતા છોડી શકતી નથી. વૈરવૃત્તિનો પ્રભાવ જ એવો છે. વૈર વૃત્તિ ઊંડા કૂવા જેવી છે. તેમાં વેરની વૃદ્ધિ થયાં જ કરે. કુમારનો ઘાતક, કુબેરદત્ત શ્રેષ્ઠી દુષ્ટ છે જેની દુષ્ટતાનો અંત નથી. નૃપ નરવર્માએ તેને જેલમાં પૂરી તેની સંપત્તિ, દ્રવ્ય રાજ્યભંડારમાં જપ્ત કરી લીધું હતું. તે થોડો સમય જેલમાં રહ્યો. તે જેટલો દુષ્ટ હતો તેટલો જ દંભી, પ્રપંચી હતો. સજ્જન તેની દુષ્ટતા, દંભને પામી શકતા નથી. જેલમાં થોડો સમય રહ્યા પછી તેણે નવી ચાલ શરૂ કરી. તેણે પોતે સજ્જન જેવું વર્તન અપનાવ્યું. જેલમાં રહ્યે સાદગીપૂર્વક જીવનનો દંભ કરી વિરક્તભાવે જીવવા લાગ્યો. પોતાના સાથી દ્વારા રાજાને આની જાણ કરવામાં આવી. રાજા તેના પરિવર્તનથી સંતુષ્ટ થયો. રાજાએ તેને મુક્ત કરવાનો પોતાનો નિર્ણય જણાવ્યો ત્યારે તેણે કહ્યું, 'મહારાજ ! મને મુક્તિની જરૂર નથી. આ જેલના સળીયાઓ પાછળ જ મને ધર્મનિષ્ઠા સાંપડી છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે. હવે ધર્મસાધના, આત્મસાધના એ જ મારું કર્મ છે, હવે હું મુક્ત થઈ ફરી પાછો દુન્યવી

કાર્યમાં મસ્ત બની સંસારમાં ભ્રમણ કરવા ઇચ્છતો નથી. અંહિયાથી જે જ્ઞાન મને પ્રાપ્ત થયું છે તેનાથી હું સંતુષ્ટ છું. મને જલ્દી મુક્ત ન કરો. મારી સજા પૂર્ણ થયે હું મુક્ત થઈ સંયમમાર્ગે, ચરિત્રમાર્ગે પ્રયાણ કરીશ. ત્યાં સુધી મને મારા દુષ્ટકર્મોનું પ્રાયશ્ચિત કરવાનો મોકો આપો.'

નૃપ નરવર્માને થયું કે આ દુષ્ટ કેદીનું હૃદય પરિવર્તન થયું છે. તેમને એને માટે આદર, માનની લાગણી ઉત્પન્ન થઈ. તેમણે એની જપ્ત કરેલી સામગ્રી પણ પરત કરી દીધી. રાજાને વિશ્વાસ આપ્યો કે આ સંપત્તિ દ્વારા વ્યાપાર કરીને, તેમાં વૃદ્ધિ કરીને પોતે માનવતાના, દાનના, દયાના કાર્યો કરશે. અને દુષ્ટકર્મોનું પ્રાયશ્ચિત પણ કરશે. આથી તેને કારાગારમાંથી મુક્ત કર્યો.

પરંતુ દંભી, પ્રપંચી વ્યક્તિમાં વિવેકનો અભાવ હોય છે. તે અન્ય વ્યક્તિના જીવનું અહિત જ કરતો રહે છે. કોઈ એકવાર નગરમાં ફરતાં તેણે ઉત્તમકુમારને જોયો. જોતાવેંત તેને ઓળખી તો ગયો જ અને સ્તબ્ધ થઈ ગયો. સમુદ્રમાં ધકેલાયેલાનો આવો અદ્‌ભૂત બચાવ ! કર્મ સત્તા, પ્રારબ્ધ પર વિચારતો જ રહ્યો. લપાઈ-છુપાઈને તેના વિષે માહિતી પ્રાપ્ત કરતાં જાણ્યું કે એ તો રાજાનો જમાઈ છે. રાજકુમારીના મહેલમાં રહે છે વગેરે... રાજકુમાર દરરોજ રાજોદ્યાનમાં જતો, આથી શ્રેષ્ઠીએ પણ ત્યાં પોતાનો પગપેસારો કર્યો. **'હાર્યો જુગારી બમણું રમે'** તેમ એકવાર કુમારને મારી નાખવા પ્રયત્ન કર્યો પણ તેનો અદ્‌ભૂત બચાવ જોઈ હજી દુશ્મન જીવંત છે જાણી નવી યુક્તિ-દાવપેચ રમવા લાગ્યો. રાજોદ્યાનની માલણ ચપલા સાથે તેણે મૈત્રી કરી. કોઈપણ બહાને, પ્રસંગે તે ચપલાની પ્રશંસા કરતો, તેને બે-પાંચ સોનામહોરો પણ આપી દેતો. ચપલા તો માલણ. ધનલોભી અને વિષયી માનવી કૂતરા સમાન કહ્યા છે. કુતરું પણ રોટલાના ટુકડા માટે પૂંછડી પટપટાવતું હાજર થાય તેમ ધનલોભી, વિષયી થોડું ધન, સંપત્તિ કે ખુશામદથી પૂંછડું પટપટાવતું હાજર થાય છે અર્થાત્ તેના પ્રભાવ હેઠળ આવી તે કહે તેમ કરવા તત્પર થાય છે. દુષ્ટ કુબેરદત્ત નિયમિત રીતે ચપલાને મળે, જુદી-જુદી ભેટ-સોગાદોથી ખુશ કરે. તેની પ્રશંસા કરે.

કુમારને જોતાં જ તેના દુષ્ટ મનનો કીડો સળવળી ઊઠતો. 'આને લીધે મારી દુર્ગતિ થઈ. કેદી થયો, ધન-દોલત લૂંટાયા. મેં મદાલસા અને પાંચદિવ્ય રત્નો પણ ગુમાવ્યા. વળી મદાલસા અહીંયા કુંવરીના મહેલમાં છે, જો બંને ક્યારેય મળશે અને મારું પોકળ ખુલ્લું પડશે તો ? તે મનોમન ચપલા દ્વારા આને પુરો પાડવાનું ષડ્યંત્ર વિચારવા લાગ્યો.

ઉત્તમકુમાર તો એને મિત્ર માનતો. એણે તો કુબેરદત્તનું વહાણ, સંપત્તિ, સૈનિકનો કાફલો અને તેની પોતાની જાન બચાવી હતી, તેનો ઉપકાર માનવાને બદલે એ તો એને મારી નાખવા ઊભો થયો. કર્મની બલિહારી... પૂર્વજન્મના કરેલા વેર કેં વિપાક કોઈને છોડતું નથી. કારણે-અકારણે વ્યક્તિઓ વચ્ચે વૈમનસ્ય પ્રજ્જ્વળી ઊઠે છે. આ માટે તેણે ચપલાની ખુશામત કરવા માંડી.

પોતે પરદેશી છે, નગરમાં એકલો છે, કુટુંબથી વિખુટો પડેલો સ્વજનના વિયોગે ઝૂરે છે. કોઈ સ્વજન, અંગત વ્યક્તિ વિના જીવન શૂન્ય ભાસે છે. ધન-લક્ષ્મી-વૈભવ-સંપતિ હોવા છતાં પણ સ્વજનનો વિયોગ સાલે છે તેવું પ્રદર્શિત કરતાં તેણે કહ્યું, 'ચપલા ! તું તો કેવી નસીબદાર છે. તારે પોતાના સ્વજનો, કુટુંબ, બધું જ સુલભ છે. જ્યારે હું એક જ દુર્ભાગી છું. કુટુંબથી વિભક્ત આટઆટલી સંપત્તિ, વૈભવ હોવા છતાં એકલતામાં ઝુરુ છું. સ્વજન વિનાની આ સંપત્તિ શૂન્ય ભાસે છે. જ્યારે હૃદય પર કોઈ-ભાર હોય, આપત્તિ હોય, માથે સંકટના વાદળાં ઘેરાયેલા હોય ત્યારે આ ધન-વૈભવ નકામાં, અર્થહીન ભાસે છે. જરૂર હોય છે એક સ્વજનની હૂંફની, પ્રેમની...

શ્રેષ્ઠીની આવી હૃદયદ્રાવક વાત સાંભળતાં જ ચપલા ભાવાવેશમાં આવી બોલી ઊઠી, 'શ્રેષ્ઠીવર ! તમે નાહકનું આવું દુઃખ લગાડો છો. હું તમારા સ્વજન જેવી જ છું ને ! આપણે કેટલા સમયથી મળીએ, વાતો કરીએ, પરસ્પર સાથે બેસીએ છીએ તો પછી તમે અમારા સ્વજન જ છો. હું કોઈ પારકી નથી. આપના હૃદયમાં, મન પર આજે કોઈ બોજ, ભાર-વ્યાધિ લાગે છે. આપને જે પણ તકલીફ હોય તે મને કહો. આપનું કોઈ

પણ કાર્ય કરવા હું તૈયાર જ છું. મન કોઈ ગેર સમજવી નહી.'

શેઠનું નિશાન ધાર્યું ગયું. તેમના જીવમાં જીવ આવ્યો. તેમને વિશ્વાસ, શ્રદ્ધા બેઠી કે હવે પોતાનું કાર્ય પાર પડશે જ. તેણે ચપલાને કહ્યું, 'ચપલા ! તારા પ્રેમ, હુંફ અને આત્મીયતા ભર્યા શબ્દથી હું એકલતાના વિષમ, ગહન જંગલમાંથી બહાર ખુલ્લામાં આવ્યો હોય એવો અહેસાસ થાય છે. આજે લાગે છે કે અહીંયા પણ મારું કોઈ છે, જેને સહારે હું જીવી શકીશ.

ચપલા, મારે માથે એક વિઘ્ન છે, ભાર છે. એક એવું કામ છે જેની ચર્ચા પોતાના સ્વજન સિવાય અન્ય સાથે થઈ ન શકે. કામ પુરુ કરવા માટે ગમે તેટલો ખર્ચો થાય તો પણ એ કરવા હું તૈયાર છું. વિચારતો હતો, તને જ કામ સોંપુ તો ધન ઘરમાં જ રહે, પણ તારાથી કામ થઈ શકે કે કેમ ?'

'શ્રેષ્ઠીના શબ્દો, 'તારાથી કામ થઈ શકે કે કેમ' એ શબ્દ સાંભળતાં જ ચપલાનો અહમ્ જાગૃત થઈ ગયો. તેણે-શ્રેષ્ઠીને કહ્યું, 'શેઠજી ! શું તમને હજી મારી તાકાત, શક્તિમાં વિશ્વાસ નથી. એવું કોઈ કામ નથી જે ચપલાથી ન થઈ શકે. બીજા વડે અશક્ય જણાતાં કેટલાંયે કામો ચપલાયે પાર પાડ્યા છે. શ્રેષ્ઠી ! એકવાર ચપલાને અજમાવી તો જુઓ, પછી ખબર પડશે કે ચપલામાં કેટલી બહાદુરી, પરાક્રમ, હોશિયારી, ચાતુર્ય છે. ચપટી વગાડતાં જ કામ પત્યું સમજો. આ કામ શું છે એ તો કહો.'

શ્રેષ્ઠીના બધા પાંસા સીધા પડતાં હતા. તે ચપલાને 'યેન કેન પ્રકારેણ' તેના પ્રપંચમાં સંડોવવા ઇચ્છતો હતો. તેની પ્રશંસા, ખુશામત દ્વારા ચપલાને તે ઉત્તેજીત કરી પોતાનું મનમાન્યું કબુલ કરાવવા પ્રયત્ન કરતો. તેના બધા પાંસા સીધા પડતા જણાતાં અને પોતે વિજયી બનશે તેવી હૈયા ધારણથી તેનો ઉત્સાહ બેવડાયો. શ્રેષ્ઠીએ ખીસામાંથી પાંચ સોનામહોરો કાઢી ચપલાના હાથમાં મુકતા કહ્યું, 'ચપલા ! આ તારા કાર્યની સ્વીકૃતિના. કામ તો હજી બાકી. કામ પતે પછી તને માલામાલ કરી દઈશ. તું માંગશે એટલું તને મળી જશે.'

ચપલા હાથમાં સોનામહોર લેતાં જ આનંદ વિભોર બની. પરંતુ કયું કામ  કરવાનું છે એ તેની સમજમાં ન આવતાં તેણે કહ્યું, 'શેઠજી ! પહેલા કામતો બતાવો. માલ પછી. એની શું ઉતાવળ છે. આપણે ક્યા પારકા છીએ.' શ્રેષ્ઠીએ કહ્યું, 'હા...ચપલા કામ તો બતાવીશ જ. પરંતુ તારો પ્રેમ-લાગણી, આત્મીયતાથી ખુશ થયો છું. રાજાના જમાઈ ઉત્તમકુમારને તું જાણે છે ?'

'હા રે-વળી કેમ નહીં ! તેઓ મોટાભાગે આ ઉદ્યાનમાં દરરોજ સવારે-બપોરે નીકળે છે. તેમને તો હું દરરોજ પુષ્પ ગુચ્છ, ફૂલની છાબડી ભેટ ધરુ છું. તેમની સાથે તો રોજનો પરિચય છે.'

ત્યાં જ વચ્ચેથી વાત કાપતાં શ્રેષ્ઠીએ કહ્યું, 'બસ ત્યારે આપણે એને જ યમલોક પહોંચાડવાનો છે.'

ચપલા એક ક્ષણ તો ચોંકી ગઈ. પરંતુ તે ચપલા જ હતી. તરત જ વ્યાપારી ચાતુર્ય સાથે તેણે મોં ઠાવકું કરી કહ્યું, 'શ્રેષ્ઠી ! કામ અઘરું, જોખમી અને મુશ્કેલ છે. થઈ તો જશે જ પણ વિચારજો, રાજાના જમાઈને મારી નાખવા માટે કેટલું સાહસ-પરાક્રમ ની જરૂર હોય અને બદલો કિંમતી જ હોવો જોઈએ.'

શ્રેષ્ઠીતો રંગમાં આવી ગયો, જાણે કામ પતી ગયું. તેણે કહ્યું, 'ચપલા ! તું માંગીશ તે મળશે. તને માલામાલ કરી દઈશ. પણ તું આ કામ કરીશ કેવી રીતે ? તે તો જરા મને સમજાવ.'

'શ્રેષ્ઠીજી ! શું ચપલામાં વિશ્વાસ નથી. કોઈને કાનોકાન ખબર પણ નહીં પડે. ચપળા પાસે બધી સામગ્રી હાજર હોય છે. મારી પાસે એક નાનો, પાતળો, ઝેરીલો સાપ છે. જે મેં સાચવી ડબીમાં મુકી રાખ્યો છે. તેને હું દુધપાઈ ઉછેરુ છું. તે મારા અમોઘ શસ્ત્ર દ્વારા કુમારના રામ રમી જ જશે. તે ફૂલની દાંડી પર એવી રીતે ચીપકી જાય છે કે નજરે જોનારને એની ખબર પણ ન પડે. હું તેને ઉપરની બાજુ જ ગોઠવી દઈશ. તે મોટું, સુવિકસિત, આકર્ષક ગુલાબ હશે. જે કુમાર હાથમાં લેશે કે તે કાળોતરો

તેનો કાળ બની જશે. તેનો ડંખ એટલો કાતિલ હોય છે કે તે વ્યક્તિ બે-ચાર ક્ષણની જ મહેમાન રહે છે. માટે તમે નિશ્ચિંત, નચિંત બની ચપલાનો ખેલ-તાલ જોયા કરો.'

કુબેરદત્ત નિશ્ચિંત, નચિંત છે. તેને શ્રદ્ધા છે કે ચપલા કામ પુરું પાડવાની જ. ચપલા આનંદિત, ઘેલી છે કારણ તેને સોનામહોર, સંપત્તિની ઘેલછા છે. તે સંપત્તિ મળતાં જીવન કેવું સુંદર, આહ્‌લાદક, સુખ-સંપન્ન બની જશે તેની કલ્પનામાં વિહરતી બીજા દિવસની સવારની રાહ જુએ છે. સવાર પડી ગઈ છે, કુમાર દેખાતો નથી. તે સચિંત છે... શું કુમારને મારા તર્કની, યુક્તિની ખબર પડી ગઈ હશે. કુમારની વાટ જોતાં બપોર થવા આવી. ત્યાં જ એકાએક કુમાર ત્યાં આવતો દેખાયો. તેના ધબકારા વધી જવા માંડ્યા. તેણે કુમાર પાસે જઈ અભિવાદન કર્યું. ફૂલની છાબડી ધરતાં તેણે એક સુંદર સંપૂર્ણપણે ખીલેલું, રંગીન ગુલાબ કુમારને બતાવતાં કહ્યું, 'કુમારજી ! રાજકુમારીજી કહેતાં હતાં કે આપને આવા ગુલાબનો શોખ છે અને તેને આપ કમીજમાં લગાવો છો, આથી આજે આપના માટે આ સુંદર, આકર્ષક ગુલાબ લઈ આવી છું, તો આપ એને હમણાં જ ધારણ કરો'. એમ કહી નમસ્કાર કરી, કૃત્રિમ હાસ્ય વેરતી ત્યાંથી સરકી વૃક્ષની પાછળ છુપાઈ કુમારની હિલચાલ પર નજર રાખતી ઊભી રહી.

બિચારો કુમાર બધી વાતથી તદ્દન અજાણ.... નિર્દોષ, નિખાલસ માનવ... આવા લંપટ, પ્રપંચીની ચાલ ક્યાંથી પામી શકે... સુંદર, રંગીન, પૂર્ણખીલેલું, વિકસિત ગુલાબનું ફૂલ જોઈ તે આકર્ષાયો, અને તે ફૂલ તેણે પોતાના કમીજના ઉપરની બાજુએ લગાવી દીધું. ફૂલ પર ચીપકેલો કાળોતરાએ તેને કાળનો કોળિયો કરવા ડંખ દીધો અને ક્ષણ-બેક્ષણમાં જ કુમાર તો બેહોશ બની, બેભાન થઈ ઢળી પડ્યો. ચપલાએ આ જોયું અને તેને એમ થયું કે બસ કુમારનો ખેલ ખતમ ! હર્ષિત થતી, પ્રસન્ન થતી તે ઉતાવળા પગલે ત્યાંથી ચાલી ગઈ. અને કામ પુરૂં થયાનો સંતોષ માણ્યો.

**'રામ રાખે તેને કોણ ચાખે !'** કુમાર તો બેહોશ, મૂર્ચ્છિત અવસ્થામાં

છે. કર્મનો ભોગવટો હજી બાકી છે. કર્મો તો એક ભવના નહીં પણ અનંતા ભવના હોય છતાં માનવીએ તે ભોગવ્યો જ છુટકો. કુમારના પુણ્યોદય કર્મનો ઉદય તો છે જ પરંતુ પૂર્વ કોઈ એકભવના પાપોદયકર્મ પણ અત્યારે પ્રકાશમાં આવ્યા છે. હજી તો તેના નસીબમાં અનેક ખેલ ખેલવાના બાકી છે. એટલે જ તેના તારણહાર... પૂર્વેનો લેણદાર-દેણદાર હાજર થઈ ગયા.

કર્મસંયોગે નગરની પ્રસિદ્ધ, ખ્યાતનામ અનંગસેના વેશ્યા તેના દાસીઓના કાફલા સાથે ત્યાં આવી પહોંચી. રૂપ-રૂપના અંબાર સમી, સૌંદર્યની સામ્રાજ્ઞી તે અનંગસેના ગણિકા મૂર્છિતાવસ્થા પ્રાપ્ત કુમારના સૌષ્ઠવયુક્ત, તેજ કાંતિથી ઝળહળતા દેહને જોઈ ભાનભૂલી, તેનામાં આસક્ત થઈ ગઈ. બેહોશ કુમારને સાવચેતીપૂર્વક દાસીઓ પાસે ઊંચકરાવી રથમાં સુવાડી પોતાના મહેલે લઈ ગઈ. ત્યાં સુધીમાં કુમારના સમસ્ત શરીરમાં વિષ વ્યાપી ચૂક્યું હતું. જેથી એનું શરીર લીલું થઈ ગયેલ. ગણિકા કુમારનું લીલું શરીર જોતાં સમજી ગઈ કે કુમારના શરીરમાં વિષ વ્યાપ્ત છે. આથી તેણે તરત જ પોતાના જમણા હાથની અંગૂઠીમાં જે વિષહરમણિ હતો તેનો પ્રયોગ કરી કુમારના શરીરમાંથી વિષ ચૂસી લીધું અને કુમારને નિર્વિષ કર્યો. ધીરેધીરે કુમાર ભાનમાં આવ્યો. અનંગસેના તો કુમાર પર આસક્ત હતી જ. આથી તેણે કુમાર પ્રત્યે ઉત્કટ પ્રેમ, લાગણી, આત્મીય ભાવ દર્શાવ્યો. હવે તેને આ કુમાર રાજાનો જમાઈ. તિલોત્તમાનો પતિ છે તેની જાણ થઈ ગઈ હતી, આથી તેને પોતાને વશ કરી રાખવા, માંડ પંજામાં આવેલો સહેલાઈથી નાસી ન છુટે તે માટે તેની ચોતરફ પ્રેમજાળ, માયાજાળ રચવા માંડી. કર્મવશાત્ કુમાર પણ અનંગસેના ગણિકાના સૌંદર્ય, પ્રેમ, આત્મીયભાવ અને હૂંફાળા સહવાસથી તેના પ્રત્યે અભિભૂત થઈ રહ્યો હતો.

પરંતુ વેશ્યાના મૂળ-અસલ સ્વભાવને તે જાણતો ન હતો. વેશ્યા ધનલોભી હોય છે જેથી તેને પુરુષના ધન સાથે જ નિસ્બત હોય છે. જે એને પૈસા, દ્રવ્ય આપે તેની સાથે તે રમણ કરે, પછી ભલે તે કોઢિયો કે લંગડો કેમ ન હોય. જ્યાં સુધી પેલો તેને સંપત્તિ ધર્યા કરે ત્યાં સુધી તેનો

એની સાથેનો વ્યવહાર મીઠો-મધુર-પ્રેમ-હૂંફ ભર્યો રહે છે પણ જેવો તે નિર્ધન, દરિદ્ર બને કે તરત જ તે લીંબડા જેવી કડવી બની તેનો ત્યાગ કરે છે. જેની પાસે ધન નથી તેની સાથે તે રમણ કરતી નથી. સૌંદર્યવાન, રૂપવાન હોવા છતાં નિર્ધન હોય તો એનો ત્યાગ કરે છે. વેશ્યા એંઠી એટલે કે અનેક પુરુષો વડે ભોગવાયેલી હોય છે. તે મનથી દુષ્ટ, દયાહીન, પ્રેમહીન, સ્વાર્થી, લંપટ અને પ્રપંચી હોય છે. બિચારો કુમાર તો આવું કશું જાણતો નહીં.

અનંગસેના વેશ્યાના મોહમાં મોહાસક્ત કુમારના દિવસો સુખેથી પસાર થાય છે. તેને તિલોત્તમાની યાદ આવે છે. તેનું મન એને મળવા બેચેન, બહાવરું બની ગયું. તેને થયું, હજી એક મદાલસાને તો અનાથ કરી છે. બિચારી ક્યાંય એકલી અથડાતી, કૂટાતી હેરાન થતી હશે. તેને તો ખોળવાની બાકી છે. અને આ તિલોતમા તો બિચારી મારી રાહ જોઈ અધીર બની ગઈ હશે. કેટકેટલી ચિંતામાં ડુબી ગઈ હશે આમ વિચારી તેણે અનંગસેનાને પોતે મદાલસાને મળવા જવા ઇચ્છે છે તેવું જણાવ્યું.

અનંગસેના વેશ્યા હતી. તેને વળી પતિ-પત્નીના પ્રેમ, જવાબદારી, કૌટુંબિક જીવન પતિ-પત્નીની ફરજ વિષે શું સમજ કે કદર ? તેણે કહ્યું, 'સ્વામીનાથ ! હવે તમે ત્યાં જઈ શકો નહીં, કારણ જે સંબંધે તમે તિલોતમાના જીવનસાથી બન્યા હતા, તે જ સંબંધે હું તમારી જીવનસાથી બની છું.'

કુમારે કહ્યું, 'કેમ ?, કેવીરીતે ?'

અનંગસેનાએ કહ્યું, 'વિષયુક્ત, બેભાન, મૂર્ચ્છિતાવસ્થાને પ્રાપ્ત તિલોત્તમાને નિર્વિષ કરી તમે એને જીવનદાન, નવું જીવન આપ્યું આથી એના તમારી સાથે લગ્ન થયા અને તમે એના જીવનસાથી બન્યા. તેવી જ રીતે મેં પણ તમને મૂર્ચ્છિતાવસ્થામાંથી નિર્વિષ કરી નવું જીવન આપ્યું છે તો પછી મારો તેટલો જ અધિકાર ખરોને ? હવે હું આપની જીવનસંગિની બની છું.'

કુમારે તેને પ્રેમથી સમજાવતાં કહ્યું, 'તારી વાત બરાબર છે. તું

મારી જીવનસંગિની સાચી. પરંતુ મારા એકાએક ગુમ થવાથી બિચારી તિલોત્તમા દુ:ખી, વ્યાકુળ બેચેન બની ચિંતામાં પડી હશે. હું માત્ર તેને મારા ક્ષેમ-કુશળના સમાચાર આપી આવું, પછી તું પણ મારી સાથે ત્યાં આવજે. હું તને પણ ત્યાં મારી સાથે મહેલમાં યોગ્ય માન-સન્માનપૂર્વક લઈ જઈશ.'

અનંગસેના છંછેડાઈ પડી, 'કુમાર ! હવે તમે ત્યાં ન જઈ શકો, એ મારો આદેશ છે, મારી ઈચ્છા છે. અનંગસેના ત્યાં તમારી સાથે આવી શકે નહીં. ત્યાં તેના મહેલમાં મારાથી ન રહી શકાય, કારણ અનંગસેના કદી કોઈ ચીજ વહેંચીને, ભાગલા કરીને લેવા ટેવાયેલી નથી. મને જે જોઈએ તે સંપૂર્ણપણે જ. આથી ત્યાં મારી શોક્ય સાથે તમારી વહેંચણી હું સહન કરી શકું નહીં. વળી શોક્યને જલાવવામાં, તડપાવવામાં, દુ:ખી કરવામાં જ મને આનંદ, તૃપ્તિ, અને સંતોષ મળે છે. માટે એનું નામ તો હવે ભૂલી જજો. તિલોત્તમાનો ઉત્તમકુમાર તે દિવસે કાળોતરા સર્પના ડંખથી મરી ગયો હતો. અત્યારે જે જીવંત અવસ્થામાં ઉત્તમકુમાર છે તે તિલોત્તમાનો નહીં પણ અનંગસેનાનો પતિ છે.'

વેશ્યા આખરે વેશ્યા જ. તે પોતાની જાતે જાય જ. તે ક્રૂર, દયાહીન, વાસનાયુક્ત હોય. તેને મન દ્રવ્યભૂખ અને શરીરભૂખ બે જ સંતોષવાના હોય. બિચારો ઉત્તમકુમાર અહીંયા લાચાર હતો. અનંગસેનાના સખત ચોકીપહેરા હેઠળ, માનસિક ત્રાસ સાથે તે જીવતો. તે ત્યાંથી બહાર નીકળવાના અનેક પ્રયત્નો કરતો, પરંતુ ફાવતો નહીં. રાત્રે અનંગસેના તેની સાથે યથેચ્છ કામક્રીડાઓ, ભોગવિલાસ કરતી અને દિવસે તેને સખ્ત પહેરા હેઠળ કેદ કરી રાખતી અને એવા બંધનમાં જકડી રાખતી કે જ્યાંથી તે ફરકી પણ શકે નહીં. બિચારો, મનોમન પોતાના કર્મોને આધીન આ દશા પ્રાપ્ત થઈ છે, તેવું સમાધાન સ્વીકારી જીવતો.

દિવસો પર દિવસો પસાર થતા જાય છે. રાજાના સેવકો, મંત્રીઓ ચોતરફ કુમારની તપાસ કરે છે, ક્યાંય પત્તો મળતો નથી. હવે તો રાજાની

ધીરજ ખૂટી છે. દીકરી તિલોત્તમાની સાધ્વી અવસ્થા, વિરહાઅવસ્થા નરવર્માથી જોઈ શકાતી નથી. રાજા નિયમિત રીતે સૈનિકોની નવી-નવી ટુકડીઓ નિયુક્ત કરી સર્વત્ર તપાસ કરાવે પણ નિરાશા જ. રાજાનું મન અનેક તર્ક-વિતર્કો કરે છે પરંતુ ઉત્તમકુમારના અતિ ઉત્તમ ગુણોને કારણે રાજાને કદી તેનો વાંક, ગુનો જણાતો નથી. તે વિચારે છે, 'કુમાર, કોઈ અગમ્ય સ્થળે ફસાઈ ગયો છે, જયાંથી તેનું પાછુ ફરવું ના મુમકિન થઈ ગયું હશે. જરૂર કોઈ મોટી ચાલ ચાલી રહ્યું છે અને કુમાર તે ચાલનું પ્યાદું બની ગયો છે.' તિલોત્તમા ચિંતિત તો છે જ... સાધ્વીજીવન પસાર કરતાં તેનામાં હવે દૃઢ વિશ્વાસ, શ્રદ્ધા બેસી ગઈ છે કે કુમાર તેને મળશે જ. તેમનું મિલન થશે જ.'

રાજા નરવર્મા સભામાં બેઠા છે. સભાનો વિષય છે - ઉત્તમકુમારની શોધ. ચોતરફ કુમારની જ વાતો ચાલે છે. દરરોજ નગરમાં ઢોલ પીટાય છે, ઉત્તમકુમારની ભાળ આપનારને અડધું રાજય બક્ષિસ રૂપે. ક્યાંયથી કુમારનાં સમાચાર મળતાં નથી. ત્યાં જ રાજસેવક રાજસભામાં દોડતો, હાંફતો ઉત્સાહભેર આવ્યો. રાજાનો જયજયકાર કરી, અભિવાદન કરી જણાવ્યું, 'અન્નદાતા ! આજે નગરના મુખ્ય માર્ગ પર આવેલા ચોરા પરના વિશાળવૃક્ષ પર એક પોપટ બેઠો છે જે માનવવાણીમાં બોલે છે. તેણે અમને કહ્યું, 'તમે બધા કુમારની શોધમાં હેરાન-પરેશાન થાઓ છો, તેમને શોધી-શોધીને થાક્યાં છતાં હજી તમને સફળતા મળી નથી. પણ કુમાર આમ તમને નહીં મળે.'

અમે પોપટને પુછ્યું, 'કુમાર કેવી રીતે મળે ?'

તેણે જવાબ આપતાં કહ્યું કે, 'તમારી સાથે શું વાતો કરું. તમારા રાજાને જ બધી વાત કરી શકાય. તમે મને તમારા રાજા પાસે લઈ જાઓ તો હું તેમને કુમાર વિષે સંપૂર્ણ માહિતી આપીશ.' 'હે પ્રજાપતિનાથ ! જો આપની આજ્ઞા હોય તો હું તે પોપટને અહીંયા તમારી સમક્ષ હાજર કરું.'

રાજાએ કહ્યું, 'જરૂર... તેને જલ્દીથી હાજર કરો. તેને અતિ

સન્માન અને આદર સાથે હાજર કરજો કારણ તે કોઈ સામાન્ય પોપટ હશે નહીં.'

પોપટને રાજદરબારમાં હાજર કરવામાં આવ્યો. રાજાએ પુછ્યું, 'હે શુકરાજ! તમે પોપટસ્વરૂપે કોઈ દેવ છો ? તમે માનવ ભાષામાં વાત કરો છો, તેથી હું ઘણો આશ્ચર્યમાં પડી ગયો છું. તમને હું માત્ર શુકપક્ષી રૂપે નહીં પરંતુ ખૂબ આદર, સન્માનની નજરે જોઉ છું. તમારાથી હું પ્રભાવિત પણ થયો છું. તો હવે શુકરાજ ! મારા જમાઈ ઉત્તમકુમાર વિષે જે કાંઈ જાણતા હોય તે અમને જણાવો જેથી અમારા દુઃખના ડુંગરોનો જલદીથી અંત આવે. મારાથી મારી પુત્રીની આ દશા અસહ્ય થઈ પડી છે.'

પોપટે પણ રાજાને પ્રણામ કર્યાં અને કહ્યું, 'હે નરશ્રેષ્ઠી નૃપ ! આજે નગરમાં નગરશ્રેષ્ઠી મહેશ્વરદત્ત તરફથી જાહેરાત થતી સાંભળી કે જે રાજાના જમાઈ ઉત્તમકુમારની ભાળ મેળવી આપશે, માહિતી આપશે એની સાથે શ્રેષ્ઠી પોતાની સૌંદર્યવાન, સહસ્રકળામાં નિપુણ એવી સહસ્રકલાના વિવાહ કરશે. અને આપના તરફથી જાહેરાત કરવામાં આવી છે કે ઉત્તમકુમારની ભાળ મેળવી આપનારને અડધું રાજ્ય આપવામાં આવશે.' તો આ બે જાહેરાતના પ્રત્યુત્તર રૂપે જો હું તમને જમાઈ ઉત્તમકુમારની જાણકારી, માહિતી આપું તો તમારા બંન્નેએ પોતાના બોલેલા વચન પાળીને મને અડધું રાજ્ય આપવું પડશે અને શ્રેષ્ઠીપુત્રી સહસ્રકલાના વિવાહ મારી સાથે કરાવવા પડશે. જો આપ આ બંન્ને શરતોનો સ્વીકાર કરો તો હું તમને કુમાર વિષે બધું જણાવું.'

રાજા પણ વિચારમાં પડી ગયો. એક પક્ષી સાથે શ્રેષ્ઠીપુત્રીનો વિવાહ ! શું તે કન્યા પક્ષી સાથે પોતાનું વિવાહિત જીવન જીવી શકે ? પક્ષી અને માનવ વચ્ચે વિવાહસંબંધ શક્ય નથી. આ પક્ષીને અર્ધુ રાજ્ય આપવાનું ? શું એક પક્ષી રાજ્યવહીવટ, કારોબાર ચલાવી શકે.. અરેરે... અમે ખોટી રીતે ફસાયા... જો પુત્રી સહસ્રકલા અને અર્ધું રાજ્ય આપવાની ના કહીશું તો જમાઈ ઉત્તમકુમારનો પત્તો મળશે નહીં અને જો તેના વિવાહ શ્રેષ્ઠીપુત્રી સાથે કરી અર્ધા રાજ્યનો માલિક બનાવીશું તો તે પક્ષી હોઈ

શક્ય બનશે નહીં. વચન પાલનં કરવાથી પ્રજા અને શ્રેષ્ઠીપુત્રીના જીવન બરબાદ થશે અને વચન પાલન ન કરવાથી જમાઈ ઉત્તમકુમારની માહિતી, પત્તો મળશે નહીં. શું કરવું, શું ન કરવું તેની દ્વિધામાં પડેલા રાજા નરવર્માએ તાબડતોબ શ્રેષ્ઠી મહેશ્વરદત્તને રાજસભામાં બોલાવ્યા.

મહેશ્વરદત્ત રાજસભામાં આવ્યા અને આખી વાત જાણી. રાજસભામાં બધાની સમક્ષ તેમણે વચન આપ્યું કે રાજજમાઈ ઉત્તમકુમારની ખબર લાવનાર, પત્તો મેળવી આપનાર સાથે હું મારી પુત્રી સહસ્ત્રકલાનું લગ્ન કરીશ જ.' કારણ તેમને તો જ્યોતિષીના વચનમાં પૂર્ણ વિશ્વાસ હતો, શ્રંદ્ધા હતી. જ્યોતિષીના જણાવ્યા પ્રમાણે મહિનાનો અંતિમ દિવસ હતો જેથી જ્યોતિષીની આગાહી સત્ય સાબિત થતી હતી. આથી તેમણે પોપટને પોતાની પુત્રી આપવાનું કબુલ્યું આથી રાજા નરવર્મા નો ઉત્સાહ પણ બેવડાયો. તેમણે પણ સંમતિ દર્શાવી અર્ધુરાજ્ય આપવાની કબૂલાત કરી.

પોપટે ફરી ફરી શ્રેષ્ઠી અને નૃપને પોતાના વચન અંગે પાકો, અફર નિર્ણય સમજી વિચારી લેવા કહ્યું. વચન આપ્યા પછી ફરી જશો એ વાત ચાલશે નહીં. વચન આપી ફરવું એટલે વિશ્વાસઘાત. વિશ્વાસઘાત એ મોટામાં મોટું પાપ છે. અન્યકાર્ય કરતી વેળાએ તમે સામાપક્ષની મંજૂરી લીધી નથી, તેને વિશ્વાસમાં લીધો નથી જેથી તમે તેના મનની લાગણીઓ સુધી પ્રત્યક્ષ રીતે પહોંચી શકતાં નથી અને કદાચ પહોંચી ગયા હોય તો પણ સામા પક્ષને તેની ખબર-સુદ્ધાં નથી એથી એની લાગણીઓ દુભાય, દુઃખ થાય તેમાં તમે પ્રત્યક્ષ-સીધી રીતે જવાબદાર નથી પરંતુ વિશ્વાસઘાત કરીને તમે સામાપક્ષની લાગણીઓ દુભાવી દુઃખ ઉત્પન્ન કરો. જે એક પ્રકારની હિંસા છે અને તેથી જ મોટું પાપ છે. શૂરાઓ, વીરો માટે કહેવાય છે, **'પ્રાણ જાય પણ વચન ન જાય'** તેઓ પ્રાણના ભોગે આપેલ વચન તોડતાં નથી. આપણો ઇતિહાસ એની સાક્ષી પૂરે છે, રાજા હરિશ્ચંદ્ર, રાજા રામ, ધર્મવીર યુધિષ્ઠિર, જેવા અનેક વીરોએ પોતાનું વચન નિભાવ્યું છે. માટે હે નૃપવર અને શ્રેષ્ઠીવર ! તમે સંપૂર્ણ વિચાર કરી મને તમારો અફર, અતૂટ નિર્ણય જણાવો, પછી હા-ના ચાલી શકશે નહીં.'

રાજા અને શ્રેષ્ઠીએ ફરી ફરી તેને વિનંતી કરી-, 'શુકરાજ ! અમે આપને અતૂટ વચન આપી છીએ કે અમે અમારા વચનનું પાલન કરીશું. હવે અમારી ધીરજનો અંત આવી રહ્યો છે. મહેરબાની કરીને તમે અમને ઉત્તમકુમાર વિષેની માહિતી આપો.

તે પોપટે વાત કહેવાનું શરૂ કર્યું. 'હે રાજા-શ્રેષ્ઠી.... હું ઉત્તમકુમારનો બહુ પ્રથમથી વૃત્તાંત કહુ છું.

વારાણસી નગરીના રાજા મકરધ્વજને એકમાત્ર ઉત્તમકુમાર નામે પુત્ર છે જે કર્મકૌતૂક જાણવા, પ્રારબ્ધની પરીક્ષા કરવા અને ભ્રમણાર્થે એક દિવસ રાત્રે કોઈને કહ્યા વિના નીકળી પડ્યો. વારાણસીથી ચાલતો ક્રમશઃ ચિત્રકૂટ નગરમાં પહોંચ્યો. ત્યાં તેના સદ્ગુણો, કળાકૌશલ પર આફરીન થઈ મેવાડપતિ મહારાજા મહીસેને તેને પોતાનું સંપૂર્ણ રાજ્ય સોંપવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી પરંતુ કુમારે પોતે તેનો અસ્વીકાર કર્યો અને ભવિષ્યમાં પરદેશ ભ્રમણની, કર્મસત્તાની અને પ્રારબ્ધની લીલા જોઈ પાછો ફરી જરૂરથી તે રાજ્ય ગ્રહણ કરશે તેવો વિશ્વાસ આપી આગળ વધ્યો. ચાલતાં ચાલતાં ગુજરાત રાજ્યના ભરુચ બંદરે પહોંચ્યો. ત્યાં કુબેરદત્ત શ્રેષ્ઠી સાથે મૈત્રી કેળવી તેમની સાથે પરદેશ ભ્રમણાર્થે વહાણમાં બેસી સફરે નીકળ્યો. રસ્તામાં શૂન્યદ્વીપ આવતાં વહાણના મુખ્ય નાવિકે પીવાનું મીઠું પાણી ભરવા માટેનું સૂચન કર્યું આથી વહાણ શૂન્યદ્વીપ પાસે આવતાં મીઠું પાણી ભરવા રોકાયું તે દરમ્યાન શૂન્યદ્વીપનો લંકેશ ભમ્રરકેતુ આવી તેના સહયાત્રીઓની દુર્દશા કરવા માંડ્યો. તે ઉત્તમકુમારથી સહેવાયું નહીં અને તેણે ભમ્રરકેતુ સાથે યુદ્ધ કર્યું અને તેને હરાવ્યો. તે દરમ્યાન કુબેરદત્ત કુમારને એકલો શૂન્યદ્વીપ પર મુકી આગળ નીકળી ગયો હતો. તે ત્યાં વૃક્ષ નીચે રહેવા લાગ્યો. વનઅધિષ્ઠાત્રી દેવીએ આવી તેના શીલની પરીક્ષા કરવા તેની સાથે વિવાહનો પ્રસ્તાવ રાખ્યો. કુમાર પોતાના શીલ વિષે અટલ-અડગ રહેતાં તે દેવી પ્રસન્ન થઈ અને કુમારને બારકરોડ રત્નરાશિ ભેટ રૂપે આપી. એકલો-અટૂલો ફરતો તે કુવા પાસે આવ્યો જ્યાંથી તેણે ભમ્રરકેતુની પુત્રી મદાલસાનો મહેલ શોધી કાઢ્યો અને તેની સાથે એણે

ગાંધર્વવિવાહ કર્યા. મદાલસા અને તેની વૃદ્ધા દાસીને લઈ તે સમુદ્રકિનારે આવ્યો ત્યારે કુબેરદત્ત તેના વહાણ અને સાથીઓ સાથે હાજર હતો. તેણે કુમાર અને મદાલસાને પ્રેમથી આમંત્ર્યાં અને વહાણમાં બેસાડી યાત્રા આરંભી. કુબેરદત્ત કુમારની સાડાબાર કરોડની રત્નરાશિ, સૌંદર્ય-સામ્રાજ્ઞી સમી મદાલસા અને તેના પાંચ દિવ્ય રત્ન જોઈ લલચાયો હતો. કોઈ એકવાર મોકો જોઈ કુબેરદત્તે ઉત્તમકુમારને સમુદ્રમાં ધકેલી દીધો. કુમારને એક મત્સ્ય ગળી ગયો. નસીબયોગે તે જ દિવસે તે મત્સ્ય માછીમારની જાળમાં ફસાયો. માછીમારોએ તે મત્સ્યને ચીરતાં તેમાંથી મૂર્છિતાવસ્થામાં કુમાર નીકળ્યો. તેણે માછીમારોને ત્યાં આશ્રય લીધો. મોટપલ્લી નગરમાં ફરતા રાજકુમારીના મહેલના મુખ્ય વાસ્તુકાર સાથે મૈત્રી થતાં તેને ત્યાં રહેવા લાગ્યો. વાસ્તુકાર દ્વારા રાજાનરવર્મા સાથે કુમારનો પરિચય થયો. રાજકુમારી તિલોત્તમાને સર્પડંશ થતાં તેના શરીરમાં વિષ વ્યાપી જતાં તેને નિર્વિષ કરી તેની સાથે તેના વિવાહ થયા અને પછી તેની સાથે આનંદ-ક્રીડા કરતો સૂખપૂર્વક રહેવા લાગ્યો, નૃપનરવર્મા ! તે દૈત્યકન્યા મદાલસા પણ કોઈ રીતે તમારા મહેલમાં આશ્રયે રહેલી છે. કોઈ એક વખતે કોઈ એક વૃદ્ધાસ્ત્રીનું તિલોત્તમાના મહેલમાં આવાગમન થતાં રાજકુમારના મનમાં તે વૃદ્ધાસ્ત્રી મદાલસાની દાસી હોવાની શંકા... તે આધારે મદાલસા પણ નૃપ નરવર્માના રાજકુમારીના મહેલમાં હશે તેવી શંકા ઉત્પન્ન થઈ. એકાએક રાજા નરવર્માનું તેડું આવતાં તે ઉત્તમકુમાર તિલોત્તમા પાસેથી નીકળી રાજોદ્યાનમાંથી પસાર થઈ રાજમહેલ તરફ આવી રહ્યો હતો ત્યારે ઉદ્યાનમાં ચપલા દાસી સાથે ઉત્તમકુમારનું મિલન થયું. દાસીએ કુમારને ફૂલગુચ્છ ભેટ રૂપે આપ્યો, જેમાં એક સુંદર આકર્ષક ગુલાબ કુમારને કમીજ પર લગાવવાનું આગ્રહભર્યું સૂચન કર્યું. આથી કુમારે નિર્દોષ, નિર્મળભાવે તે ગુલાબનું ફૂલ કમીજ સાથે લગાવતાં તેના પર રહેલાં કાળોતરા સર્પે કુમારને ડંખ દીધો અને કુમાર મૂર્છિત થઈ ઉદ્યાનમાં જ ઢળી પડ્યો.'

આટલું કહી પોપટ મૌન થઈ ગયો. 'હે રાજન્, અને શ્રેષ્ઠીવર ! મારું કથન પૂર્ણ થયેલ છે. હવે તમે બંન્ને તમારા વચનનું પાલન કરો. હવે

મને મોટપલ્લીનું અડધું રાજ્ય આપો અને શ્રેષ્ઠીપુત્રી સહસ્રકલા સાથે મારા લગ્ન કરાવો.

આ તરફ મદાલસા અને તિલોત્તમા રાજસભામાં હાજર છે. પોપટના મુખેથી ઉત્તમકુમારનો વૃત્તાંત સાંભળી બંન્ને આશ્ચર્યમાં ગરકાવ થઈ સસ્નેહે આલિંગન કર્યું. બન્નેનો પતિ એક જ છે તેથી પરસ્પર હર્ષ-શોક, આનંદ-દુઃખની લાગણીઓ ઉત્પન્ન થતી રહી- શોક-દુઃખ એટલે કે બંને લાંબો સમય, અજાણ બેભાન રહ્યા. તિલોત્તમાએ કહ્યું, 'દીદી ! મને ક્યાં ખબર હતી કે તમારા પતિને હું મારો સોહાગ માની તેને પરણી છું. મેં તમને અત્યાર સુધી એકલા રાજમહેલમાં રાખ્યા. તમારે તો અમારી સાથે નવા મહેલમાં આવવાનું હોય. માફ કરશો. બેન, મારી દશા પણ તમારા જેવી જ છે. હવે તો આપણે સમદુખીયા થયા.'

મદાલસાએ કહ્યું, 'બેન ! દુઃખી થતી નહીં. બધું કર્મવશાત્ બનતું રહે છે. હવે આપણો ભાગ્યોદય થશે. આ પોપટ જ આપણને આપણા સ્વામીની સાચી માહિતી આપશે.'

આ તરફ પોપટ પણ ત્રાંસી આંખે મદાલસા તરફ જોઈ પોતાની પ્રિયા મદાલસા સંપૂર્ણ સુરક્ષિત છે જાણી ખુશ થતો હતો.

પોપટને મૌન થયેલો જાણી, પોતાના બે વચન કબૂલ કરાવવા માગે છે જાણી રાજાએ કહ્યું, 'શુકરાજ ! આ શું ? તમે કેમ અમને મધદરિયે છોડો છો ? આ તો અમારી ક્રૂર મશ્કરી કહેવાય. તમારું વૃત્તાંત હજી અધુરું છે. મૂર્છિત ઉત્તમકુમાર અત્યારે રાજોદ્યાનમાં તો નથી જ, તો તે હાલ ક્યાં છે તે અમને કહો. વળી મારી પ્રિય બંન્ને પુત્રીઓ અહીંયા રાજસભામાં હાજર છે. હવે બન્ને જાણી ગઈ છે કે તેમનો પતિ એક જ છે, અને બન્ને સચિંત છે તો તેમની ચિંતા હળવી થાય તેમ વૃત્તાંત પૂર્ણ કરો. આપ અમારામાં વિશ્વાસ, શ્રદ્ધા રાખો, અમે અમારું વચન પાળીશું જ.

પોપટે ફરી વાતનો દોર પકડતાં કહ્યું, 'વારુ રાજન્ ! સાંભળો તે મૂર્છિત કુમારને અનંગસેના નામની વેશ્યા પોતાના ઘેર રથમાં લઈ ગઈ છે.

તેની પાસે વીંટીમાં વિષહર-મણિ છે જેના દ્વારા એણે ઉત્તમકુમારને નિર્વિષ કરી નવજીવન બક્ષ્યું છે. અનંગસેનાના કથનાનુસાર જેમ ઉત્તમકુમારે તિલોત્તમાને નિર્વિષ કરી તેની સાથે વિવાહ કરી તેના ઘેર રહે છે, તેવી જ રીતે ઉત્તમકુમારને પોતે નિર્વિષ કર્યો છે આથી તે હવે તેને પોતાના ઘરે જ રાખે છે. તેને મુક્ત કરતી નથી અને પોતે તેની સાથે કામભોગ ભોગવે છે.'

'રાજન્ ! હવે મારું વૃત્તાંત પૂર્ણ થયું. હવે તમારા બન્નેનો વારો છે. મેં મારી ફરજ પૂર્ણ કરી છે, હવે તમે તમારા વચન પૂર્ણ કરો અને મને અર્ધુ રાજ્ય આપી સહસ્રકલા સાથે મારા વિવાહ કરાવો. જો તમે તમારા વચન પૂર્ણ કરવામાં જરા પણ ઊણા ઉતરશો કે મારો વિશ્વાસઘાત કરશો તો જગત આખું તમારી નિંદા કરશે. મારે શું ? હું તો હમણાં જ ઊડી જાઉ છું. આપણો સંબંધ પૂરો થશે કે શું ? આમ કહી પોપટ ઊડવાની તૈયારીમાં હતો ત્યાં જ રાજાએ કહ્યું, 'હેશુકરાજ ! તમે અમારા પર વિશ્વાસ રાખો. અમે અમારા વચનનું જરૂર પાલન કરીશું. હજી કુમારનો પૂર્ણ પત્તો લાગ્યો ન કહેવાય. હું હમણાં જ મારા માણસોને અનંગસેનાને ત્યાં ઉત્તમકુમારને બોલાવવા મોકલું છું. તે આવે પછી તરત જ આપને અડધું રાજ્ય આપી દઈશું કારણ કે મેં તો મારુ સમસ્ત રાજ્ય ઉત્તમકુમારને સોંપી દીધું છે, જેથી અડધું રાજ્ય તમને આપવા માટે કુમારની અનુમતિ, મંજુરી લેવી યોગ્ય મનાય. આથી કુમાર આવે ત્યાં સુધી આપ ઇંતેજાર કરો જેથી આપના બંન્ને વચનો એકી સાથે અમે તમને આપી દઈશું.'

નૃપનરવર્માએ પોતાના વિશ્વાસી સૈનિકોને અનંગસેનાને ત્યાં કુમારની તપાસાર્થે મોકલ્યા પરંતુ અનંગસેનાને ઘરેથી કુમારનો કોઈ પત્તો લાગ્યો નહીં. રાજસેવકો ખાલી હાથે પાછા ફરતાં રાજાએ પોપટને કહ્યું.

'શુકરાજ ! આમ કેમ ? કુમાર તો અનંગસેનાને ત્યાં નથી. મારા માણસોએ બધે તપાસ કરી પરંતુ ઉત્તમકુમારનો ત્યાં ક્યાંય પત્તો નથી. તમે જુઠું બોલતાં હોય તેમ પણ માન્યામાં આવતું નથી. કારણ તમે કુમાર વિષે

જે પણ માહિતી આપી છે, વૃત્તાંત કહ્યો છે તે સંપૂર્ણપણે સત્ય છે. હે શુકરાજ ! તમે પંડિત છો. ભૂત-ભવિષ્ય, વર્તમાન ત્રણેકાળના જ્ઞાતા છો. ઉત્તમકુમાર ક્યાં છે તે વિષે આપ જરૂરથી જાણતા હશો. હું આપને નમ્ર વિનંતી કરુ છું કે તમે અમારા જમાઈ ઉત્તમકુમારનો જલદીથી સંદેશો, યોગ્ય ઠેકાણું દર્શાવો જેથી તેમની સાથે અમારું મિલન થઈ શકે. મારી બન્ને પુત્રીઓ મદાલસા અને તિલોત્તમા પણ વિરહાવસ્થામાં વિરહાગ્નિથી બળી રહી છે, વિયોગના દુઃખે તેમની દુર્દશા છે. મારી એ બે પુત્રીઓ પર દયા આણીને કુમાર ક્યાં છે તેની માહિતી અમને આપો. અનંગસેનાના ઘરેથી તેએ ક્યાં ચાલ્યા ગયા ? અમને તેમના વિષે જણાવો.

પોપટે કહ્યું, 'રાજન્ ! ઉત્તમકુમાર તો અનંગસેનાને વારેવારે વિનંતી કરતો કે તે એને મુક્ત કરે પરંતુ તે માને ? તે કુમારને બંદી બનાવી રાખવા ઈચ્છતી હતી. તેણે પોતાની વિદ્યાના જોરે કુમારને પોપટ બનાવી દીધો. અને તેના પગમાં એક મંત્રેલો દોરો બાંધી દીધો. રાત્રે વેશ્યા તે દોરો છોડીને તેને ઉત્તમકુમાર સ્વરૂપે પ્રાપ્ત કરતી, અને દિવસે પગે દોરો બાંધી ને પોપટ બનાવી તેને સોનાના પિંજરમાં કેદ કરી દેતી. સંયોગવશાત્ કોઈએક વાર પિંજરાનું બારણું અનંગસેનાથી ખુલ્લું રહી ગયું. મોકો મળતાં જ પોપટ પિંજરમાંથી ઊડી ગયો. અને તે જ પોપટ અત્યારે આપની સમક્ષ બેઠો છે.

પોપટના છેલ્લા વાક્ય સાથે જ રાજસભામાં આનંદ, હર્ષનું મોજું ફરી વળ્યું. મદાલસા અને તિલોત્તમા પરસ્પર હાથ ચૂમવા લાગ્યા, અને અનિમેષ રીતે પોપટ તરફ તાકી જ રહ્યા. પોપટે રાજાને કહ્યું, 'રાજન્ ! મારા પગમાં જે દોરો બાંધેલો છે. તે આપ ખોલી નાખો, જેથી હું પૂર્વ સ્વરૂપે ઉત્તમકુમાર સ્વરૂપે તમને મળીશ.' તરત જ રાજાએ પોપટના પગેથી દોરી ખોલી નાંખ્યો અને પોપટ ઉત્તમકુમાર બની ગયો.

મહીનાનો આજે અંતિમ દિવસ હતો. મહેશ્વરદત્તે વિવાહની તૈયારી સંપૂર્ણપણે કરી રાખી હતી. જ્યોતિષીની ભવિષ્યવાણી યથાર્થ ઠરી હતી. રાજા અને શ્રેષ્ઠીએ ઉત્તમકુમાર અને સહસ્રકલાના રાજસી વૈભવ, ધૂમધામ અને ઠાઠ-માઠથી લગ્ન કર્યા. વિવાહ થતાં સહસ્રકલા પણ ઉત્તમકુમારના

મહેલે આવી ગઈ. મદાલસા અને ઉત્તમકુમારનું પુર્નમિલન થયું. તિલોત્તમા અને ઉત્તમકુમારનું પુર્નમિલન થયું. રાજા અને કુમારની ઈચ્છાનુસાર અનંગસેના વેશ્યા કુમારની જીવનદાતા, જીવનરક્ષક હતી. આથી રાજાએ ઉત્તમકુમાર અને અનંગસેનાના વિવાહ અત્યંત સાદગીપૂર્વક વિધિવત્ કર્યા. હવે ઉત્તમકુમાર ચાર પત્નીઓ સાથે આનંદ-સુખપૂર્વક રહેવા લાગ્યો.

શ્રેષ્ઠી મહેશ્વરદત્ત ખૂબ પ્રસન્ન, સંતુષ્ટ હતો. તેમના મનની મુરાદ ફળી હતી. એકનીએક પુત્રી સહસ્રકલાને ઉત્તમ વીર પરાક્રમી, ક્ષત્રિય રાજકુમાર જીવનસાથી રૂપે મળ્યો હતો. શ્રેષ્ઠીએ પોતાનો કુબેર સમ ભંડાર, ધન દોલત, સંપત્તિ સ્વેચ્છાએ ઉત્તમકુમારને સમર્પિત કરી દીધા. હવે શ્રેષ્ઠીએ પોતે જે કાર્ય અર્થે નક્કી કર્યું હતુ તે રૂડો, અનેરો અવસર સાંપડી ગયો આથી તેમણે દીક્ષા અંગીકાર કરી, પ્રવજ્યાનો ઉત્તમ માર્ગ સ્વીકારી લીધો અને ચારિત્રધર્મ, દીક્ષાને સાર્થક કરવા તેઓ નીકળી પડ્યાં. નૃપનરવર્માએ હજી ચારિત્રગ્રહણ કર્યું ન હતું. તેમના ભોગાવલી કર્મો હજી પૂર્ણ થયા ન હતા.

નૃપનરવર્મા રાજસભામાં બેઠા છે. ઉત્તમકુમાર પણ ત્યાં હાજર છે. રાજા કુમારને પોતે ચારિત્રગ્રહણ કરવા ઉત્સુક છે તેવી જાહેરાત કરી કુમારના રાજ્યાભિષેક વિષયક ચર્ચા ચાલી રહી છે. રાજાના મનમાં હજી માલણ ચપલાનું વર્તન સમજાયું નથી. ચપલાને કુમારને મારી નાખવામાં શું રસ હોઈ શકે ? આ ચપલાની પોતાની કોઈ ચાલ હશે ? કુમાર સાથે તેને શું વેર હોઈ શકે ? આ નગરમાં કુમારનો એવો દુશ્મન, વેરી કોણ હશે જે કુમારને મારવા જેવું અધમ, નીચ કૃત્ય કરવા પ્રેરાયો. રાજાના મનમાં અનેક તર્કો ઉત્પન્ન થયા. તેમની સમજમાં કોઈ તર્ક બંધબેસતો આવે જ નહીં. તેમણે ચપલાને રાજસભામાં બોલાવી, જ્યાં જમાઈ ઉત્તમકુમાર અને બંન્ને પુત્રીઓ મદાલસા-તિલોત્તમા ઉપસ્થિત હતી. રાજાએ ચપલાને પુછ્યું- 'માલણ ! શું તું આ રાજકુમારને ઓળખે છે ?' રાજાએ ઉત્તમકુમાર તરફ સંકેત કરતા કહ્યું.

'જી અન્નદાતા ! આ રાજકુમાર આપણા જમાઈ રાજકુમાર છે. મેં

રાજકુમારી તિલોત્તમા સાથે તેમને અનેકવાર રાજોદ્યાનમાં જોયા છે. તેમના મહેલ ફૂલ આપવા જાઉ છું, ત્યારે પણ તેમને જોયેલાં છે.' માલણે કહ્યું.

'એ થોડાદિવસ પહેલાં બપોરે રાજોદ્યાનમાંથી પસાર થતાં હતાં ત્યારે તે એમને ફૂલની છાબડી ભેટ ધરી હતી, જેમાં સુંદર ગુલાબનું ફૂલ હતું.' રાજાએ ફરી પ્રશ્ન કર્યો.

'જી અન્નદાતા ! મેં કદી કુમારને એકલા - રાજકુમારી તિલોત્તમા સિવાય રાજોદ્યાનમાં જોયા નથી. રાજોદ્યાનમાં મારી ફરજ સવારની હોય છે, જેથી બપોરે હું કદી ત્યાં હોતી જ નથી.' માલણે વિનમ્ર થઈ કહ્યું.

'જો માલણ ! તારો અપરાધ ભયંકર છે. જુઠું બોલીને ફરી બીજો અપરાધ કરીશ નહીં. જે હોય તે સાચું કહી દે.' રાજાએ ફરી ચપલાને ચેતવતાં કહ્યું.

'અન્નદાતા ! હું આપની સમક્ષ જુઠું કેવી રીતે બોલી શકું ? તમે ઉદ્યાનમંત્રીને બોલાવી પુછાવો કે મારી ફરજ સવારના સમયની જ હોય તો પછી હું બપોરના સમયે ત્યાં કેવી રીતે હોઈ શકું ? જમાઈ રાજકુમારની કાંઈક ભૂલ થાય છે. કોઈ બીજી માલણ હશે.' ચપલાએ પોતાનો પક્ષ મજબૂત કરતાં પ્રતિદલીલ કરી.

હવે ઉત્તમકુમારનો પિત્તો ગયો. **'ચોરી પર સીના જોરી'** એક તો ભૂલ-પાપ પોતાનું અને રાજા સમક્ષ મને બેવકૂફ બનાવે છે. મારી આંખો કદી ધોખો ખાતી હશે ? છતાં તેણે એકાદ ક્ષણ વિચારી મનને કસી જોયું. 'ના આ એ જ ચપલા છે, જેંણે મને ફૂલછાબડી આપી હતી.'

તેણે આવેશમાં આવી રાજાને કહ્યું, 'મહારાજ ! આ તદ્દન જુઠી છે. મને બરાબર, યાદ છે કે આ એ જ માલણ છે જેને મને ગુલાબ આગળ પર રાખી કમીજના ઉપરના બટન પર ભરાવવાનું સૂચન પણ કર્યું હતું અને એમાં જ કાળોતરો સર્પ વીંટળાયેલો હતો જેના ડંસ માત્રથી હું મૂર્છિત થઈ ગયો.'

ઉત્તમકુમારના સત્ય વચનો નૃપનરવર્મા પારખી ગયા. તેમને વિશ્વાસ

હતો કુમાર કદી જુઠ, અસત્યનો આધાર લેતો નથી. આથી તેમનો મગજ પણ તપી ગયો. તેમણે માલણને નજીક બોલાવી ધમકાવતાં કહ્યું, 'દુષ્ટ ! તું આવા સજ્જન કુમારને ફરી જુઠા પાડી રહી છે. શું કુમાર ખોટું કહે ? હવે તો તારા માટે મૃત્યુદંડ પણ ઓછો પડે.' આમ કહી રાજાએ સૈનિકને બોલાવવા આદેશ કર્યો.

ચપલા સમજી ગઈ કે એ મારી ચપળતા, હોંશિયારી ચાલે તેમ નથી. **'પાપ તો આખરે છાપરે ચડીને પણ પોકારે'** હવે તો પાપ, ગુનો કબુલ કર્યે જ છુટકો છે જાણી ધ્રૂજતી ધ્રૂજતી કંપતા અવાજે વિનમ્ર સ્વરે હાથ જોડી રાજાને વિનંતી કરતાં બોલી-

'પ્રાણરક્ષકનાથ ! હવે તો મારું જીવન આપના ચરણમાં છે. હું તમને બધી સત્ય હકીકત સ્પષ્ટપણે જણાવી દઉં છું. મેં માત્ર ધનની લાલચમાં આવીને આવું દુષ્કૃત્ય કર્યું છે. નગરમાં કેટલાંક સમયથી પરદેશી વેપારી કુબેરદત્ત રહે છે. તેણે મને આ કાર્ય માટે મોટી રકમ આપી પ્રેરિત કરી. આથી મેં તે દિવસે ગુલાબના ફૂલની દાંડી સાથે તમોત્તી, કાળોતરો સર્પ તેમાં છુપાવી દીધો હતો.'

કુબેરદત્તનું નામ સાંભળતાં જ રાજા અને ઉત્તમકુમારનું મન ભૂતકાળમાં સરકી ગયું. કુમારની નજર સમક્ષ મધદરિયે વહાણમાંથી ધકેલી દીધાનો પ્રસંગ તરવરી ઊઠ્યો. રાજાએ સેવકને હુકમ કરતાં કહ્યું- 'જલદીથી જઈ, જ્યાં હોય ત્યાંથી એ દુષ્ટ કુબેરદત્તને હમણાં ને હમણાં જ હાજર કરો.'

રાજાની આજ્ઞાનુસાર તરત જ કુબેરદત્તને રાજસભામાં હાજર કરવામાં આવ્યો. રાજાએ વિચાર્યું,, 'આ દુષ્ટ જ બધા દુષ્કૃત્યોની જડ છે. આ દુષ્ટને એકવાર માફ કરી મુક્ત કર્યો પણ તેણે ફરી પોતાની દુષ્ટતા તો દેખાડી જ, તો હવે આને એવો દંડ કરવો કે જેથી તેની દુષ્ટતાનો કોઈ પણ ભોગ ન બને.' અને રાજાએ તેને પ્રાણદંડ આપવાનું નક્કી કર્યું.

હવે રાજાએ સૈનિકોને આજ્ઞા કરતાં ફરમાવ્યું, 'આ બન્નેના અપરાધ અક્ષમ્ય છે. બંન્નેએ સાથે મળી મારા જમાઈને મોતને ઘાટ ઉતારવાનું દુષ્કૃત્ય

કરેલ છે. આવા ભયંકર ગુન્હા માટે દંડ પણ ભયંકર જ હોવો ઘટે. એ બંન્નેને મૃત્યુદંડની સજા ફરમાવું છું અને તમે બન્નેના સિર મસ્તકથી અલગ કરી રાજાજ્ઞાનું પાલન કરો.'

કુબેરદત્ત અને ચપલા તો ધ્રૂજવા માંડ્યા. માનવીની જિજિવિષા જ તેને સંસારમાં ટકાવી રાખે છે. મૃત્યુદંડ સાંભળતાં જ બન્ને અધમૂવા જેવા થઈ ગયા.

આ તરફ કુમાર પણ ધ્રુજી ઊઠ્યો. તેને થયું મારે કાજે બે પંચેન્દ્રિય જીવોની હત્યા. નહીં...નહીં... આ નામુમકિન છે. જો આવું થાય, બે જીવોને મૃત્યુદંડ મળે તો મારા જીવનનો અર્થ શો ? આ તો શાસ્ત્રવિરુદ્ધનું પગલું, કાર્ય ગણાય. આથી તેણે નમ્ર સ્વરે રાજાને વિનંતી કરતાં કહ્યું.

'ન્યાયપાલકનૃપશ્રી ! આપે જે હુકમ કર્યો છે તે ન્યાયદેવીની અજ્ઞાત પ્રેરણાથી કર્યો છે. આપના ન્યાયકાર્યમાં ડખલ દેવાનો કે મારા મંતવ્યો રજૂ કરવાનો મને કોઈ હક્ક નથી, એ જાણવા છતાં આપને એક નમ્ર નિવેદન કરું છું. કે મારે માટે થઈને બે પંચેન્દ્રિય જીવોને ફાંસી, મૃત્યુદંડ આપવાનો તમે જે નિર્ણય કર્યો છે તે મારી દૃષ્ટિએ વ્યાજબી નથી. મારું નમ્ર નિવેદન છે કે અપરાધીના દંડમાં ઉપયોગિતા હોવી જોઈએ. જ્યારે માનવીને ફાંસી આપવામાં આવે છે ત્યારે એ દંડનો કોઈ લાભ નથી.'

'ન્યાયપાલક નૃપ જ્યાં ક્યાંય પણ કોઈ વ્યક્તિના જીવનમાં દોષ દેખાતા હતા, ત્યાં એ દોષોને જોઈને એ જ વ્યક્તિ પર દ્વેષ કરવાને બદલે એ વ્યક્તિના ભૂતકાળના કોક ભવને નજર સમક્ષ લેવાથી દ્વેષ રવાના થાય છે. કર્માધીન જીવોમાં અનેક પ્રકારની વિષમતાઓ જોવા મળે છે.

હું સમુદ્રમાં ધકેલાયો, મત્સ્યના પેટમાં ગયો, ત્યાંથી બહાર નીકળ્યો, સર્પડંસ, પોપટ બની પિંજરમાં કેદ થવું- આ બધા મારા જ પૂર્વના કર્મો મારે ભોગવવાં પડ્યાં છે. આ કુબેરદત્ત અને ચપલા માલણ તો તેના નિમિત્ત માત્ર છે. મારા પણ આ જન્મનાં, પૂર્વજન્મનાં કેટલાંક એવા કર્મો હશે જેને લીધે મારે આવી વિપત્તિઓમાં ફસાવાનું થયું. આ જન્મે બે ભૂલો-અપકૃત્ય

તો કર્યા જ છે. એક તો મદાલસાને અદત્તા ગ્રહણ કરી ગાંધર્વ વિધિથી તેની સાથે લગ્ન કરી તેના પાંચ દિવ્ય રત્નોનો અધિકારી બન્યો. બીજીવાર તિલોત્તમાના શયનકક્ષમાં વૃદ્ધાદાસીને જોઈ તે રાજકુમારી પરદેશી સ્ત્રીને મારી પોતાની મદાલસા માની પરદારા આસક્તિનો દોષ કર્યો. આ બે અને બીજી અનેક ભૂલો પૂર્વભવમાં પણ થઈ હશે જેને કારણે મારી આ સ્થિતિ થઈ. કર્મ પ્રભાવને કારણે માનવી અંધ બની જાય છે. સારાસારનું ભાન પણ તેને રહેતું નથી. કોઈપણ કાર્યના કૃત્યાકૃત્ય અને સારાખરાબનો વિવેક પણ તેની સમજમાં આવતો નથી. કર્મદોષોથી દૂષિત પ્રાણી દયાને પાત્ર છે. માટે રાજા આપને મારી નમ્ર વિનંતી છે કે આપ આ બન્નેને છોડી દો.'

કુમારના કથનમાં તેની સૌમ્યતા જણાતી હતી. સૌમ્ય વ્યક્તિની વિશેષતા એ છે કે તે કદી નાહક ગુસ્સે થતો નથી. ઉકળાટ અનુભવતો નથી. ઉકળાટના સમયે તે મનને શાંત-પ્રશાંત રાખવાનો ભરપૂર પ્રયત્ન કરી પાર ઉતરે છે. તે પોતે પ્રસન્ન રહે છે અને બીજાને પ્રસન્ને કરવાના પ્રયત્નો કરે છે. સૌમ્યતા એ તો મનની સ્વસ્થતાનું સૂચક છે. ઉકળાટએ મનની અસ્વસ્થતાનું સૂચક છે. કુમારનું મન સ્વસ્થ હતું તે પોતાનાં દોષ, કર્મદોષ જોઈ શકતો હતો. તેણે કર્મ-આ ભવના, પૂર્વભવના કર્મોદયને આગળ કરી પેલા બેની ભૂલને માફ કરી લીધી. કુમાર જાણતો હતો કે **'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'**- આથી તેણે ક્ષમા આપી. ક્ષમાગુણ જો કેળવાય તો પરિસ્થિતિ ગમે તેવી વિષમ હોય, ખરાબ હોય છતાં ક્ષમાશીલ મન તે પરિસ્થિતિને અનુકૂળ બની રહે છે અને સંક્લેશો આપોઆપ શમી જાય છે. ઘણીવાર તો પરિસ્થિતિ ને વધુ ખરાબ ચીતરનાર આપણું પોતાનું મન જ છે. રાઈનો પર્વત કરી વિષમ પરિસ્થિતિ અતિ વિષમ, ભયંકર બનાવી મુકે છે. જેવી રીતે દીવાલ કરતાં દીવાલનો પડછાયો મોટો હોય છે તેમ કેટલીકવાર દુઃખ કરતાં દુઃખની કલ્પના વિશેષ મોટી જણાય છે. કારણ માનવ સ્વભાવ છે પરદોષો જોવાનો. અન્યના કાંકરા જેવા દોષોને પણ માનવ મેરુ સમાન બનાવીને બીજાને બતાવે છે જ્યારે પોતાના દીવાલ જેવડા મોટા દોષને નાના કાંકરા જેવા ગણી પોતે જ છુપાવે છે.

ઉત્તમકુમારની કર્મોદય અને જ્ઞાન-વિવેકપૂર્વકની વાતથી નૃપ નરવર્માનું મન પણ શાંત થયું, મનનો ઉકળાટ શમ્યો. તેમણે પોતાની મૃત્યુદંડની સજા પાછી ખેંચી લીધી અને દેશનિકાલની સજા કરી.

તેમણે કુમારને કહ્યું, 'પુત્ર રૂપ ઉત્તમ જમાઈ રાજ ! તમારી સૌમ્યતા, ક્ષમાગુણ અને વિનયથી માત્ર હું નહીં પણ સમસ્ત રાજસભા પ્રભાવિત થઈ ગઈ છે. તમારામાં રહેલા ધાર્મિક સંસ્કારો ખરેખર પ્રશંસનીય છે. તમે તમારા આત્માને ધર્મમાં જોડી દીધો છે જેથી અન્યના પહાડ જેવડા અવગુણોને નાના રાઈ જેવડા માની ક્ષમા આપો છો અને તમારા પોતાના નાના રાઈ જેવા દોષોને પહાડ જેવડા માનો છો, એ ખરેખર તમારી ઉદારતાનું સૂચક છે.'

આજે મને સંપૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત થયો છે કે તમે મોટપલ્લી નગરીના સમર્થ શ્રેષ્ઠ પ્રજાપાલક નીવડશો અને મારા કરતાં વિશેષરૂપે પ્રજાને વાત્સલ્ય આપી પ્રજાનું યોગ્યરીતે ક્ષેમ-કુશળ કરશો. તમે મારાથી સવાયા પ્રજાવત્સલ, ન્યાય પ્રવર્તક રાજવી બની રહેશો, માટે આજથી હું તમને આ સંપૂર્ણ રાજ્યના ઉત્તરાધિકારી તરીકે નીમી તમારા રાજ્યાભિષેકની તૈયારી કરવાનું મંત્રીમંડળને સૂચન કરું છું અને હું હવે ચારિત્રમાર્ગ ગ્રહણ કરવા સંયમમાર્ગ સ્વીકારી પ્રવજ્યા ગ્રહણ કરીશ.'

કુબેરદત્ત અને ચપલા પણ ઉત્તમકુમારના ચરણોમાં ઢળી પડ્યા. કુબેરદત્તેતો પોતાના બધા અપરાધો, દુષ્કૃત્યોનો સ્વીકાર કરી કુમારની માફી માગી. અને હવે પછી ઉત્તમ ચારિત્રપૂર્વકનું જીવન પસાર કરશે તેવો વિશ્વાસ આપી તેણે દેશનિકાલની સજા સ્વીકારી. ચપલા પણ પોતાના આવા અધમ દુષ્કૃત્ય માટે શરમીંદી બની કુમારની માફી માગી ત્યાંથી રવાના થઈ ગઈ.

અનુકૂળ સમયે, મંગલ દિવસે કુમારનો રાજ્યાભિષેક કરી રાજા નરવર્મા સંસારમાંથી વિમુખ થઈ પ્રવજ્યા લઈ શ્રેષ્ઠી મહેશ્વરદત્તમુનિ સાથે ધર્મારાધના, આત્મકલ્યાણમાં લીન થઈ ગયા ! ઉત્તમકુમાર ઉત્તમ રીતે રાજ્યની ધૂરા સંભાળી પ્રજાના કલ્યાણમાં મગ્ન રહેતો.

= X = X =

ઉત્તમકુમાર હવે મોટપલ્લી નગરનો રાજાધિરાજ છે. તેના મહેલમાં વિપુલ સંપત્તિ, સાથોસાથ ચાર વર્ણોની ચાર રાણીઓ છે. ચારે વિવિધ પરંપરાની, કુટુંબની હોવા છતાં પરસ્પર પ્રેમ, આત્મીય ભાવથી રહે છે. પારસમણિના સંસર્ગમાં આવતાં લોઢું જેમ સુવર્ણ બની જાય છે તેવી રીતે અનંગસેના પણ ઉત્તમકુમાર અને ત્રણે ઉત્તમ સ્ત્રીઓના સંસર્ગમાં આવતા ગુણીયલ, સદ્‌ગુણી બની ગઈ. પાંચે જણાનો સંસાર પ્રસન્ન, આનંદી હતો. દરેક ધર્મકાર્ય, શ્રાવક-શ્રાવિકા ધર્મ અપનાવી સામાયિક, પ્રતિક્રમણ જેવી આવશ્યક ધર્મક્રિયાઓ કરતાં.

ઉત્તમકુમારના રાજ્યકાળ દરમ્યાન પ્રજા ખૂબ સુખી, સમૃદ્ધ, સંતુષ્ટ હતી. ક્યાંય અનીતિ, અસત્ય, અહિંસા, અપ્રમાણિકતા, અન્યાય જેવા અવગુણોની હાજરી ન હતી. હતો સર્વત્ર ન્યાય-શાંતિ-સલામતીનો પ્રભાવ, તેનું જ સામ્રાજ્ય. આ રાજ્ય તીર્થંકરના સમવસરણની યાદ આપતું. તીર્થંકરના સમવસરણમાં વાઘ-બકરી સાથે બેસતા તેમ અહીંયા પણ વાઘ-બકરી, ઉંદર-બિલાડી એક જ ઘાટ પર પાણી પીતા છતાં ક્યાંય નહીં દુશ્મનાવટ કે વૈરવૃત્તિની ભાવના. સર્વત્ર પ્રેમ-પ્રીતિનું જ સામ્રાજ્યં કારણ કુમાર પોતે સુવર્ણ સમાન હતો. જેમ સુવર્ણ અગ્નિ તાપ સહી ચમકે છે તેમ કુમાર અનેક સંઘર્ષો, યાતનાઓ, આપત્તિઓ માંથી તવાઈ-તવાઈને આટલા વિશુદ્ધ, નિર્મળ થયા હતા જેની છાયામાત્રથી સમસ્ત પ્રજાજનો અપૂર્વ શાંતિ, ચેતના અને ઉજ્જવળતાનો અનુભવ કરી શકતા.

જેમ કસ્તૂરીની સુવાસ ચોતરફ પ્રસરે છે, અગરબત્તીની સુગંધથી વાતાવરણ મહેંકી ઊઠે છે, સૂર્યના તેજથી દુનિયાનો અંધકાર નાશ થાય છે. અને ચોમેર, દુર-સુદુર તેની અસર મહેંકે, તેજ પથરાય છે તેમ ઉત્તમકુમારની કીર્તિ, સુગંધ, સુવાસ ચોમેર પ્રસરી હતી. ધાર્મિક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે તેની સુવાસ અકબંધ હતી. તેના રાજ્યનું ઉદાહરણ આપવામાં આવતું.

આ તરફ ભમ્રરકેતુ દૈત્ય રાજા હજી પણ પોતાની પુત્રી મદાલસાને ભૂલી શક્યો નહતો. તેના સેવકો તેની ચોતરફ તપાસ કરતાં પરંતુ ક્યાંય

તેની ભાળ મળી નહતી. ત્યાંજ ઉત્તમકુમારની સુવાસ ઊડતીઊડતી ત્યાં સુધી પહોંચી. ભમ્રરકેતુને તપાસ કરતાં જાણવા મળ્યું કે આ ઉત્તમકુમાર જ એને શૂન્યદ્વીપ પર પરાજિત કરનાર યુવરાજ છે, આ જ ઉત્તમકુમાર તેની પ્રાણ પ્યારી, વહાલસોયી પુત્રીનું હરણ કરનાર, ભગાડી જનાર છે. હવે તે અકળાયો. આ તો દૈત્ય, બીજાની આવી સુવાસ, સદ્‌ગુણોને તે કેમ સહી શકે ? માનવ દુઃખીને જોઈ સહાનુભૂતિ અનુભવી શકે છે, તેને મદદ કરી શકે છે પરંતુ બીજાને સુખી જોઈને, તેમાં પણ પોતાથી વિશેષ સુખી જોઈ તે ઈર્ષ્યાની આગમાં બળી ઊઠે છે, ચિત્તમાં ક્લેશ, સંતાપ ઊભો કરી દે છે. દૈત્યરાજને પણ તેવું જ થયું. ઉત્તમકુમારની સુવાસ, પ્રગતિથી ખુશ થવાને બદલે ખિજાયો. તેણે દૈત્યોની સભા બોલાવી. તેમાં અનેક વિશાળકાય, વિભિન્ન, ચિત્ર-વિચિત્ર આકૃતિવાળાં દૈત્યો હાજર થયાં હતાં. દરેકના હાથમાં વિવિધ પ્રકારના પ્રાણઘાતક અસ્ત્ર, શસ્ત્ર હતાં. ભમ્રરકેતુના હૃદયમાં વૈર, પ્રતિશોધની આગ પ્રજવલ્લિત થઈ રહી હતી. તેણે દૈત્યરાજાઓને કહ્યું, 'મારી દૈત્ય રાજકન્યા મદાલસાનું હરણ કરનાર કુમારની ભાળ મળી ગઈ છે. મોટપલ્લીનો પેલો શાંતિદૂત, દેવદૂત સમો ઉત્તમકુમાર તેનો પતિ છે. હવે શીઘ્ર જ તેના અપકૃત્યનો બદલો લેવો જોઈએ પણ કેમ, કેવી રીતે અને ક્યારે તેની ચર્ચા કરવા માટે આજે તમને અહીંયા એકત્રિત કરવામાં આવ્યા છે. દરેકના મનમાંથી અવનવી ક્રૂર, ઘાતક, હિંસક યોજનાઓ રજુ થવા માંડી. કોઈક યોજના પર ચર્ચા-વિચારણા પણ થતી રહી. માત્ર ઉત્તમકુમાર જ નહીં, તેના સમસ્ત રાજયનો, તેની સમગ્ર પ્રજાનો- તેના સમસ્ત કુળ-પરિવારનો નાશ કરવો, છેદ કરવો તેવી વિચારણા પણ થવા માંડી. તેમાં એક દૈત્ય જે કર્મે દેવ હતો તે ઊભો થયો અને ભમ્રરકેતુને સંબોધી કહ્યું-

'દૈત્યરાજ ભમ્રરકેતુ ! આપ બધા દૈત્યોની ચર્ચા હું ક્યારનો સાંભળી રહ્યો છું. તમે બધાએ ભેગામળી સંયુક્ત રૂપે જમાઈરાજ ઉત્તમકુમાર રૂપ દુશ્મનનું વૈરવૃત્તિ, દ્વેષવૃત્તિથી પ્રેરાઈ નિકંદન કાઢવાનું જે વિચારી રાખ્યું છે તે શું યોગ્ય છે ? દૈત્યરાજ, તમે એકવાર એનાથી પરાજિત થયા છો, એ પણ કેવી અવસ્થામાં જ્યારે તે સાવ એકલો, શસ્ત્રહીન હતો છતાં પણ તે

તમને પરાજિત કરી ગયો. અત્યારે તે વિશાળ સામ્રાજ્યનો ધણી છે, તેની પાસે વિશાળ સૈન્ય, મંત્રીઓ, સુભટો, સૈનિકો છે. અત્યારે તે તમારાથી પરાજિત થઈ શકે તેમ નથી. કારણ પહેલાં કરતાં તેની શક્તિ અનેકાનેક ગણી વધી ગઈ છે. વળી જમાઈને મારી નાખતાં પોતાની પુત્રી જ દુઃખી થવાનીને ? પુત્રીના દુઃખે શું પિતા સુખી થઈ શકશે ? વળી તે તમારી પુત્રીને બળજબરીથી, અનિચ્છાએ ભગાડી ગયો નથી, પરંતુ પુત્રી તો પોતાની ઈચ્છાથી, સ્વેચ્છાએ તેની સાથે ગઈ છે. બન્ને પરસ્પર પ્રેમથી શાંતિથી જીવન ગુજારે છે. તો એ સુખ-શાંતિ ભર્યા જીવનને શા માટે આપણે જઈ ડહોળવું પડે, બગાડવું પડે. '**જે થવાનું હતું તે થઈને જ રહ્યું**'' તમને જ્યોતિષીએ ચેતવ્યાં હતાં, તમે તેના પર ચોકી ગોઠવી, જાપ્તો રાખ્યો છતાં પણ હોનહારને, જે થવાનું જ છે તેને કોઈ ટાળી શકતું નથી. 'એ બળિયા સાથે બાથ ભીડીને શા માટે પોતાના પગ પર કુહાડી મારો છો ?' મારું માનો તો આ બધી વૈરવૃત્તિ, દ્વેષ ભાવનાને ત્યજીને તેનો, જમાઈનો પ્રેમપૂર્વક સ્વીકાર કરો.'

ભ્રમ્રરકેતુ પણ વિચારવા લાગ્યો, 'ખરેખર, વાત તો સાવ સાચી જ છે. તેને થયું, આખરે જ્યોતિષીની ભવિષ્યવાણી સાચી જ ઠરી. વિધિ દ્વારા જે નિર્માણ થઈ ચૂક્યું છે તેને ટાળી શકાતું નથી. ભવિતવ્યતા, અને કર્મપ્રભાવ વિષયક તેની માન્યતા દઢ બની ગઈ. જે થવાનું હોય છે તે થઈને જ રહે છે. શા માટે મારે વ્યર્થ રીતે, પુત્રીના અહિતમાં વર્તન કરવું જોઈએ. વાત તો સાચી જ છે. તે બળિયો છે, પરાક્રમી છે, શૂર છે, વીર છે અને સાથોસાથ અનેક સદ્‌ગુણો નીતિ, ન્યાય, પ્રામાણિકતા, દાનશીલ થી પણ સંપૂર્ણ છે. ચોતરફ તેની આણ વર્તે છે. લોકો ભયના માર્યા નહીં પરંતુ સાચા દિલની અંતરની આશિષથી તેને ચાહે છે. તે કેટલો સદ્‌ગુણી હશે ! આવા ઉત્તમોત્તમ, નરોત્તમ, પુરુષોત્તમ જમાઈ પ્રાપ્ત કરીને મારે પોતાને ભાગ્યવાન, નસીબદાર સમજવું જોઈએ તેને બદલે હું આજે પણ તેની સામે વૈરવૃત્તિ, દ્વેષભાવ રાખી તેને પરાજિત કરવા તૈયાર થયો છું. ધિક્કાર છે મારી જાતને.

તેણે સ્વવિષે, પોતાની જાત વિષે આત્મચિંતન કરવા માંડ્યું. તેને થયું, 'ઉત્તમકુમાર લોકપ્રિય છે તેના ગુણોને લીધે, જ્યારે હું અપ્રિય છું મારા ભયને લીધે. અત્યાર સુધી હું એમ જ સમજતો કે ભય વિના પ્રીત નથી. પરંતુ આજે મને સમજાય છે કે ભયથી પ્રીત બંધાય નહીં અને બંધાતી હશે તોપણ ભયની પ્રીત એ સાચી પ્રીત નથી. ભય ટળી જતાં એ પ્રીત પણ પૂરી થઈ જાય છે. અને ભય નાબૂદ થતાં જ માણસ બદલો લેવાની વૃત્તિ ધરાવતો થઈ જાય છે. માણસ પાસેથી ભયથી કામ લઈ શકાય પરંતુ એ કામમાં ભલીવાર હોતો નથી. પરસ્પરનો સંબંધ ભયનો નહીં પણ સદ્‌ભાવનાનો, અંતરની લાગણીનો, ઉર્મિનો હોવો જરૂરી છે. જ્યારે અન્યને આપણાથી ઊતરતો, નીચી કક્ષાનો કે હલકી કોટિનો માનીએ છીએ ત્યારે એના મનમાં પણ કુદરતી રીતે જ એના માટે અણગમો ઘૂંટાતો રહે છે અને ક્રમશઃ તેમાંથી વેરવૃત્તિ જન્મે છે..

આજે મારે મારી આવી નિમ્ન, હલકી વૃત્તિઓનો ત્યાગ કરવો જરૂરી છે. મારી પુત્રી ઉત્તમ શ્રાવિકા સમ જીવન જીવે છે, મારો જમાઈ આવો સદાચારી, ગુણીયલ, ધર્મનિષ્ઠ છે તો પછી મારે આવી રીતે મારું જીવન બરબાદ કરવું જોઈએ નહીં.' આથી તેણે પોતાનો નિર્ણય જણાવ્યો.

'નિશાચરો ! આજે આપણા વૃદ્ધ, પીઢ દૈત્યની વાત સાંભળતાં મારા પ્રજ્ઞાચક્ષુ ખૂલી ગયાં છે. હવે મને સમજાય છે કે મારું વર્તન અયોગ્ય, અનીતિમય અને અન્યાયી હતું. હવે ઉત્તમકુમાર પ્રત્યેની મારી વેરવૃત્તિ, દૈત્યવૃત્તિનો અંત આવ્યો છે. આપણે હવે તેની સાથે પ્રેમના, આત્મીયતાના, સદ્‌ભાવનાના સંબંધો સ્થાપિત કરીશું. આથી દીકરીના ઘરે જવા માટે વિપુલ દ્રવ્ય, સંપત્તિ, ભેટ-સોગાદોની તૈયારી કરો, આપણે ખૂબ માન-સન્માન, આદરપૂર્વક જમાઈનો સ્વીકાર કરીશું.'

કેટલાંક દૈત્યો ભ્રમરકેતુના આવા સ્વભાવ વિરોધી, સદ્‌ભાવનાયુક્ત નિર્ણયથી નારાજ થયા. પોતાની નારાજગીને શબ્દમાં વ્યક્ત કરતાં તેમણે કહ્યું, 'મહારાજ ! તમારા જેવો, પરંપરા વિરુદ્ધ નિર્ણય આપણા ઈતિહાસમાં

ક્યાંય જોવા મળે તેમ નથી. તમે જે નિર્ણય કર્યો છે તે તદ્દન કુળની પરંપરાને અસંગત, બિનવ્યવહારુ અને અસહ્ય છે. આ નિર્ણય દ્વારા તમારી પુત્રી પાછળનો તમારો પાગલ પ્રેમ જણાય છે. શત્રુ સાથે પ્રેમ-સદ્‌ભાવના પૂર્ણ વર્તન કરવું, તેને ક્ષમા આપવી, તેની સાથે મૈત્રી કેળવવી, તે આપણને દૈત્યને પરવડે તેમ નથી. પેલો શૂન્યદ્વીપ પર તમને એકલાને પરાજિત કરી, તમારી પ્રિયપુત્રીનું હરણ કરી ગયો એ દ્વારા તેણે તમને પડકાર્યા છે. **પડકારનો પ્રત્યુત્તર ક્ષમા કે મૈત્રીથી આપવો તે તદ્દન કાયરતા છે.** કોઈપણ વીર પોતાના રિવાજ અને પરંપરાનું ઉલ્લંઘન કરી શકે નહીં.'

દૈત્યરાજ ભમ્રરકેતુએ કહ્યું, 'સેનાનાયક ! કુળની પરંપરા અને રિવાજ પ્રત્યે અંગુલિનિર્દેશ કરવા માટે આભાર. મારું અત્યારનું મંતવ્ય છે કે રિવાજએ એક માત્ર તર્ક છે. પોતાનું ધાર્યું કરવા કે કરાવવા રિવાજ, પરંપરાનો અચંળો ઓઢી પોતાની જાતને છુપાવવાનો કે આગવી રીતે પ્રસ્થાપિત કરવાનું આ એક ઉત્તમ, વજુદયુક્ત અને સમર્થ બહાનું છે. તેની બહાર નીકળી જરાસરખો, અંતર તલસ્પર્શી વિચાર કરવાથી બધું જ આપોઆપ સમજાઈ જશે.'

સેનાપતિએ પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'દૈત્યરાજ ! વાહ...કમાલ છે. જે માનવી પ્રત્યે આજસુધી તમને ઘૃણા હતી, તિરસ્કાર હતો, વેર હતું તેના પ્રત્યે આજે આમ એકાએક સ્નેહની સરવાણી ફુટી નીકળવાનું કોઈ કારણ ખરું ?

"દૈત્યરાજ ભમ્રરકેતુએ કહ્યું, 'સેનાપતિજી ! **સમજ્યા ત્યારથી સવાર.** આજે મને મારી ભૂલનું ભાન થયું છે. ઘૃણા-તિરસ્કાર, વેર-ઝેર એ બધા આપણા મનના વિકારો છે, હૃદયનું પાગલપન છે, જ્યોતિષીની ભવિષ્યવાણી, કર્મનો પ્રભાવ, વૃધ્ધદૈત્ય મિત્રના સદ્‌ભાવયુક્ત વિચારો, આ બધાથી મારી જીવનશૈલી બદલાઈ ગઈ છે. મને લાગે છે આપણે બધા જ નિશાચરો આ લાગણી, સદ્‌ભાવનાને જીવનમાં અપનાવતા શીખીએ.'

થોડીવાર પછી તેણે આગળ જણાવ્યું, 'હવે હું તમને બધાને વિનંતી

કરું છું કે આપણે બધા પુત્રી મદાલસા ને ત્યાં જઈએ. ઉત્તમકુમારનું અભિવાદન કરીએ. પુત્રીને મળીએ. માટે તમે ઉત્તમ ભેટ-સોગાદો, ધન-સંપત્તિ તૈયાર કરો.'

આ પછી દૈત્યભમ્રરકેતુ તેના દૈત્ય પરિવાર સાથે મોટપલ્લી નગરમાં આવ્યો. અતિપ્રેમ-આત્મીયતાથી કુમારનું અભિવાદન કર્યું. કુમારે પણ સન્માન, આદરપૂર્વક તેમનો સત્કાર, સ્વાગત કર્યું. પરસ્પર સુંદર વાર્તાલાપ પણ થયો. પુત્રી મદાલસા પિતાના આવા સ્વભાવવિરોધી ઉમદા વર્તનથી ખૂબ ખુશ થઈ. દૈત્યરાજ ભમ્રરકેતુએ જમાઈને વિવાહની ખુશાલીમાં લંકાનું રાજય સમર્પિત કર્યું.

= X = X =

રાજા ઉત્તમકુમારની સુવાસ ચોતરફ ફેલાયેલી હતી. ઉત્તમકુમારનું રાજ્ય એટલે રામરાજ્ય. તેમની કીર્તિ-યશોગાથા છેક વારાણસી નગરી સુધી પહોંચી. રાજા મકરધ્વજની રાજસભામાં પણ મોટપલ્લીના યુવા રાજાની પ્રશંસા થવા માંડી. રાજા મકરધ્વજે ઉત્તમકુમારનું નામ સાંભળ્યું અને પોતાના ભૂતકાળમાં સરી પડ્યાં.

'કેવો સુંદર અમારો એ પુત્ર ? એકાએક ક્યાં ગયો. શું થયું કાંઈ સમજ પડતી ન હતી. આવો સદ્‌ગુણી, વિનયી, કલાગુણસંપન્ન પુત્ર અદશ્ય થાય તે ક્યા માતા-પિતા સહી શકે ? રાજાએ ચોતરફ માણસો મોકલી ઠેર-ઠેર તપાસ કરાવી હતી, પણ કુમાર અદશ્ય જ હતો. રાણી લક્ષ્મીવતી તો પોતાની જાતનું ભાન ભૂલી ગઈ. કુમારના વિયોગે તે પાગલ જેવી થઈ ગઈ હતી. તેણે ખાવા-પીવાનું, બોલવા-ચાલવાનું, હસવા-રડવાનું પૂર્ણપણે છોડી દીધું હતું. પરંતુ મહારાજ મકરધ્વજ વિવેકી, સમ્યંક્ત્વી અને ધર્મનિષ્ઠ હતાં. તેમણે રાણીને અનેક રીતે સમજાવી હતી. **'દુઃખનું ઓસડ દહાડા'** સમય જતાં રાણીએ પોતાનું મન ધર્મવાંચન, ધાર્મિકક્રિયાઓમાં વાળી દીધું હતું. આથી કુમારના વિયોગનું દુઃખ તે ક્રમશઃ પચાવી શકી હતી. મહારાજા પણ ધૈર્યપૂર્વક ન્યાય-નીતિથી રાજકારોબાર સંભાળતા.

કુમાર માટે માતા-પિતાને અનેક અરમાનો, મહેચ્છાઓ હતી. પરંતુ કુમારની ગેરહાજરીમાં, વિયોગમાં માતા-પિતા ઝૂરતા હતા. હવે જ્યારે કુમારની કીર્તિ ચોતરફ ફેલાઈ ગઈ, ચંદન જેવી મહેક સર્વ પ્રિય થઈ પડી ત્યારે રાજાને પોતાનો પુત્ર મોટપલ્લી નગરનો મહારાજ થયો છે, રાજાધિરાજનું બિરુદ પ્રાપ્ત કરી પ્રજાની ખૂબ સેવા કરે છે, સાંભળ્યું ત્યારે પિતા પોતાની જાતને ધન્ય અનુભવવા લાગ્યો. તેની છાતી હર્ષથી ગજગજ ફૂલી ઊઠી અને આંખમાંથી હર્ષાશ્રુ સરી પડ્યાં. ખુશ થતો રાજા પોતાના અંતઃપુરમાં રાણી લક્ષ્મીવતી પાસે શુભસમાચાર આપવા ગયો અને કહ્યું, 'પ્રિયે ! આજે તને એવા સુંદર શુભ સમાચાર આપું કે તારું જીવન ધન્યધન્ય થઈ જશે. તું ખુશીથી પાગલ થઈ જઈશ....' ત્યાંતો રાણીએ રાજાની વાત કાપતાં જ કહ્યું, 'સ્વીમીનાથ, પહેલાં તમે મારી વાત સાંભળો. બેકાબુ બની

જશો અને આનંદના મહોદધિમાં ઉછાળા મારવા માંડશો. કદાચ તમને મારી વાત સાચી ન લાગે પરંતુ માનું મમતામયી હૃદય કદી અસત્ય ન બોલે, વિચારે.... આજે રાત્રે સપનામાં મેં મારા પ્રાણપ્યારા, જીવનદીપક સમા ઉત્તમકુમારને જોયો. ખબર છે કેવી રીતે ? તે મોટો રાજાધિરાજ બન્યો છે. તે પોતાની રાણીઓ સાથે ઉદ્યાનના લત્તા મંડપમાં બિરાજે છે. તેની વૈભવ-સંપત્તિનો પાર નથી તેના મુખ પર તેજ, સુખ, સંતોષ, આનંદ, હર્ષની છાયા છે. તે ખૂબ ખુશી, સુખી દેખાતો હતો. તેની રાણીઓ કેટલી હતી તે બરાબર યાદ નથી રહ્યું પરંતુ સ્વર્ગની અપ્સરાને ઝાંખી પાડે, પૂર્ણિમાના ચંદ્રને ફિક્કો કરે તેવી સૌદર્યવાન છે, બસ આટલું જોતાં જ મારી આંખ ખુલી ગઈ- 'બોલો સ્વામીનાથ ! મારો ઉત્તમકુમાર ખૂબ સુખી છે અને હવે આપણું મિલન થશે એવું મારું હૃદય મને કહી રહ્યું છે.'

રાજાએ વળતાં જ કહ્યું, 'હૃદયેશ્વરી ! ધીરજ રાખ. ધૈર્યધામ્ર કરીને હું જે કહું છું તે સાંભળ. તારી વાત સો ટકા સંપૂર્ણ સત્ય છે. તારો કુમાર ચાર રાણીઓનો હૃદયનાથ, જીવનસ્વામી છે. તે મોટપલ્લી નગરનો મોટો રાજાધિરાજ છે. તેણે આપણા સંસ્કારો, કુળ અને કૂખને દીપાવી છે. તે પ્રજાવત્સલ, ન્યાયી, નીતિવાન અને ધર્મનિષ્ઠ છે. તેની પ્રશંસા કરતાં લોકો થાકતાં નથી. જરૂરથી આપણો કુળદીપક, હૃદયનો ટુકડો ટૂંક સમયમાં જ આપણને મળશે. ભગવાને આપણી પ્રાર્થના, વિનંતી સ્વીકારી છે. કુશળ રાજકર્તા ઉત્તમ કુમાર શ્રાવક વ્રત અંગીકાર કરી નિયમિત સામાયિક-પ્રતિક્રમણ પણ કરે છે.'

રાણીએ કહ્યું, 'હે સ્વામી નાથ ! હવે મારાથી કુમારનો વિયોગ અસહ્ય થઈ રહ્યો છે. તમે આજે જ દૂતને રવાના કરો અને તેને અહીંયા આવવાનું આમંત્રણ આપો.'

રાજાએ પત્ર લખીને વેગવાન દૂતને મોટપલ્લી નગર તરફ રવાના કર્યો. વેગવાન દૂત મોટપલ્લી નગરમાં આવી પહોંચ્યો. સવારનો સમય છે. રાજસભા મંત્રીઓ, શ્રેષ્ઠીઓ, સુભટોથી ખીચોખીચ ભરેલી છે. ભાટ-ચારણો કુમારના યશોગાન ગાઈ રહ્યા છે ત્યાં જ એક સૈનિકે આવી રાજા ઉત્તમકુમારને

પ્રણામ કરી જયજયકાર કર્યો અને સમાચાર આપ્યાં કે વારાણસી નગરીથી રાજા મકરધ્વજનો વેગવાન નામે દૂત આવ્યો છે. અને વિના વિલંબે રાજા ઉત્તમકુમારને મળીને સંદેશો પાઠવવા ઉત્સુક છે.

પોતાના પિતાનો દૂત આવી પહોંચ્યો છે જાણતાં જ કુમાર હર્ષમાં આવી ગયો. આનંદ સાથે તેણે દૂતને શીઘ્ર અંદર બોલાવી તેનો યથેષ્ટ સ્વાગત-સત્કાર કર્યો. પછી પત્ર લઈ વાંચવા માંડ્યો અને તે ભાવવિભોર થઈ ભાવાવેશમાં આવી નાના બાળકની જેમ રડવા લાગ્યો. રાજસભામાં સન્નાટો છવાઈ ગયો. રાજાને એકાએક એવા શા સમાચાર મળ્યાં કે આમ રડવા લાગ્યા. બધા કોઈ અમંગળ, અશુંભના તર્ક-વિતર્કો કરવા લાગ્યા. મંત્રીએ કુમારના હાથમાંથી પત્ર લઈ નજર નાખતાં જણાયું કે આતો તેમના પિતાનો પત્ર છે અને પત્રને જોતાં જ રાજાની આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડ્યાં. કુમાર સ્વસ્થ થયા અને મંત્રીને પત્ર વંચાવ્યો.

'અમારા અતિ વહાલો, હૃદયના ટુકડો, આંખનું તેજ અને જીવનનું સર્વસ્વં પુત્ર ઉત્તમકુમાર....

તારી કીર્તિ, પ્રશંસા દશેદિશાઓમાં વ્યાપી રહી છે. હવામાં પણ તારા સદ્‌ગુણોની મહેંક મહેકી રહી છે. ચોમેર તારા યશોગાનની વાદળી અમી વર્ષા કરી રહી છે અને તે અમારા કાનો સુધી, રાજય સુધી આવી પહોંચી છે, બેટા, તારા જેવા પુત્રને પ્રાપ્ત કરી અમને અમારું જીવન સાર્થક થયાનો અત્યાનંદ છે. તું જ્યાં પણ હોય કે રહે ત્યાં અમારા શુભાશિષો તારી સાથે જ હોય છે.

પરંતુ બેટા, તું એક જ અમારો વહાલસોયો કુલદીપક છે. તારા સિવાય આ જગતમાં અમારું કોઈ જ નથી. આ જીંદગીના આરે, વૃદ્ધાવસ્થામાં અમારી એક જ આશા, અભિલાષા છે તને પેટભરીને નિરખવાની. તારા વિના અમારું જીવનં સાવ અધુરું છે. તારા વિના અમારા જીવનમાં અંધારું છે, શૂન્યાવકાશ છે માટે તું પત્ર મળે કે તરત જ વિના વિલંબે અમારી તરફ આવવા રવાના થઈશ. તને નિરખવા માટે હૈયુ અને

આંખો તલસી રહી છે.

એક તો વગર વાંકે તે અમને દંડ્યા છે. તું અમને કહ્યા વિના, પૂછ્યા વિના ચાલી નીકળ્યો છે. તું એટલો સદ્‌ગુણી, વિનયી, વિવેકી હતો કે નથી અમે તને કદી કટુ વચનો કહ્યા, નથી ધમકાવ્યો, નથી ગુસ્સો કર્યો છતાં તે અમારો ત્યાગ કર્યો, અત્યાર સુધી બધુ ચલાવ્યું. છે. હવે જો તું અમને જીવતાં સુખ આપવા ઇચ્છતો હોય તો જલ્દી આવીજા. તારી માતા તારા વિયોગે ઝૂરી ને તારા આવવાની ઇંતેજારીમાં દિવસો ગણે છે. આટલામાં બધુ સમજી લેજે.

તારા વિયોગે ઝૂરતા, તારા આવવાની પ્રતીક્ષામાં નયનો બિછાવીને રાહજોતા તારા વહાલા માતા-પિતા.

હવે ઉત્તમકુમારને પોતાની ભૂલનું ભાન થયું. યુવાનીમાં કરેલ નાની એવી ભૂલ પણ માતા-પિતાના જીવનને કેવું કપરું, વસમું બનાવી દે છે તે એને સમજાયું. મંત્રીને પત્ર વાંચી સંભળાવ્યો એટલે મંત્રીએ જ રાજાને વારાણસી જવા માટે પોતે બધી જવાબદારીઓ સંભાળી લઈ તેમને જવાબદારીમાંથી મુક્ત કરશે તેવો વિશ્વાસ આપીને તેમના પ્રસ્થાનની તૈયારીઓ કરવા માંડી. તેણે દૂત મારફતે સંદેશો કહેવડાવ્યો કે આપનો પત્ર મળતાં જ ઉત્તમકુમાર મોટપલ્લીથી પોતાના અંતઃપુર અને સેવકના રસાલા સાથે પ્રસ્થાન કરી તે તરફ આવી રહ્યો છે.

ઉત્તમકુમાર પોતાની ચાર રાણીઓ, ચતુરંગિણીસેના અને સૈન્ય સાથે પ્રયાણ કરી રહ્યા છે. રસ્તામાં તેમણે પહેલો પડાવ મેવાડમાં ચિત્રકૂટ પાસે નાખ્યો અને રાજા મહીસેનને પોતાના આગમનની જાણ કરી. ઉત્તમકુમાર ચિત્રકુટ તરફ આવી રહ્યા છે જાણી મહીસેન રાજા ખુશ થઈ ગયા. પોતાને ચારિત્ર ગ્રહણ કરવાનો, સંયમ માર્ગ સ્વીકારવાનો શુભાવસર આવી રહ્યો છે જાણી તેમણે જિનેશ્વરપ્રભુનો આભાર માન્યો. તેણે ખૂબ ધામધૂમ અને ઠાઠમાઠપૂર્વક કુમારનું સ્વાગત કર્યું. પૂર્વે કહેલા વચનાનુસાર રાજાએ ઉત્તમકુમારને પોતાનો રાજ્યમુકુટ ઉતારી તેમના માથે પહેરાવી

ચિત્રકૂટ નગરીનો રાજા બનાવ્યો અને ચિત્રકૂટનું રાજ્ય તેને સોંપી દીધું. રાજા મહીસેને દીક્ષા અંગીકાર કરી લીધી. સંયમ આરાધના સાથે જ્ઞાનારાધના પણ શરૂ કરી દીધી. ચિત્રકૂટ નગરનું રાજ્ય મંત્રી મંડળને સોંપી ઉત્તમકુમાર ચિત્રકૂટનગરથી નીકળી ક્રમશઃ ફરતા ગોપાચલ પ્રદેશમાં આવી પહોંચ્યા. ત્યાં વીરસેન રાજા રાજ્ય કરતા હતાં. રાજા વીરસેન શૂરવીર યોદ્ધા હતાં. ઉત્તમકુમારની ચતુરંગિણી વિશાળ સેના જોઈ વીરસેન રાજાને થયું આ રાજા કદાચ મારા પર ચઢાઈ કરશે તો ? હું પણ તેનાથી ઓછો બળિયો, ઓછો ઊતરું એમ નથી એમ સાબિત કરવા તેણે પોતાના વીરત્વને લલકાર્યું, તેનું વીરત્વ જાગ્રત થયું અને તેણે પોતે જ સામેથી યુદ્ધ ક્રીડાનો સંદેશ મોકલાવ્યો. ઉત્તમકુમાર પણ વીર હતા. વીરસેને આપેલી ચુનૌતી ઉત્તમકુમારે સ્વીકારી એટલે ગોપાચલ પર્વત રણભેરીથી ગૂંજી ઊઠ્યો. બેઉ બળિયા પરસ્પર યુદ્ધે ચડ્યાં. બન્ને વીરો વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું. અંતે રાજા વીરસેનને ઉત્તમકુમારે બંદી બનાવ્યો અને વીરસેન રાજા પરાજિત થયો. ઉત્તમકુમારનો જયજયકાર થયો.

બંદીવાન બનતાં જ રાજા વીરસેનના હૃદયમંદિરમાં પ્રકાશ પુંજ રેલાયો. તેને પોતાની આત્મદશાનું ભાન થયું. અને તેમણે સંયમમાર્ગ, ચરિત્રગ્રહણ કરવાનો મનોમન નિશ્ચય કરી લીધો.

આ તરફ ઉત્તમકુમારને પણ વિચાર આવ્યો, 'આ વીરસેન રાજા સાથે મારે કોઈ દ્વેષભાવ, વૈરવૃત્તિ કે દુશ્મનાવટ ન હતી. સહજ રીતે યુદ્ધ થઈ ગયું. આવી રીતે એનું રાજ્ય લઈ લેવું યોગ્ય ન કહેવાય. એ તો રાજ્ય છીનવી લીધું ગણાય, તો આવું પાપ કેમ થાય ? એમ વિચારી ઉત્તમકુમારે નૃપવીરસેનને મુક્ત કરી તેના રાજ્યનો અસ્વીકાર કરતાં કહ્યું,

'હે રાજન્ ! યુદ્ધમાં હાર-જીત તો થતી જ રહે છે. આ કાંઈ આપણું યુદ્ધ ન ગણાય. સહજ રીતે, કોઈપણ જાતના વેરભાવ વિના થયેલ આ યુદ્ધની જીત મને સ્વીકાર્ય નથી. આપ આપનું રાજ્ય ગ્રહણ કરી લો. મને તમારા રાજ્યની કોઈ જરૂર નથી. માટે આપ આપનું રાજ્ય સ્વીકારો એવી હું આપને વિનંતી કરું છું.

વીરસેને કહ્યું-, 'રાજન્ ! તમારી ઉદારતા, સહૃદયતાને ધન્યવાદ. એક રાજા માટે રાજ્ય જીતીને પાછું કરવું એ કપરુ કાર્ય છે. રાજ્ય, સંપત્તિ, વૈભવનો મોહ છોડવો મુશ્કેલ છે, છતાં પણ એ મુશ્કેલ કાર્ય તમે સહજ રીતે કરી મને રાજ્ય પરત કરો છો એ જ તમારી ધન્યતા, ઉદારતા દર્શાવે છે. મેં અનેક વર્ષો સુધી યુદ્ધો કરી રાજ્યનો વિકાસ અને વૃદ્ધિ જ કરી છે. અનેક યુદ્ધોમાં વિજય મેળવી મેં અનેક ભોગો ભોગવ્યા છે. આજે પરાજય થતાં મારા જીવનનું લક્ષ, ધ્યેય મને સમજાયું છે. દુન્યવી માયા, રાજ્યવૈભવ અને રાજ્યની વૃદ્ધિ માટે મેં જે અનેક યુદ્ધો કરી હિંસા કરી તેનું મને આજે ભાન થયું છે. મારો આત્મા જાગૃત થયો છે. હવે મને સમજાય છે કે મેં મારું સમસ્ત જીવન ખોટી રીતે યુદ્ધમાં ગુમાવ્યું છે. હીરા જેવો માનવભવ જે અતિ દુર્લભ મનાય છે તે મેં યુદ્ધ-લડાઈ જેવી હિંસક પ્રવૃત્તિમાં વીતાવ્યો છે. માટે હવે મેં સંયમગ્રહણ કરી ચારિત્રમાર્ગ અપનાવવાનો અફર નિર્ણય કર્યો છે તો હવે આપે જે રાજ્ય પર વિજય પ્રાપ્ત કર્યો છે તે હવે આપને જ મુબારક છે. હવે આપજ એનો સ્વીકાર કરો અને મને સંયમમાર્ગે પ્રસ્થાન કરવા માટે અંતરાય રૂપ ન બનો.'

વીરસેનની અંતરની શુભ ભાવના, આત્મા જાગૃતિને જાણીને, પિછાણીને ઉત્તમકુમારે ગોપાચલ રાજ્યનો સ્વીકાર કર્યો. પછી ત્યાં મંત્રીને રાજ્ય કારભાર સોંપી ત્યાંથી વારણસી તરફ રવાના થયાં.

= X = X =

રાજા મકરધ્વજ અને મહારાણી લક્ષ્મીવતીના આનંદને અવધિ નથી. તેઓના જીવનમાં કેટલા લાંબા સમય પછી આજે સુખનો, ખુશીનો દિવસ ઊગ્યો છે. રાણી લક્ષ્મીવતીની મમતામયી, સ્નેહાર્દ્ર આંખો ક્યારેક કુમારને તો ક્યારેક ચારે વહુઓને અનિમેષ રીતે જોતાં પણ તૃપ્ત થતી નથી. વિયોગ પછીનો સંયોગ આહ્લાદક હોય છે. જાણે પૂનમનો ચંદ્ર... મહારાણીના મુખ પર તેવું જ સૌમ્ય રૂપ, આનંદ પથરાયેલો છે. ઉત્તમકુમારના આગમનથી વારાણસીએ આજે નવીન પરિવેષ ધારણ કર્યો છે. ચોતરફ આનંદ, ખુશી, પ્રસન્નતા, કિલ્લોલનું વાતાવરણ છે. વરસો પછી ઉત્તમકુમાર, કુલદીપક પાછો ફરતાં રાજા-રાણી હર્ષિત છે તો આખું નગર, નગરજનો પણ તેટલા જ આનંદથી સ્નેહથી કુમારનું સ્વાગત, સામૈયું કરે છે. મહારાણી ચારે પુત્રવધૂઓથી ઘેરાયેલી છે. પુત્રવધૂઓના મુખેથી પોતાના પુત્રરત્નની પ્રશંસા સાંભળી જીવનની સાર્થકતાનો અનુભવ કરે છે.

રાજા મકરધ્વજ ધીર-વીર-ગંભીર છે. કુમારનું હીર, શક્તિ તેમણે પારખી લીધું છે. કુમાર પર તેમને સંપૂર્ણ શ્રદ્ધા છે, વિશ્વાસ છે કે તે વારાણસીનું રાજ્ય ગ્રહણ કરીને પ્રજાને યોગ્ય રીતે સુખ-સમૃદ્ધિ-શાંતિ આપશે. પોતાની પ્રજાને પિતા કરતાં સવિશેષપણે સવાઈ કરીને સાચવશે. મોટપલ્લી નગરનો રાજવહીવટ કુમાર ઉત્તમ રીતે સંભાળે છે. આથી રાજા ઉત્તમકુમારની સર્વશક્તિઓથી વાકેફ છે આથી રાજાએ ઉત્તમકુમારનો રાજ્યાભિષેક કરી કુમારને સિંહાસનારુઢ કર્યો અને વારાણસી નગરની બાગડોર ઉત્તમકુમારના હાથમાં સોંપી રાજા નચિંત, નિશ્ચિંત બની ગયા. મહારાણી લક્ષ્મીવતીને સંસારની અસારતા, માનવદેહની નશ્વરતા અને સંયમમાર્ગની સાધના સમજાવી રાણીને પણ સંયમમાર્ગ પ્રત્યે અભિમુખ કર્યા. યોગ્ય સમયે યોગ્ય સાધના-જિનવર ભક્તિ કરી જીવનને સાર્થક કરવાનું હોય છે જાણી રાજાએ રાણી સહિત સંયમ માર્ગ સ્વીકાર્યો અને વન તરફ પ્રસ્થાન કર્યું. કઠોર તપશ્ચર્યા અને જ્ઞાનારાધના દ્વારા સ્વાધ્યાય, ભક્તિ કરી પોતાના કર્મ-પંકને નષ્ટ કરી આત્મસાધના પંથે વૃદ્ધિ કરતાં જ રહ્યા.

હવે ઉત્તમોત્તમ, પુરુષોત્તમ નૃપ ઉત્તમકુમાર પાંચ વિશાળ રાજ્યના

સ્વામી છે. (૧) મેવાડરાજ્ય (૨) મોટપલ્લી (૩) ગોપાચલ (૪) લંકા (૫) વારાણસી. પાંચ વિશાળ રાજ્યનો સ્વામી હોવા છતાં કુમારની ધર્મવૃત્તિમાં વૃદ્ધિ થતી જ રહે છે. તેના પરિણામ રૂપે તેમનો રાજ્યવહીવટ સર્વત્ર સુંદર રીતે ચાલે છે. દરેક રાજ્યોની પ્રજા ખૂબ સુખી સમૃદ્ધ છે. ત્યાં દીન-દુઃખી હવે કોઈ નથી. ઉત્તમકુમાર નૃપે ઠેર ઠેર દાનશાળાઓ, ભોજન શાળાઓ, ધર્મશાળાઓ, ઔષધશાળાઓ, આયંબિલ શાળાઓ, વિદ્યાકેન્દ્રો, ચિકિત્સાલયો અને પુસ્તકાલયો સ્થાપિત કરી યોગ્ય રીતે વિકાસ સાંધ્યો છે. પ્રજામાં ભ્રાતૃત્વ, ઐક્યત્વ, સંપ-સહકારની ભાવના વિકસેલી છે. બધી જગ્યાએ રામરાજ્યનો અહેસાસ થતો જણાય છે. ઉત્તમકુમાર નૃપનું રાજ્ય કલ્યાણ રાજ્ય તરીકે ઓળખાય છે. દરેક રાજ્યની પ્રજા તેમના ભૂતપૂર્વ રાજાને ભૂલીને ઉત્તમકુમારના ગુણો, સદ્‌ગુણોને નવાજે છે, લાખ લાખ વંદન કરે છે.

કુમાર વિચારે છે- આ બધું તો કર્મનું કૌતૂક. પૂર્વે કરેલાં પુણ્ય કર્માનુસાર આજે આ ઉત્તમ ફળ મળ્યું છે. હવે પણ એવા ઉત્તમ કાર્યો કરીએ કે જેથી આ ભવ અને પરભવ બંન્ને સુધરે. ઉત્તમકુમારનૃપની ચારે રાણીઓ કુમારને બધી રીતે અનુકૂળ રહી તેમના ધાર્મિક કાર્ય, અનુષ્ઠાનમાં પણ મદદરૂપ થઈ રહે છે. બધા સાથે મળી શુભ કર્મો તરફ પ્રવૃત્ત થાય છે.

ઉત્તમકુમાર નૃપ હજી વારાણસી નગરીમાં જ છે. તેમના મંત્રીઓ, સૈનિકો દરેક રાજ્યમાં જઈ યોગ્ય વહીવટ સંભાળે છે. બધા રાજ્યોનું સુકાન ઉત્તમકુમારના હાથમાં છે. તેમના માર્ગદર્શન, સલાહ સૂચનાનુસાર પાંચે રાજ્યોમાં સર્વત્ર સુખ-સમૃદ્ધિનું સામ્રાજ્ય સ્થપાયેલું છે.

ઉત્તમકુમાર અને ચાર રાણીઓ ધર્મનિષ્ઠ છે. ધર્મક્રિયામાં સમય જાય છે. ઉત્તમકુમાર વિચારે છે. ‘આ દુર્લભ એવો માનવ જન્મ પ્રાપ્ત થયો. ઉચ્ચ રાજવીકુળમાં મહારાજા મકરધ્વજના પુત્ર રૂપે ઉત્પન્ન થયો. અત્યારે પણ રિદ્ધિ-સમૃદ્ધિ ભરપૂર છે. વચ્ચેના સમયમાં અનેક સુખો જોયાં, સમૃદ્ધિ પ્રાપ્ત કરી. ચાર ઉત્તમોત્તમ સ્ત્રીરત્નો સાથે વિવાહ થયા, તેની સાથોસાથ અનેક દુઃખો સહન કર્યા, યાતનાઓ ભોગવી, મગરમચ્છના પેટમાં રહ્યો.

બદબૂથી બદબદતા માછીમારોની વસ્તીમાં રહ્યો, અનંગસેનાના સંગે તોતામાં પરિવર્તન થયું, પાંજરામાં પૂરાયો... વગેરે આ બધું કર્મોદયનું ફળ છે. માણસ ખરાબ નથી હોતાં, સંજોગો ખરાબ-વિપરીત હોય છે અને તે વિપરીત સંજોગો કર્મોને આધીન હોય છે. પૂર્વે મેં એવા તે કેવા કર્મો કર્યાં હશે કે આ સુખ-દુઃખ, ચડતી-પડતીના દિવસો આવ્યા. જો કોઈ કેવળી ભગવંતના દર્શન થાય તો જ આ મારા પ્રશ્નોનો ઉકેલ આવે... આમ વિચારતો પોતાની સમજપૂર્વક ધર્મ-ધ્યાનમાં મન સ્થિર કરે છે.

નૃપ ઉત્તમકુમાર અને વારાણસી નગરીના પ્રજાજનોના નસીબ ખૂલી ગયા છે. ચોતરફ પવિત્રતા, નિર્મળતાનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું છે. મંદ-મંદ વાતા પવનમાંથી કેવલી ભગવંતના પવિત્રાત્માની મધુર સુરભિ આવી રહી છે. ધર્માત્માના પ્રભાવથી કલેશ-કંકાસ-અશાંતિનું વાતાવરણ અદશ્ય થાય છે. અને વાતાવરણમાં શીતળતા, મહેંક અને શાલીનતા વ્યાપે છે. વીરલ આત્માઓ અનુભૂતિ કરી શકે છે. નૃપ ઉત્તમકુમાર વિચારે છે. આજનું પ્રભાત સુપ્રભાત છે, આહ્લાદક છે. વાતાવરણમાં નિર્મળતા, પવિત્રતા અને શુદ્ધતા જણાય છે... કારણ તે પોતાનું મન તપાસે છે... વિચાર કરતાં પ્રાતઃકાર્ય પૂર્ણ કરી રાજસભામાં જવાની તૈયારી કરતા હોય છે ત્યાં જ ઉદ્યાનરક્ષક આવી રાજાને સમાચાર આપે છે, 'અન્નદાતા ! આજે આપણા રાજોદ્યાનમાં એક કેવલી ભગવંત બિરાજમાન થયાં છે.' નૃપ ઉત્તમકુમાર ઉદ્યાનરક્ષકના આવા શુભ સંવાદથી અતિ પ્રસન્ન થઈ ગયો અને તરતજ ગળામાંથી અમુલખ રત્નહાર કાઢી તેને વધામણાની બક્ષિસ રૂપે આપ્યો. ઉત્તમકુમારે શીઘ્ર અંતઃપુરમાં જઈ ચાર રાણીઓને કેવળી ભગવંત બિરાજમાન થયાની વધામણી આપી તેમના પુનિત દર્શનાર્થે નીકળવા કહ્યું. પછી રાજા ઉત્તમકુમાર, ચારરાણીઓ તથા મંત્રીઓ અને સભાસદોના શાહી કાફલા સાથે કેવળી ભગવંતના સમવસરણમાં પહોંચ્યા. ત્યાં કેવળી ભગવંતને યથાવિધિ વંદના કરી યથાસ્થાને સહુ બેસી ગયા. સમવસરણમાં ચાર પ્રકારની પરિષદ બેઠી છે. પરસ્પર વેર, વૈમનસ્ય અને દ્વેષ ભાવને સ્થાને પ્રેમ, શાંતિ અને ભ્રાતૃભાવ પ્રવર્તે છે. પ્રજાજનોની ભીડ હોવા છતાં નીરવ, શાંત

વાતાવરણ છે ત્યારે કેવળી ભગવંત ભવ્ય જીવોને પ્રતિબોધ આપતાં ફરમાવે છે.

'ભવ્યજીવો ! જીવનમાં વિનયનું સ્થાન મહત્ત્વનું છે. સર્વ ગુણોનું મૂળ વિનય છે.

**विणओ सव्व गुणाणं मूलं, सन्नाणदंसणाइण्णं ।**
**मोक्खस्स य ते मूलं, तेण विणीओ इह पसत्थो ॥**

સમ્યક્દર્શનાદિ સર્વગુણોનું મૂળ વિનય છે. મોક્ષનું મૂળ પણ વિનય છે. એટલા માટે વિનીત આત્મા પ્રશસ્ત છે.

સઘળા ગુણો વિનયને આધીન છે. **विणओ जिणसासणे मूलम्** અર્થાત્ વિનય એ જિનશાસનનું મૂળ છે. પોતાના આત્માને વિનયમાં સ્થાપિત કરવો જોઈએ. જો માનવીમાં વિનય હશે તો બાકીના બધા ગુણોનું આગમન અને સંવર્ધન નિશ્ચિત છે. જો વિનય નથી તો રહ્યાસહ્યા ગુણો પણ આપોઆપ ચાલી જશે. મૂળથી છૂટું પડેલું વૃક્ષ જેમ સર્વનાશ તરફ જતું હોય છે તેમ વિનય રહિત આત્મા પણ સર્વનાશ તરફ ધકેલાતો જાય છે. વિનય અનેક પ્રકારના આચરણ રૂપ છે અને નમ્રતા તેનો એક અંશ છે.

જે પૂજ્યસ્થાને છે તેમના પ્રત્યે બહુમાન, ભક્તિ, પ્રશંસા, એમના ગુણોની સ્તુતિ, એમના અવગુણો ઢાંકવા. આશાતના ન થાય તેની ચીવટ- એવું આચરણ એ પૂજ્યો પ્રત્યેના આપણા વિનયનું દ્યોતક છે.

જેઓ સમાન છે તેમની સાથે ઉચિત વાર્તાલાપ, સ્થિરીકરણ કેળવવું, તેમના પ્રત્યે અનાદર, અસભ્યતા, ઈર્ષ્યા વગેરેનો ત્યાગ, અને યોગ્ય સમયે તેમને આવકાર, આદર, સન્માન અને પ્રોત્સાહન એ જ સમાન પ્રત્યેનો વિનય.

નાનાઓ પ્રત્યે રહેમનજર, ઉદારતા, સહિષ્ણુતા કેળવવી. તેમના હરેક કાર્યમાં રસ લઈ તેને પુરા કરવા પ્રયત્નશીલ થવું, તેમની નિંદા કે તિરસ્કાર ન કરવો, તેમના અવગુણ ઢાંકવા. તેમના પ્રત્યે હુંફાળું, પ્રેમાળ વર્તન એ પણ વિનય છે.

સાધનાના માર્ગે આપણે વીતરાગના શિખરે પહોંચવાનું છે. અને ત્યાં પહોંચવા માટેનું એક તત્ત્વ તે વિનય. વિનયને જીવનમાં આત્મસાત્ કરવાથી વિદ્યા આવશે. વિદ્યાને પચાવવાથી વિવેક આવશે. વિવેકશીલ માનવીના અંતરમાંથી કષાયો, અહમ્ ધીમે ધીમે નાશ થશે અને ક્રમશઃ ત્યાં વૈરાગ્ય પ્રગટશે. વૈરાગ્ય પ્રગટવાથી અનાસક્તિભાવ ઉત્પન્ન થતાં સાધનાના માર્ગે આગળને આગળ વધાશે, પછી વીતરાગતા પ્રગટ થયા વિના રહેશે નહીં. નમ્રતાને આત્મસાત્ કરવાથી સાચા અર્થમાં પ્રસન્નતા અનુભવી શકાય છે.

જે જીવો અન્યજીવો પ્રત્યે ઉદ્ધતાઈ ભરેલો વ્યવહાર કરે છે તે ભવસાગરના ફેરા ફર્યા જ કરે છે. તેનાથી ચિત્ત તનાવગ્રસ્ત, અપ્રસન્ન અને ચીડિયું બને છે. સ્વભાવમાં મૃદુતાને સ્થાને કઠોરતા, વ્યવહારમાં વિનય-નમ્રતાને સ્થાને અહંકાર, મદ આવે છે. તેને પરલોકમાં દુર્ગતિ જ મળે છે.

આ દુર્ગતિમાંથી ઉગારે છે ધર્મ. બધા સુખોનું મૂળ છે ધર્મ. ધર્માચરણથી બધા જ સુખો પ્રાપ્ત થાય છે. આથી માનવજીવનમાં ધર્મને સર્વસ્વ સમજી સર્વ રીતે જીવનમાં અભિપ્રેત કરી માનવજીવનને ધર્મમયી બનાવવું જોઈએ. અધર્મથી માનવ નારકી કે તિર્યંચગતિ પ્રાપ્ત કરે છે, દુઃખ પ્રાપ્ત કરે છે આથી દરેક પ્રાણીએ અધર્મનો ત્યાગ કરી ધર્મ પ્રત્યે પ્રેમ-આસક્તિ વધારી જીવન ધર્મમય કરવું જોઈએ. પ્રાણીજીવનનું રક્ષણ માત્ર ધર્મ જ કરી શકે છે. ધર્મ દ્વારા જીવન પ્રાપ્ત કરી શકાય છે. જીવનને સુખી કે દુઃખી ધર્માચરણ દ્વારા કરી શકાય છે. જિનભાસિત ધર્મ એ જ પ્રાણીઓનું સાચું શરણું છે. માનવી જ્યારે દુઃખી કે વિષમ પરિસ્થિતિ પ્રાપ્ત કરે ત્યારે તેણે પોતાનું મન ઉપશમમાં સ્થિર-સ્થિત કરી વિચારવું જોઈએ કે હું જે અવસ્થા ભોગવી રહ્યો છું તે મારા પૂર્વભવના પાપ-પુણ્યનું ફળ છે. કર્મનું ફળ તે પ્રાણીએ ભોગવવું પડે છે. કર્મબંધમાંથી ઉગરવા માટે જિનભક્તિ, જિનભાષિત ધર્મ એ જ શ્રેષ્ઠ છે. ધર્મ જ મનુષ્યને તારે છે. શુભ કે અશુભ કર્મ બંધ માનવીને ભોગવવા જ પડે છે. શુભકર્મ તરફ પ્રવૃત થવાથી શુભકર્મ ફળ ઉપાર્જિત થાય છે.

શુભાત્માઓ ! કર્મબંધ શુભ કે અશુભ હોય પણ તે ભોગવ્યે જ છુટકો છે. સાંસારિક સંબંધો માતા-પિતા, ભાઈ-બેન, પતિ-પત્ની વગેરે જે સંબંધો છે તે કર્મભોગ ભોગવવાને માટે છે. સર્વ શ્રેષ્ઠ તો એ જ છે કે કર્મબંધ બાંધવામાં ન આવે, કર્મની નિર્જરા થતી રહે તો જ આ ભવચક્રમાંથી મુક્તિ મેળવી વીતરાગ પદ પામી શકાય છે. દરેક આત્મામાં વીતરાગ, પરમાત્મા પદ પ્રાપ્તિનું સૌભાગ્ય છે જ પરંતુ તે સૌભાગ્ય પ્રાપ્ત કરતાં આવડવું જોઈએ. તે માટે કર્મની નિર્જરા કરવી જોઈએ. જો દરેક પ્રાણી પોતાની જાતને સમજી લે, જાણી લે, ઓળખી લે તો ભવચક્રના ફેરામાંથી મુક્તિ પામી શકે.

કેવળી ભગવંતોની અમૃતવાણી સાંભળતાં બધા જ શ્રોતાઓ ભાવવિભોર થઈ ગયા. દરેક પ્રાણી પોતાની જાતને ચકાસવા, તપાસવા લાગ્યાં. દરેકના મનમાં વૈરાગ્યની લહેરો હિલોળા લેવા માંડી. નૃપ ઉત્તમકુમારના હૃદયમાં પણ કર્મબંધ, કર્મોનું ફળ વગેરે શબ્દોથી જિજ્ઞાસા જાગૃત થઈ હતી. તેણે કેવળી ભગવંતને પોતાનો પૂર્વભવ પુછ્યો અને ક્યા કર્મોના બંધ દ્વારા તેણે આટલો વૈભવ-સંપત્તિ-રાજ્ય પ્રાપ્ત કર્યા અને ક્યા કર્મો દ્વારા તેણે અનેક આપત્તિઓ સહી તે વિષયક પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી.

કેવળી ભગવંતે નૃપ ઉત્તમકુમારની જિજ્ઞાસાને સંતુષ્ટ કરવા માટે એક કથાનક કહ્યું-

ભવ્ય પ્રાણીઓ ! કર્મભોગ ભોગવ્યા સિવાય પ્રાણીની મુક્તિ થતી નથી. કર્મનું ફળ અચૂક રીતે પ્રાણીએ ભોગવવું જ પડે છે. કેવળી મુનિ કહે છે કે વ્રજપ્રહારથી રક્ષણ પ્રાપ્ત કરવું શક્ય છે, પરંતુ પૂર્વકર્મથી રક્ષણ અશક્ય છે. ઘૂઘવાટા કરતો, ભયંકર ભાસતો સમુદ્ર તરી શકાય પરંતુ પૂર્વભવના કર્મોથી બચી શકાતું નથી. વીરપુરુષો પોતાની શક્તિથી યુદ્ધના મેદાનમાં ત્રણે ભુવન જીતી શકે છે પરંતુ એ જ વીરપુરુષ પોતાના પૂર્વકર્મ ભોગવ્યા વિના જગ જીતી શકતો નથી, મુક્તિ મેળવી શકતો નથી. કર્મફળની નિર્જરા કરવી જ પડે છે.

હવે આ પૂર્વભવના કર્મબંધ સમજવા, જાણવા માટે એક જ વ્યક્તિના બે જન્મની કથા દ્વારા જાણી શકાય છે.

હિમાલયની તળેટીમાં સુદત્ત નામે એક સુંદર ગામ હતું. ત્યાં એક સમૃદ્ધ, વૈભવશાળી વેપારી ધનદત્ત નામે સદ્‌ગૃહસ્થ રહેતો હતો. તેને ચાર પત્નીઓ હતી. તે નીતિવાન ન્યાયી અને ધર્મનિષ્ઠ હતો. પોતાનો વેપાર-કારોબાર હોવાથી અને ચાર ગુણીયલ, સદ્‌ગુણી પત્નીઓ સાથે તે સુખી હતો. સમય જતાં કોઈ એકવાર તેને વેપારમાં મોટી ખોટ ગઈ. ક્રમશઃ તેનો વૈભવ-ધન નષ્ટ થવા લાગ્યું અને તે કંગાલ, દરિદ્ર થતો ગયો.

કોઈએકવાર ધનદત્ત પોતાના જુના-ફાટેલાં કપડાં પહેરી બાજુના ગામમાં કોઈ કામ અર્થે જઈ રહ્યો હતો. ઠંડીના દિવસો હતાં. પોતાની પાસે પૂરતા કપડાં ન હોવાને કારણે તે ઠંડી અનુભવી રહ્યો હતો. ત્યાં આગળ જતાં તેની નજર જંગલના એક ખૂણે વૃક્ષ નીચે કાર્યોત્સર્ગ અવસ્થામાં સ્થિર ચાર મુનિઓ પર પડી. મુનિઓને વંદન કરવા નજીક ગયો તો મુનિ નિર્વસ્ત્રાવસ્થામાં હતાં. તરત જ ધનદત્તે વિચાર્યું, 'મારે શરીરે આટલા કપડાં હોવા છતાં પણ હું ઠંડીનો અનુભવ કરું છું, રાત્રે ઘરમાં પથારી પાથરી એના પર સૂઈ રહું છું, કાંબળો ઓઢું છું. જ્યારે આ મુનિઓ આ જ નિર્વસ્ત્રાવસ્થામાં આખી રાત્રિ વૃક્ષ નીચે ધ્યાનાવસ્થામાં સ્થિર ઊભા રહે છે તો આ કડકડતી ઠંડીમાં તેમની શું સ્થિતિ થતી હશે ? આ વિચાર આવતાં જ પોતે ધ્રૂજી ઊઠ્યો. કરુણારસિક તેણે શ્રદ્ધાપૂર્વક પોતાના કપડાં મુનિઓના શરીરે વીંટાળી દીધા અને તે આગળ ચાલી નીકળ્યો.

આ મહાપુણ્ય, દાન પ્રભાવને કારણે તે ધનદત્તનો જન્મ વારાણસીના રાજા મકરધ્વજને ત્યાં પુત્ર ઉત્તમકુમાર રૂપે થયો. આ કાશીનરેશ ઉત્તમકુમાર પૂર્વભવનો ધનદત્ત છે. પૂર્વભવમાં કરુણાપૂર્વકના વસ્ત્રદાનને કારણે તેને આવડા મોટાં પાંચ રાજ્યો, પાંચ દિવ્યરત્નો અને વિપુલ ધન સામગ્રી, વિશાળ વૈભવ પ્રાપ્ત થયો છે.

કાશીપતિ ઉત્તમકુમાર ! પૂર્વ ધનદત્તના ભવમાં મુનિઓના વેશ જોઈ તારા મનમાં ઘૃણા, તિરસ્કાર ભાવ ઉત્પન્ન થયો. ક્યાં સંસારીનું નિયમિત

સ્નાનથી સ્વચ્છ થયેલ નિર્મળ, શુદ્ધ શરીર અને ક્યાં આ મુનિઓનું પરસેવાગ્રસ્ત, મલીન, બદબૂભર્યું શરીર... બસ આ ઘૃણા અને તિરસ્કાર ભાવથી આ ભવમાં મગરમચ્છના પેટમાં પુરાવું પડ્યું અને કેટલાક દિવસો સુધી માછીમારની બદબૂભરી વસ્તીમાં રહેવું પડ્યું. ધનદત્ત પૂર્વેના હજાર જન્મ પૂર્વે કોઈ એક પોપટને પિંજરમાં કેદ કરી હર્ષ અનુભવ્યો, ખુશી થઈ. જેને લીધે આ ભવમાં તારે અનંગસેનાને ઘરે પોપટ બની પાંજરામાં પૂરાવું પડ્યું. કેવલી ભગવંતે અનંગસેનાને સંબોધી કહ્યું, 'અનંગસેના ! પૂર્વભવમાં તું ધનદત્તની પત્ની, કુલીન, સંસ્કાર સ્ત્રી હતી. અનેક સદ્‌ગુણો સાથે જાત અને કુળનું અભિમાન હતું. કોઈ એકવાર તારી સખી કે જે તારાથી નિમ્ન પ્રકારની હતી તે સોળ શણગાર સજી, બની-ઠનીને તારી સમક્ષ આવી ત્યારે તે મજાક ટીખળ કરતાં કહ્યું, 'આવો, આવો વેશ્યાજી આવો ! અરે તેં આ કેવો વેશ્યા જેવો શણગાર કર્યો છે. વેશ્યા લાગે છે વેશ્યા'.... બસ મજાક મસ્તીમાં બોલાયેલા આટલા શબ્દો માત્રથી તારે આ જન્મે વેશ્યા થવું પડ્યું. હસી-મજાકમાં પણ અન્ય પ્રાણીને માઠું લાગ્યું હોય, તેનું દિલ દુભાયું હોય કે લાગણીઓ છેદાઈ હોય તો તે પણ એક પ્રકારની જીવહિંસા છે જ અને તેનું કેવું વિકટ ફળ ભોગવવું પડે છે એ તો આવા ઉદાહરણ માત્રથી સમજી શકાય તેમ છે.

પૂર્વભવકથન સાંભળી નૃપઉત્તમકુમાર તથા તેની ચારે રાણીઓના હૃદયમાં સંસાર પ્રત્યે વિરક્તિ ઉત્પન્ન થઈ, વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો. હૃદયમાં વૈરાગ્ય ભાવથી સંસારસુખ મૃગતૃષ્ણા સમ જણાયું. પાંચે જણાએ કેવળી ભગવંત સમક્ષ પ્રવજ્યા અંગીકાર કરવાનો નિર્ણય લીધો અને ટુંક સમયમાંજ પ્રવજ્યા અંગીકાર કરી.

પાંચ સામિતિ, ત્રણ ગુપ્તિનું પાલન કરી, ઇંદ્રિયોને જીતી, પરિષહ-કષાયને જીતી તેઓ તપનું આચરણ કરવા લાગ્યા. છઠ્ઠ, અઠ્ઠમ, નવ, દશમ, દ્વાદશ, માસિક, અર્ધમાસિક ઉપવાસો કરી તેમણે જેમ શરીરને ક્ષીણ કર્યું હતું તેમ રાગ-દ્વેષ કષાયનો શોષી ક્ષીણ કરી કર્મોને પણ ક્ષીણ કર્યા. લાંબા સમય સુધી ચારિત્રધર્મનું નિર્મળ રીતે પાલન કરી તે પાંચે ભવ્યજીવો મોક્ષે ગયા. ત્યાંથી ચ્યવી તે ભવ્યાત્માઓ કાલાન્તરે મોક્ષ પામશે.

## શ્રી પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળા ટ્રસ્ટ

### પી. એન. દોશી વીમેન્સ કોલેજ ઓફ આર્ટ્સ સંચાલિત

### સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર

સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની શ્રુતપ્રભાવના વિશિષ્ટ હતી શાસ્ત્રગ્રંથોનું પરિશિલન, તાડપત્રીયગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મ યોગિની પૂ. લલિતાબાઈ મ. સા. ના વિદ્વાન શિષ્યા પૂ. ડો. તરૂલતાજીની પ્રેરણાથી ''સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણગુરુ જન્મ શતાબ્દી સમિતિ'' મુંબઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજયશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે સંસ્થાએ ''સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર'' ની સ્થાપના કરી છે. સેંટરના ઉદ્દેશ આ પ્રમાણે છે.

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મના સાહિત્યનું પ્રકાશન કરવું.
- જૈનધર્મના તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજુઆત કરવી
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈન સાહિત્યના અધ્યયન અને સંશોધનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) આપવી.
- વિદ્વાનો અને સંતોના પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારના વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું. સંસ્કારલક્ષી, સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાંચન (Paper Reading) લીપી વાંચન અને પ્રાચીન જૈન ગ્રંથો (Old Jain Manuscript) નું વાંચન.
- જૈન ધર્મપર સંશોધન M.A., Ph.D, M.Phil કરનારા જીજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ, સુવિધા અને માર્ગદર્શન પૂરા પાડવા અને સંશોધિત સાહિત્યનું પ્રકાશન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વિગેરેની સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ-વિદેશમાં જૈનધર્મ પર પરિસંવાદ, પ્રવચન-આયોજન, ઈન્ટનેટ પર 'વેબસાઇટ' દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્ર આયોજન કરવું.

આપના સહયોગની અપેક્ષા સાથે. સંવર્ધન થાય તેવી શિબિર અને અ

ટ્રષ્ટી : માનદ્ સંયો સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્ર

નવનીતભાઈ શેઠ ગુણવંત બ Reading) લીપી વાંચન અને પ્રા

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફીલોસોફિકલ એન્ડ લી.

S. P. R.J. કન્યાશાળા ટ્રષ્ટ, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુM.Phil કરનાર